# યુગશક્તિ ગાયત્રી

**જાન્યુઆરી ૧૯૯૮**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | યુગ ઋષિની સ્પષ્ટ ચેતવણી | ૧ |
| ૨. | રાષ્ટ્ર ચિંતન : સમાજનિર્માણ માટે નેતા નહિ સર્જનશીલો જોઈએ | ૨ |
| ૩. | દહેજ લેવું નહિ, દહેજ આપવું નહિના સમર્થક બનો | ૬ |
| ૪. | સ્વાસ્થ્ય-સંવર્ધન આંદોલન : આહારકડી અને પર્યાવરણ સંરક્ષણ | ૧૦ |
| ૫. | સત્પ્રવૃત્તિ-સંવર્ધન આંદોલન ઉપાસના સફળ કેમ થતી નથી ? | ૧૩ |
| ૬. | યોગ-જીવન જીવવાની કળા | ૧૭ |
| ૭. | સ્વાધ્યાય : એક જાગૃત દેવતા | ૨૧ |
| ૮. | પૃથ્વીલોકની કામધેનુ છે-ગાયત્રી | ૨૪ |
| ૯. | ઉપાસનામાં તન્મયતાનું મહત્ત્વ | ૨૭ |
| ૧૦. | પવનપુત્ર હનુમાનનો આદર્શ અપનાવીએ | 30 |
| ૧૧. | પ્રતીકોના માધ્યમ દ્વારા લોકશિક્ષણ પ્રક્રિયા | 33 |
| ૧૨. | પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી : ગાયત્રી પરિવારની સ્થાપનાનો મૂળભૂત આધાર | 3૬ |
| ૧૩. | આત્મીય અનુરોધ | ૪૭ |


◉ *'યુગ શક્તિ ગાયત્રી' પત્રિકા કાર્યાલયથી ૧ તારીખ સુદીમાં રવાના થાય છે. પોસ્ટ વિભાગના નિયમ પ્રમાણે ૭ દિવસ સુધી પત્રિકા ડિસ્પેચ થાય છે. જેથી પત્રિકા તમને ૨૪ તારીખ સુદીમાં ન મળે તો ગ્રાહક નંબર-ખાતા નંબર લખી અમને જાણ કરશો.*

◉ *આપનું લવાજમ મોકલ્યાના ૨૪ દિવસ સુધી અંક ન મળે ત્યારે લવાજમ મોકલ્યાની સંપૂર્ણ વિગત સાથે પત્ર લખવો.*

◉ *વાર્ષિક ગ્રાહક, આજીવન ગ્રાહકના નંબર આપને મળતા અંકમાં તમારા નામ આગળ લખવામાં આવે છે. માટે તમારો નંબર અવશ્ય નોંધ કરી રાખો.*

◉ *'યુગ શક્તિ ગાયત્રી' પત્રિકા પેકેટ દ્વારા બેથી વધુ મળતી હોય તેમનો ખાતા નંબર હોય છે. ખાતા નંબર પેકેટ ઉપર લખવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે આ ખાતા નંબર લખવો અનિવાર્ય છે.*

◉ *તમારું લવાજમ નજીકની શાખા શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠમાં જમા કરાવો ત્યારે પણ તમારો ખાતા નંબર ત્યાં જરૂર નોંધ કરાવો.*

◉ *પત્રિકાનું લવાજમ મોકલો તેમાં બહાર ગામના ગ્રાહકો હોય તો તેની યાદી સારા કાગળમાં, સારા અક્ષરમાં બે કોપીમાં મોકલશો. જેથી બીજી કોપીમાં ગ્રાહક નંબર અને પત્રિકા કયા મહીનાથી કયા મહીના સુધી જશે તે લખી આપને પરત કરવામાં આવશે.*

◉ *મનીઆર્ડરથી લવાજમ મોકલો ત્યારે સંદેશ કુપનમાં તમારુ સરનામું ગ્રાહક નંબર-ખાતા નંબર તથા વિગત અવશ્ય લખવી.*

◉ *અખંડ જ્યોતિ હિન્દી પત્રિકા તેમજ વાંગમય સાહિત્ય માટે અખંડ જ્યોતિ સંસ્થાન ઘીયા મંડી, મથુરા-૨૮૧૦૦3 ના સરનામે સંપર્ક કરશો ત્યાંનો પત્રાચાર હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં જ કરશો.*




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી


: સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા

પં. શ્રીરામ શર્મા આચાર્ય

અને

માતા ભગવતી દેવી શર્મા

સંપાદક :

પં. લીલાપત શર્મા

: કાર્યાલય :

ગાયત્રી તપોભૂમિ

મથુરા-૨૮૧ ૦૦૩

: ટેલિફોન :

(૦૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ/ ૧૫૦ ડૉલર/ ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૮ અંક - ૧

જાન્યુઆરી - ૧૯૯૮


## યુગ ઋષિની સ્પષ્ટ ચેતવણી

અમે સમયના પોકાર વિશે વારંવાર કહેતા આવ્યા છીએ અને આ સમયના પોકારને સમયસર સાંભળી લેવામાં જ હિત સમાયેલું છે. ન સાંભળો તો વધુ તો શું કહીએ પણ માત્ર ચેતવણી આપીએ છીએ કે આવનારા દિવસોમાં જ મહાકાલ પ્રતિભાઓને વ્યક્તિગત સ્વાર્થ સાધનોમાં રહેવા નહીં દે, કોઈપણ વ્યક્તિ ધનનો મનફાવે તેવો ઉપયોગ કરી શકશે નહી; કોઈની બુદ્ધિ વ્યક્તિગત તૃષ્ણાની પૂર્તિમાં પ્રયોજાશે નહીં, કોઈની શક્તિ વાસનાતૃપ્તિમાં પ્રયોજી શકાશે નહીં.

નોંધવાવાળા નોંધી લે કે અમે સ્વેચ્છાથી સજ્જનતાથી તમારી પાસે અનુદાનરૂપે માગી રહ્યા છીએ, જો એ આપવામાં નહીં આવે તો દૈવી સંપદાઓને મહાકાલ લાત મારીને કઢાવી લેશે અને ત્યારે નિસાસા નાખતા રહેવું પડશે. આજે આ કામ ત્યાગ, ઉદારતા, આત્મસંતોષ અને ઐતિહાસિક યશ સાથે કરવાનો અવસર છે.

આવનારાં વર્ષોમાં કોઈ પણ વ્યક્તિ અમીર નહીં રહે. પૈસો વહેંચાઈ જશે. સંપત્તિ પર સમાજનું નિયંત્રણ રહેશે અને લોકો માત્ર પોતાના નિર્વાહ જેટલું કમાઈ શકશે.

હાલમાં મહાકાલ પ્રતિભાવાનોને યુગ-નેતૃત્વ કરવા માટે પોકારી રહ્યો છે. સુયોગ સૌભાગ્યનો અનુપમ અવસર સામે છે. વાસના, તૃષ્ણા તેમ જ અહંકારને ભેદીને જે યોદ્ધા, જે સૃજન સૈનિકો આગળ વધશે તેઓ દિવ્ય અનુદાનોના ભાગીદાર બનશે. જે આ કુચક્રને વળગી રહેશે એ અનેકગણું નુકસાન વેઠશે. મહાકાલ એ કુચક્રોને ભીષણ પ્રહાર વડે તોડશે ત્યારે એમને વળગી રહેનારાની શું હાલત થશે એની તો કલ્પના પણ કરવી અઘરી છે.

જે લોકો વિવેકપૂર્ણ વાતને સ્વીકારશે તેઓ ભીષણ પશ્ચાત્તાપની પીડાથી બચશે અને અનુપમ સૌભાગ્ય યશના ભાગીદાર બનશે.

– શ્રીરામ શર્મા આચાર્ય




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## રાષ્ટ્ર ચિંતન

# સમાજનિર્માણ માટે નેતા નહિ સર્જનશીલો જોઈએ

નેતા એટલે સમાજનું નેતૃત્વ કરનાર માર્ગદર્શક. એવો માર્ગદર્શક જે સમાજની અગણિત સમસ્યાઓને યથાર્થ રીતે સમજી શકતો હોય, સમજવા ઉપરાંત સંભવિત ઉકેલ લાવવાની ક્ષમતા ધરાવતો હોય અને જ્ઞાન તેમજ ક્ષમતા ઉપરાંત અભિષ્ટ સ્તરનું વ્યક્તિત્વ પણ અનિવાર્યપણે ધરાવતો હોય. નેતૃત્વ કરવા માટે કોઈ પણ વ્યક્તિમાં આ ત્રણે વિશેષતાઓ હોવી અનિવાર્ય છે. જે આ વિશેષતાઓ ધરાવે છે એ જ સમાજ તેમ જ દેશને સાચું દિશાસૂચન કરી શકે છે. જે દેશમાં આવા નેતાઓનું બાહુલ્ય હશે એ દેશ સતત આગ વધશે, પ્રગતિ કરશે. જ્યાં પણ એમનો અભાવ હશે, ત્યાં સમાજ અનેક સમસ્યાઓથી ઘેરાયેલો રહેશે અને પછાતપણાથી ઘેરાયેલો રહેશે.

પ્રાચીનકાળમાં પુરોહિતવર્ગ શાસન પર કડક અંકુશ ધરાવતો હતો. પરિણામસ્વરૂપે બધા જ ક્રિયાકલાપો યોગ્ય રીતે ચાલતા હતા. ચાણક્યની નીતિનિપુણતા પ્રખ્યાત છે. શાસનવ્યવસ્થામાં પરોક્ષ નિયંત્રણ તો એનું જ રહેતું. સમર્થ ગુરુ રામદાસ શિવાજીના આધ્યાત્મિક ગુરુ જ નહિ રાજનૈતિક સલાહકાર તેમ જ સમાજસુધારક પણ હતા. તેઓ સામર્થ્ય અને વ્યક્તિત્વથી સંપન્ન હતા. ધર્મક્ષેત્રમાં એવા અગણિત માર્ગદર્શકો થઈ ગયા જેમણે સમયે સમયે સમાજને દિશા અને રાજતંત્રને પ્રેરણા પૂરી પાડી છે. વિચક્ષણ બુદ્ધિ, દીર્ઘદૃષ્ટિ તેમ જ મહાન વ્યક્તિત્વના સ્વામી એરિસ્ટોટલ ન હોત તો સિકંદરના વ્યક્તિત્વનો પ્રાદુર્ભાવ અને એના વર્ચસ્વનો વિસ્તાર શક્ય ન હતો.

પુરાતનકાળમાં જરા આગળ જઈએ તો રાજતંત્રમાં પુરોહિતોના વર્ચસ્વનાં અનેકાનેક પ્રમાણો મળે છે. બ્રહ્મવસિષ્ઠનાં સલાહ-સૂચનો અનુસાર રાજા દશરથ શાસનની ધૂરા સંભાળતા હતા. પાંડવોને શિક્ષણ આપનારા દ્રોણાચાર્ય શસ્ત્ર અને શાસ્ત્ર બંને વિદ્યાઓના મહાન જ્ઞાતા હતા. દેશ તેમ જ સંસ્કૃતિ પર આવી પડેલ સંકટોના સમયે એક નેતાનું, માર્ગદર્શકનું કર્તવ્ય શું હોવું જોઈએ ? એ જાણવું હોય તો ભગવાન કૃષ્ણનું જીવનચરિત્ર વાંચવું જોઈએ. એમણે અધર્મના ઉન્મૂલન તથા ધર્મની સ્થાપના માટે જરૂર પડી ત્યારે મહાભારત જેવા મહાવિનાશક યુદ્ધની વ્યવસ્થા કરી લીધી. રાજતંત્ર પર પુરોહિતોનો કેટલો પ્રભાવ હતો એ અશોકના શાસનકાળમાં સ્પષ્ટરૂપે જોઈ શકાય છે. પ્રત્યક્ષ રીતે શાસનની ધૂરા અશોકના હાથમાં હોવા છતાં પરોક્ષ માર્ગદર્શન તો બૌદ્ધોનું જ હતું. શાસન-સંચાલન, સમાજ-સુધારણા તેમ જ સમાજ-નિર્માણની અનેકાનેક યોજનાઓ એમના માર્ગદર્શન તેમ જ વિચારો દ્વારા અમલમાં મૂકાતી અને સફળ થતી. જેમણે પોતાના હિમાલયવત્ દૃઢ અને તપ્ત સોના જેવા વ્યક્તિત્વ વડે દેશ અને સમાજને નવી દિશામાં ગતિશીલ રાખ્યો, તેઓ જ દેશ તેમ જ સંસ્કૃતિના સાચા અર્થમાં માર્ગદર્શક બની રહ્યા. એમની જ્ઞાનસાધના તથા લોકઆરાધનાને ક્યારેય ભૂલી શકાય નહિ.

કાલાન્તરે પરિસ્થિતિઓ બદલાઈ. ધર્મતંત્ર રાજતંત્રથી વિખૂટું પડી ગયું. જે પુરોહિતવર્ગ પોતાના પ્રખર વ્યક્તિત્વ તેમ જ અગાધ જ્ઞાનના માધ્યમથી સમાજનું માર્ગદર્શન કરતો હતો એ ધીમે ધીમે લુપ્ત થવા લાગ્યો.

પુરોહિતપણાએ એક વ્યવસાયનું સ્વરૂપ લઈ લીધું. શાસન તેમ જ સમાજ પરથી એમનો અંકુશ જતો રહ્યો. નેતૃત્વ કરવાયોગ્ય વ્યક્તિઓના અભાવના કારણે જ દેશ પરાધીનતાની બેડીઓમાં જકડાઈ રહ્યો અને દસ-વીસ વર્ષો નહિ પણ હજારો વર્ષોની ગુલામીની જીંજીરોમાં બંધાયેલો રહ્યો. સદીઓથી ચાલતી ગુલામીની પકડ ઓગણીસમી સદીમાં ઢીલી થવા લાગી, જ્યારે સાચા નેતાઓએ કમર કસીને એ બેડીઓને તોડી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નાખવાનો મક્કમ નિર્ધાર કરી લીધો. ઓગણીસમી સદીએ અનેક સાચા નેતાઓ, માર્ગદર્શકોને જન્મ આપ્યો જેને ઇતિહાસ હંમેશાં યાદ રાખશે.

માતૃભૂમિ માટે શહીદ થનારા ભગતસિંહ, આઝાદ, બિસ્મિલ અને સુભાષના બલિદાનને કયો ભારતીય ભૂલાવી શકશે ? ધર્મ તેમ જ સંસ્કૃતિ માટે હસતાં હસતાં મોતને ભેટનાર બંદા-વૈરાગી જોરાવરસિંહનું ઉદાહરણ આજે જોવા મળશે ? સરદાર પટેલ, ગાંધી, નહેરુ, તિલક, અબુલ કલામ આઝાદ જેવા નિસ્પૃહ તેમ જ પોતાની કારકિર્દીને લાત મારી સ્વતંત્રતા-સંગ્રામમાં પોતાની ક્ષમતા તેમ જ પ્રતિભાની આહુતિ આપનારા આજે ક્યાં મળશે ? ગામેગામમાં, નગર-નગરમાં રામાયણની ચોપાઈઓના માધ્યમ દ્વારા ક્રાંતિનું બીજારોપણ કરનારા બાબા રાઘવદાસ હવે ક્યાં જોવા મળે છે ? યુગધર્મને સમજનારા આનંદ મઠના સંન્યાસી ક્યાં જોવા મળે છે ? ગરીબો, પછાતોનાં દુઃખદર્દ સમજીને ઘેર ઘેર જઈને ભૂદાન યજ્ઞની જ્યોત જગાવનારા વિનોબા હવે દીવો લઈને શોધવા નીકળવા છતાં જોવા નહિ મળે. કુપ્રથાઓ, ખોટી પરંપરાઓ, અંધશ્રદ્ધાઓની જાળમાંથી સમાજને બહાર કાઢનારા રાજા રામમોહનરાય જેવા સમાજસુધારકોનાં દર્શન આજે ક્યાંય થતાં નથી. પીડિતોનો ઉદ્ધાર કરી પછાતોને માર્ગ દર્શાવનારા વિદ્યાસાગર તો આજે સ્મરણમાત્રના વિષય બની ગયા છે. કર્મયોગનો અલખ જગાડી જ્ઞાનયોગની જ્યોતિ પ્રજ્વલિત કરનારા વિવેકાનંદ, દયાનંદ જેવા માર્ગદર્શકો આજે મહામુશ્કેલીએ જોવા મળશે.

લાગે છે કે કોઈપણ જાતના સ્વાર્થ વગર પોતાના શ્રમ-પ્રતિભાના જળસિંચનથી સમાજને પરિપ્લાવિત કરનાર એ નિસ્પૃહ નેતાઓની પેઢી સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના થોડા જ દિવસોમાં કાળના ગર્ભમાં સમાઈ ગઈ. એકલદોકલ અપવાદોની વાત જુદી છે. આ વિશાળ દેશે અગણિત સામાજિક, આર્થિક તેમજ રાજનૈતિક સમસ્યાઓથી ઘેરાયેલો છે એ માટે આગળ આવીને પહેલ કરનારા સેવાભાવી નેતાઓની મોટી સંખ્યામાં જરૂર ઊભી થઈ છે.

આમ તો ખાદીધારી-શ્વેત વસ્ત્રધારી નેતાઓની આ દેશમાં કોઈ કમી નથી તેમ જ ઘણા તો પોતાને ગાંધીના સમર્થક ગણાવી એમનાં સ્વપ્નોને સાકાર કરવાની માત્ર વાતો કર્યા કરતા હોય છે. ગલી, મહોલ્લા, ચોરા ને ચૌટા, હોટલ, બજાર, ક્લબોમાં આંટા મારતા, પાન ચાવ્યા કરતા જોશીલાં ભાષણો આપતા નેતાઓ ચોમાસાના દેડકાઓની જેમ ડ્રાઉં ડ્રાઉં કરતા નજરે પડે છે. તેઓ કોઈને કોઈ મૂડીવાદીની દયા પર કે કોઈ રાજકીય પક્ષની છત્રછાયામાં ફૂલેફાલે છે. પાર્ટીનો ઝંડો ઊંચો કરવાની, પોકારો કરવાની તથા મંચ પર બકબક કરતા રહેવાની મોટી રકમ એમને મફતમાં સહેલાઈથી મળ્યા કરતી હોય છે. ભલી-ભોળી પ્રજાની ભાવનાઓને ઉત્તેજિત કરી ભાંગફોડ કરાવવી, હડતાલો પડાવવી, અવ્યવસ્થા ફેલાવવી એ જ એમનું મુખ્ય કામ છે. ક્યારેક સંજોગવશાત્ કોઈ ઘટના એમને પ્રખ્યાત બનાવી દે તો ચૂંટણીમાં ઊભા રહેવાનો અને જીતી જવાનો તુક્કો પણ હાથ લાગી જાય છે. જે રીતે વાંદરાના હાથમાં તલવાર આવી જાય અને વિચાર્યા વગર માખી મારવાની ઘેલછામાં માલિકનો વધ કરવા જેવો અભિશાપ આવા સેવાભાવનાના અભાવવાળા, અણઘડ વ્યક્તિત્વવાળા નેતાઓ વ્હોરી લે છે. દુર્ભાગ્યની વાત તો એ છે કે દેશમાં એવા નેતાઓની સંખ્યા વધી રહી છે જેમની પાસે કોઈ ઉચ્ચસ્તરીય આદર્શ નથી, સિદ્ધાંત નથી. આવા નેતાઓ દેશનું કે સમાજનું શું નેતૃત્વ કરવાના ? એવા નેતાઓનું અનુકરણ કરનારા પેલા ઘુવડની જેમ પાણીમાં ડૂબી જવાના.

પહેલાં નેતૃત્વ સ્પષ્ટપણે સેવાનો માર્ગ હતો. હવે તો પરિસ્થિતિ વિપરીત થઈ ગઈ છે. અન્ય વ્યવસાયોની જેમ નેતાગીરી પણ એક વ્યવસાય બની ગઈ છે. એવો વ્યવસાય જેમાં કોઈ પણ મૂડીની જરૂર પડતી નથી, થોડી ચતુરાઈ હોય તો ઘણું. એમાં શ્રમની જરૂર નથી. કોઈ પ્રકારની મૂડીની જરૂર નથી માત્ર જીભ ચલાવ્યા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરવાથી એટલું બધું મળી જાય છે કે પોતાની ગાડી આરામથી ચાલ્યા કરે. તકનો લાભ ઉઠાવવાની કલામાં નિપુણતા હોય તો ક્યારેક માલામાલ થવાના સંજોગો નિશ્ચિતપણે ઊભા થઈ જ જાય છે.

માત્ર વાણીવિલાસની નિપુણતાથી જો જીવનનિર્વાહનાં સાધનો સહેલાઈથી મળી રહેતાં હોય તો એનાથી સસ્તો વ્યવસાય બીજો કયો હોઈ શકે ? નેતા બનવાના અગણિત લાભો છે. નોકરી ન મળતાં, ભણવામાંથી મન ઊઠી જતાં, કુટુંબીજનોનો તિરસ્કાર સહ્યા પછી સહેલો માર્ગ તો નેતાગીરીનો જ દેખાય છે. આ મનોવૃત્તિને કારણે રાજકારણમાં ગેરલાયક વ્યક્તિઓની સંખ્યા વધતી જાય છે અને સાચા નેતાઓની સંખ્યા ઘટતી જાય છે.

કેટલાક દસકા પહેલાં નેતા શબ્દ નેતાઓના કર્તવ્યની સાર્થકતા વ્યક્ત કરતો હતો, પણ આજે એ એટલો સન્માનજનક નથી લાગતો. નેતાનું નામ લેતાં જ સામાન્ય વ્યક્તિની નજરમાં તો સ્વાર્થલોલુપ વ્યક્તિની છબી ઉપસી આવે છે, જેને ખુરશી સિવાય કશું જ દેખાતું નથી, જે ખુરશી માટે પોતાનો પક્ષ છોડીને બીજા પક્ષમાં બેસી જવાનું પણ સ્વીકારી લે છે. આપણા દેશમાં મોટા ભાગના નેતાઓ આવા જ છે. આમ નેતાનું સ્વરૂપ કોઈ અસ્મિતા ધરાવતું જણાતું નથી. હવે દેશને આવા નેતાઓની નહિ સર્જનશીલોની જરૂર છે. સર્જનશીલ એટલે નવસર્જનની ધૂરા સંભાળનાર વ્યક્તિ. રાજકારણમાં માણસોની ખોટ નથી ત્યાં તો ભીડ વધતી જ જાય છે. ત્યાં કામ પણ ઘણું નથી. સીમિત વ્યક્તિઓ એ કામ કરી શકે છે. આજે સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં સર્જનશીલોના એક મોટા સમુદાયની જરૂર પડી છે. જેઓ સમાજ માટે સાચા અર્થમાં કંઈક કરવા માગે છે, દેશ માટે અને સમાજ માટે પોતાની સેવાઓ સમર્પિત કરવા માગે છે, એમના માટે સમાજસેવાનું વિશાળ ક્ષેત્ર ખુલ્લું પડ્યું છે. રાજકારણના સંઘર્ષ, મતભેદ વિશે તો સૌ કોઈ જાણે છે. ત્યાં તો હોદ્દો પ્રતિષ્ઠા મેળવવા માટે ગળાકાપ હરીફાઈ લાગેલી છે. સમાજસેવાના ક્ષેત્રમાં એવું કંઈ જ નથી. કોઈની પણ સાથે વેર બાંધ્યા વગર, સંઘર્ષમાં ઉતર્યા વગર આ ક્ષેત્રમાં કામ કરી શકાય છે.

ખરેખર જેમના મનમાં સમાજ અને દેશનું દર્દ વસ્યું છે એમણે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ કે રાજકારણથી દૂર જઈને કોઈ મહત્ત્વપૂર્ણ કાર્ય ન થઈ શકે ? જેમના મનમાં સાચી લગની હશે એમને અનેક ક્ષેત્રોનાં અસંખ્ય કામો પોતાની આંખે દેખાવા લાગશે. આવાં કામો મહેનત માગી લે તેવાં છે. મુશ્કેલીથી પૂરાં થાય એવાં છે એમ માનીને મોટાભાગના લોકો ઇચ્છતા હોવા છતાં પણ એ કાર્યો કરવાનું સાહસ કેળવી શકતા નથી.

દેશની પરિસ્થિતિઓ તેમ જ એમની સાથે સંકળાયેલી સમસ્યાઓથી કયા બુદ્ધિજીવી અજાણ હશે ? દેશની ત્રણ ચતુર્થાંશ જનતા આજે પણ નિરક્ષરતાના અંધકારમાં ડૂબેલી છે એ કોણ નથી જાણતું ? પચાસ ટકા વસ્તી આજે પણ એક ટંકનું ભોજન માંડ મેળવી શકે છે. પોષણના અભાવે દર વર્ષે કરોડો બાળકો મરણને શરણ થાય છે. કરોડો લોકો કુપોષણનો ભોગ બને છે. લાખો લોકોને અપંગતા અને અંધાપાએ ઘેર્યા છે. રોજગારીના અભાવે કરોડો શિક્ષિતો-અશિક્ષિતો બેકાર બેઠા છે. ગંદકીના કારણે કેટલાય રોગો ફેલાય છે. ઊંચ-નીચના ભેદભાવના કારણે વર્ગો પછાતપણાના ભોગ બન્યા છે. સ્ત્રી-પુરુષના ભેદના કારણે હજારો માસૂમ કન્યાઓ અને સ્ત્રીઓ હત્યા કે આત્મહત્યાનો શિકાર બને છે. મૃત્યુભોજ, બાળલગ્ન, પડદાપ્રથા, દહેજપ્રથા જેવા કુરિવાજો સમાજને જર્જરિત કરી રહ્યા છે. આવી અગણિત સમસ્યાઓ દેશની સામે જડબાં ફાડીને ઊભી છે, જેનો ઉકેલ અસંખ્ય કર્તવ્યનિષ્ઠોની અનિવાર્ય આવશ્યકતા ઊભી કરે છે.

સમસ્યાઓ મોટાભાગે અજ્ઞાનના કારણે ઉત્પન્ન થાય છે. જો એ દૂર થઈ શકે તો ધન વગર પણ એ સમસ્યાઓ ઉકલી શકે તેમ છે. ગાંધી, વિનોબા, લોકનાયક જયપ્રકાશ, કાગાવા, ઈશ્વરચંદ્ર, રાજા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રામમોહનરાય જેવા અનેક નેતાઓ હોદ્દાથી, પ્રતિષ્ઠાથી દૂર રહ્યા અને સમાજ તેમ જ સંસ્કૃતિ માટે કાર્ય કરતા રહ્યા-જે લોકો કામ કરવા માટે હોદ્દાને ઇચ્છે છે એમણે જાણી લેવું જોઈએ કે માત્ર વ્યક્તિત્વના બળે જ કંઈક કરી શકાય છે. એ પરંપરાને અનુસરનારા એ સર્જનશીલોને સમાજ તેમ જ દેશના નવનિર્માણ માટે આહ્વાન આપવામાં આવે છે. જો તેઓ આ સ્વીકારશે તો પોતે તો કૃતાર્થ થશે જ પણ સાથે સાથે અનેકને દિશાસૂચન કરવા માટે સમર્થ બની જશે.

તેથી આજે આંદોલન કરી નેતાઓની નહિ પણ જનમાનસમાં જાગૃતિનો શંખ ફૂંકવા માટે અવિરત પ્રયત્નો કરનારા લોકસેવકોની જરૂર છે. આંદોલનોનો આવેશ વિક્ષોભ પેદા કરે છે. આક્રોશમાં તોડફોડની સંભાવના હોય છે, સર્જનની સંભવિતતા હોતી નથી. સર્જન માટે તો સઘન પુરુષાર્થ જોઈએ.

ધ્વંસ સહેલો છે અને સર્જન દુષ્કર છે એ તો નિશ્ચિત જ છે. નિર્માણમાં બુદ્ધિકૌશલ્યની, નિષ્ઠાપૂર્વકની, શ્રમશીલતાની અને હેતુપૂર્તિ માટે સાધનોની જરૂર પડે છે. આ મંઝિલ છે તો અઘરી અને લાંબી, પણ એનો કોઈ વિકલ્પ નથી. સર્જન તો સર્જનની રીતે જ થશે. ધૈર્ય અને સાહસને ગુમાવ્યા વગર એને તો કુશળ શિલ્પીઓ જ અથાગ પરિશ્રમ અને નિષ્ઠાથી પાર પાડી શકશે.

આંદોલનકર્તા જનચર્ચાનો વિષય બને છે-સ્ટેજ પર દોડધામ કરીને પોતાની વિશિષ્ટતાની છાપ મૂકતો જાય છે અને જનસંપર્ક દ્વારા અનેક પરોક્ષ લાભો મેળવી લે છે. એ માટે એને કશો ત્યાગ તો કરવો પડતો નથી. જીભની કસરત અને મગજની કરામતનો મહાવરો હોવાથી થોડો સમય આપીને સસ્તી નેતાગીરી તો કોઈપણ પ્રાપ્ત કરી શકે છે. પોતાની લોકહિતની ભાવના સિદ્ધ કરવા માટે લોકોને કોઈપણ મુશ્કેલી માટે અન્ય પર દોષારોપણ કરીને ઉશ્કેરણી કરી શકાય છે અને લોકોના સમૂહને સંઘર્ષના રસ્તે લઈ જઈ શકાય છે. આ ગોરખધંધાની કાબેલિયત જેનામાં આવી ગઈ એની નેતાગીરી હાથવેંતમાં ઝળકી ઊઠે છે. કાલની અજ્ઞાત વ્યક્તિ તોડફોડમાં આક્રોશ ભડકાવીને પોતાનું નામ પ્રખ્યાત કરી દે છે. આવા લોકો આજે બિલાડીની ટોપની જેમ વધી રહ્યા છે. આવા નેતાઓના ઉત્પાદને દેશનું જનમાનસ અને જનજીવન અશાંત, અવ્યવસ્થિત અને દિગ્ભ્રાંત કરી નાખ્યું છે. આવા નેતાઓની વૃદ્ધિએ અપરાધી તત્ત્વોની વૃદ્ધિની જેમ એક સંકટભરી સમસ્યા ઊભી કરી દીધી છે.

એટલે જ સમય પોકાર કરે છે કે નેતા નહિ સર્જનશીલ જોઈએ, એવા નિસ્વાર્થ સેવાપરાયણ જે યશલોલુપતાથી દૂર રહી જનજાગરણનું, વ્યક્તિનિર્માણનું કાર્ય પૂર્ણ શ્રદ્ધા અને તત્પરતાની સાથે કરતા રહે. જેઓ ભાષણથી નહિ પરંતુ પોતાના ચારિત્ર્યથી બીજાને ઉત્કૃષ્ટતાના માર્ગે ચાલવાની પ્રેરણા આપી શકે. લોકશિક્ષણને સઘન સંપર્ક તેમ જ મમતાભરી સદ્ભાવનાની જરૂર પડે છે. અમુક માહિતી આપી દેવી કે સુધારણા કે ઉપાય સમજાવી દેવા એ પૂરતું નથી એ માર્ગ પર ચાલવા માટે હિંમત ઉત્પન્ન કરવી પણ જરૂરી છે. જેમણે પોતાના હૃદયને બીજાં સાથે જોડનારી આત્મીયતાનો વિકાસ કર્યો હોય તેઓ જ આ કાર્ય કરી શકે છે. આ શ્રમસાધ્ય અને સમયસાધ્ય કામ છે. એ માટે બીજાને ઓછું અને પોતાને વધારે શીખવવું, સુધારવું પડે છે. જે પોતાના ઉત્કર્ષની મંઝિલ પર દૂર સુધી નીકળી જઈ તપસાધના કરી શકવાની અગ્નિપરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ચૂક્યા હોય તેઓ જ ઉત્કર્ષનું શિક્ષણ આપવાના અધિકારી છે.

ધ્વંસ ઘણો થઈ ચૂક્યો. હવે એમાં નેતાશાહી તોડફોડની એક કડી જોડી દેવાથી કંઈ પણ સુધરવાનું કે બગડવાનું નથી. જો કંઈ બનવાનું હોય તો તે સર્જનથી બનશે. આજે સર્જનશક્તિનો મર્મ સમજનારા અને એના પર અગાધ વિશ્વાસ કરીને ત્યાગ બલિદાનના આદર્શો પ્રસ્તુત કરતાં કરતાં આગળ વધનારા માનવતાના શિલ્પીઓની તાતી જરૂર પડી છે. સમય એવા સર્જનશીલોની જ માગણી કરી રહ્યો છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દહેજ લેવું નહિ, દહેજ આપવું નહિના સમર્થક બનો

## વિવાહોન્માદનું ઉંન્મૂલન કરવામાં હવે વિલંબ ન થવો જોઈએ

લગ્ન એ માનવજીવનની એક સ્વભાવિક અને સરળ પ્રક્રિયા છે. જ્યાં મનુષ્ય રહે છે ત્યાં આ પ્રક્રિયા સંપન્ન થયા કરતી હોય છે. સર્વત્ર એને એક સાધારણ કૌટુંબિક કૃત્ય ગણવામાં આવે છે. એમાં ઉત્સાહ, ઉલ્લાસ, કુતૂહલ અને નવીનતાનો સમાવેશ હોવાથી એ પ્રસંગ ઉત્સવ જેવું આયોજન કરવામાં આવે છે. એનાથી એના વ્યવસ્થાપકો નિષ્પ્રાણ બની જાય એવું વિકરાળ સ્વરૂપ તો એ પ્રસંગનું હોતું નથી, પણ આપણા દેશમાં આ તથ્ય જરૂર લાગુ પડે છે. પ્રસંગે વ્યક્તિ પોતાની સાધારણ સમજદારીને પણ બાજુએ મૂકીને સર્વથા નિરુપયોગી કાર્યો કરવા તૈયાર થઈ જાય છે.

અમેરિકા વિશ્વનો સૌથી સંપન્ન દેશ છે. ત્યાંનાં લગ્નોમાં વર-વધૂઓ અહીંના દંપતીઓ કરતાં વધુ ઉત્સાહી જોવા મળે છે કારણ કે એમણે એ સંબંધ પોતાની મરજીથી બાંધ્યો હોય છે. આ અવસર પર એ લોકો પણ આનંદ માણે છે પણ એ અવસર કુટુંબ અને મિત્રો સુધી સીમિત હોય છે. દસ-વીસ લોકો એમાં સામેલ થાય છે. ચા-નાસ્તો, નૃત્ય, સંગીત, વધાઈ અને ભેટસોગાદો જેવાં કાર્યો જ એ ઉત્સવમાં સંપન્ન થાય છે અને એ પ્રસંગ કેટલાક કલાકોમાં પૂરો થઈ જાય છે અને કોઈના પર પણ વધુ આર્થિક બોજો લાગતો નથી. અમેરિકા ભૌતિક દૃષ્ટિએ સંપન્નતામાં શિક્ષણમાં અને આજની કહેવાતી સભ્યતામાં સૌથી આગળ છે. ત્યાં દરેક બાબતનું મૂલ્યાંકન કરીને પછી જ એ પ્રમાણેની સમાજવ્યવસ્થા, શિક્ષણવ્યવસ્થા ગોઠવવામાં આવે છે. વિવાહનું મૂલ્ય એમને મન નાનકડી કૌટુંબિક ઘટના તરીકેનું છે. એ પ્રમાણે જ એની વ્યવસ્થા કરવામાં આવે છે. વર-વધૂ ચર્ચમાં જઈને પાદરીની હાજરીમાં ધાર્મિક કાર્ય સંપન્ન કરે છે અને સરકારી રજિસ્ટરમાં એ કરારનામાને નોંધાવે છે. આમ વિવાહ પૂર્ણ, વાત પૂરી. માત્ર અમેરિકામાં જ નહિ સંસારના મોટાભાગના શિક્ષિત,અશિક્ષિત, નિર્ધન-ધનવાન, સભ્ય-અસભ્ય, ધાર્મિક-નાસ્તિક દેશોમાં આ બાબતે ઓછા-વત્તા પ્રમાણમાં આવું જ પ્રચલન હોય છે. આ સંદર્ભમાં પ્રચલિત પરંપરાઓમાં ક્યાંક ભિન્નતા હોઈ શકે પણ આર્થિક દૃષ્ટિએ વિવાહને ખર્ચાળ બનાવવામાં આવે એવું ક્યાંય નથી.

વર કે વધૂના વાલીઓને 'ખર્ચ ક્યાંથી કરીશું ?' એવી ચિંતા કરવી પડતી નથી. એમણે તો માત્ર યોગ્ય કન્યા કે મુરતિયાની શોધ જ કરવાની રહે છે. એ સિવાય વિવાહની બાબતમાં બીજી કોઈ ચિંતા એમણે કરવાની હોતી નથી. એમાંય આર્થિક કારણ તો બિલકુલ નથી. અસભ્ય જંગલીઓમાં વર પક્ષે પંચ-પટેલો માટે દારૂ વગેરેની વ્યવસ્થા જરૂર કરવાની રહે છે, પણ સભ્ય સમાજમાં તો એની જરૂર રહેતી નથી.

ભારત અજબ દેશ છે, જ્યાંની પ્રાચીન સંસ્કૃતિ જેટલી મહાન છે એટલી જ નિકૃષ્ટ એની પરંપરાઓ છે. લગ્નોત્સવને જ લઈએ તો એ વ્યક્તિ, કુટુંબ અને રાષ્ટ્ર માટે અભિશાપરૂપ છે. જેને ઝીણવટથી જોતાં ૯૯ ટકા તો એમાં નિરર્થક આડંબર જ જોવા મળે છે. રિવાજો પરંપરાઓના લાભો કે મહત્તાઓ જરા પણ સમજાય એવા નથી હોતા. ભોજનસમારંભ અને જાનમાં એટલી ભીડ એકત્ર કરવામાં આવે છે, જેની કોઈ આવશ્યકતા કે ઉપયોગિતા હોતી નથી.

ભોજનસમારંભ અત્યંત ઘનિષ્ટ મિત્રો સુધી અને પોતાના નિકટવર્તી કુટંબીઓ સુધી સીમિત રહેવો જોઈએ. એ નિકટવર્તી સંબંધીઓ પાંચ-પચાસ માંડ હોય છે. આજના સમયમાં સામાજિકતા તો એક પ્રકારે તૂટી ચૂકી છે. ઘનિષ્ટ કહી શકાય એવા સાચા સંબંધીઓ કેટલા ? જો પરિચિતોને ઘનિષ્ટ જ કહેવાના હોય તો ટપાલીનાં હજારો ઘનિષ્ટો હોઈ શકે. આવા પરિચિતોને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઘનિષ્ટ માનવા એ આત્મવંચના છે. તો પછી ભોજનસમારંભમાં ભીડ એકઠી કરીને જાનનો જમેલો ઊભો કરી પોતાના અને અન્યના સમય તેમ જ પૈસો વેડફી નાખવા એ કોઈ પણ રીતે બુદ્ધિમત્તાની નિશાની નથી.

અમીરીનો ઢોંગ કરવો એ સૌથી નિકૃષ્ટ પ્રકારનો દંભ છે. જેમની પાસે ગુજરાન ચલાવવા જેટલું ધન નથી તેઓ વહુ માટે હજાર રૂપિયાનાં કપડાં અને અનેક હજારનાં ઘરેણાં કેમ બનાવડાવે ? જેમની પાસે મનોરંજન માટે ઘરમાં એક હાર્મોનિયમ કે ટ્રાંઝિસ્ટર સુધ્ધાં નથી એ જાનમાં બેંડવાજા વગાડાવવાના બે કલાકના ૩૦૦૦થી ૪૦૦૦ રૂપિયા શા માટે ફૂંકી મારે ? લગ્નના દિવસોમાં દરેક વ્યક્તિ અમીરીનો ઢોંગ કરવામાં મગ્ન હોય છે. ઘરની વ્યક્તિથી લઈને જાનૈયા સુધી દરેક વ્યક્તિ પોતાને ઠાઠમાઠમાં તૈયાર કરવામાં અને અમીર દેખાડવામાં હરીફાઈમાં ઊતરતી હોય એવું લાગે છે. પોશાકથી માંડીને સ્વાગત-સત્કારનાં સાધનોમાં એવી ઝાકઝમાળ દેખાય જાણે કે કોઈ રાજા-મહારાજા ક્યાંકથી પધાર્યા હોય. જાનૈયાના મિજાજ તો સાતમા આસમાને પહોંચેલા હોય છે. બે કોડીના છોકરા એવો વટ મારે છે જાણે એમની જરૂરિયાતો કોઈ રાજકુમારથી ઓછી ન હોય. એ બધી અપેક્ષાઓ પૂરી કરવામાં કન્યાપક્ષવાળાનો તો બરડો જ ભાંગી જાય છે.

લગ્નોત્સવની ક્રિયા-પ્રક્રિયાનું આરંભથી અંત સુધી નિરીક્ષણ કરનાર તટસ્થ વ્યક્તિને તો એનાથી ચીંથરા ફાડવા જેવી પાગલોની ચેષ્ટાઓની ભરમાર જ જોવા મળશે. તર્ક, વિવેક, કારણ, આધાર, લાભ અને ઉપયોગ દરેકની કસોટી પર આ ઢોંગ કે દંભ સિવાય કશું જ જણાતું નથી. પછી વર્તમાન આર્થિક મોંઘવારી, બેકારી અને અવ્યવસ્થાના જમાનામાં તો આ વિડંબનાની કોઈ જરૂર જ રહેતી નથી. જો ક્યાંય સમજદારીનો એકાદ અંશ હોય તો એ એમ જ કહે કે આ 'તોફાની મૂર્ખાઈ' સદંતર બંધ થવી જોઈએ. એનું સમર્થન ન કરતાં એનો સહયોગ પણ બંધ કરી દેવો જોઈએ. કોઈ સમજદાર વ્યક્તિએ પોતાના અતિ ઘનિષ્ઠો સિવાય કોઈની પણ જાનમાં જવું ન જોઈએ અને ભોજન-સમારંભમાં પણ હાજરી ન આપવી જોઈએ.

જો શક્ય હોય તો એ સંયોજકોને આ પ્રકારનો સ્વાંગ રચવાથી રોકવા જોઈએ. જો રોકવાનું સંભવ ના હોય તો એમને નિરુત્સાહ તો કરવા જ જોઈએ. એવા પ્રસંગોમાં હાજરી આપવાથી, એમાં ખર્ચ કરવાની સલાહ આપવાથી તો કમ સે કમ દૂર રહેવું જોઈએ.

હિન્દુસમાજ જેટલો પુરાણો છે, એટલો જ સડાથી ભરેલો છે. વૃદ્ધ વ્યક્તિને જેમ દમ, ઉધરસ, મોતિયો, અનિદ્રા જેવી બીમારીઓ ઘેરી લે છે તે જ રીતે આપણા સમાજને પણ જાતિ અને લિંગના આધારે ફેલાયેલી અસમાનતાથી લઈને મૃત્યુભોજ અને વિવાહોન્માદ સુધીની અનેક વિકૃતિઓ, બીમારીઓએ ભીંસમાં લીધો છે. કાં તો એનો ઈલાજ કરવો પડશે અથવા તો વૃદ્ધરૂપી હિન્દુસમાજને જર્જરિત થઈને નાશ પામતો જોવો પડશે. અન્ય સમસ્યાઓ તો ધીમા ઝેરની જેમ ધીમે ધીમે બાળવાનું અને ક્ષીણ કરવાનું કામ તો અવિરતપણે કરી જ રહી છે પણ વિવાહોન્માદ તો એ અગ્નિકાંડની જેમ છે જે ઓલવવાનો પ્રયત્ન ન કરવામાં આવે તો આખા નગરને બાળીને ભસ્મ કરવાનું કારણ બનશે.

જે સમસ્યાથી દરેક વ્યક્તિ દુઃખી અને ઉદ્વિગ્ન રહેતી હોય, દરેકના ગળામાં કુપ્રથા ફાંસીનો ફંદો બનીને લટકી રહી હોય એનાથી પીછો છોડાવવાનું સાહસ જો કરવામાં આવે તો એનાથી શરમજનક બીજું શું હોઈ શકે ? આ સાર્વત્રિક અવાંછનીયતાનાં દુષ્પરિણામો ભોગવનારા દુર્ભાગીઓ જ જો એના વિરુદ્ધ માથું ન ઊંચકે તો માનવું જ પડશે કે આ સમૂહ હવે મડદાનો ઢગલો બની ગયો છે. જીવિત સમાજોમાં જોવા મળતાં ચિહ્નો જે સમાજમાં જોવા ન મળે એ સમાજના લોકો જીવિત હોવા છતાં મૃત જ ગણાવા જોઈએ. લુહારની ધમણ શ્વાસ લે છે, ચક્કી અનાજ ખાય છે અને ચાવીવાળાં રમકડાં હલનચલન કરે છે પણ એમને જીવિત કહી શકાય નહિ. જેમને શરીર સંભાળવાનો જ માત્ર અભ્યાસ છે, જે હિતઅહિત વચ્ચેનો તફાવત સમજતો નથી, લાભહાનિ વિશે વિચાર કરી શકતો નથી અને જે અનુચિત કે અવાંછનીય છે એને કચરાની જેમ બહાર ફેંકવાનું સાહસ કરી શકતો નથી એને કોણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવિત કહેશે? કયા આધારે કહેશે? કુરિવાજોને આંખ-કાન બંધ કરીને સહ્યા કરવા એ જીવનશક્તિ, વિવેકશીલતા, જાગૃતિ અને સતર્કતા ગુમાવ્યાની સાબિતી આપ્યા બરાબર છે. આવા મૃતકોને પ્રકૃતિ આજે નહિ તો કાલે સડેલા કચરાની જેમ ફેંકી દેતાં અચકાશે નહિ.

જો આપણે જીવિતો અને જાગૃતોની હરોળમાં ઊભા રહેવું હશે તો કુરિવાજોને એક એક કરીને દૂર કરવા પડશે; નહિ તો એ આપણા વ્યક્તિગત અને સામાજિક જીવનને ઉધઈની જેમ કોરી ખાશે. દહેજની વિવાહોન્માદની પ્રથા એવી જ ભયાવહ છે જેને સહન અને સ્વીકાર કરવાનું સદંતર માંડી વાળવું જોઈએ. આપણું સૂત્ર હોવું જોઈએ 'દહેજ લેવું નહિ, દહેજ આપવું નહિ, એનું સમર્થન કરવું નહિ.' આપણે દહેજ લેવાની લાલચનો સદંતર ત્યાગ કરીએ. પોતાના પુત્રના લગ્ન દહેજ લીધા વગર કરવાનો નિર્ધાર કરીએ, પ્રત્યક્ષ રૂપે કે પરોક્ષ રૂપે એનો સ્વીકાર ન કરીએ. મનુષ્યની દુષ્ટતા આજે પરંપરાના વાઘા પહેરીને પાછલી બારીએથી કે ચારે દરવાજેથી ઘૂસણખોરી કરવામાં પ્રવીણ હોય છે. દુષ્ટો પ્રત્યક્ષ રીતે ના ના કહ્યા કરતા હોય છે અને પરોક્ષમાં હા હા માથું નકારમાં ધૂણે છે અને હાથ સ્વીકૃતિનો ઈશારો કરે છે. હવે આ ધૂર્તતા પ્રત્યક્ષ ભાવતાલથી પણ અધિક ઘૃણિત છે. વિષ આપીને મારવાને બદલે લાઠીથી મારવું અને ફાંસી પર ચડવું એમાં નહિવત્ બહાદુરી તો છે. પોતાની આબરૂ સાચવવા માટે સફેદ પડદા ઓઢવા અને સંતાઈને કાળાં કામો કરવાં એ તો હજુ ય ખરાબ છે. તેથી જેઓ દહેજ ન લેવાની પ્રતિજ્ઞા કરે એમણે એ સચ્ચાઈ અને ઈમાનદારી સાથે કરવી જોઈએ. એમાં પ્રત્યક્ષ કે પરોક્ષની વાત વિચારવી જોઈએ નહિ. જે કરવું હોય એ સ્પષ્ટ અને જે ન કરવું હોય એ પણ સ્પષ્ટ હોવું જોઈએ. આ જ નીતિ આપણી દરેક બાબતમાં હોવી જોઈએ; દહેજ ન લેવાની બાબતમાં પણ.

પોતાની પુત્રીની બાબતમાં નક્કી કરી લેવું જોઈએ કે દહેજ આપવાનું નથી. કન્યાને કંઈ પણ આપવાનું પિતાની ઇચ્છા તેમ જ સ્થિતિ પર નિર્ભર હોવું જોઈએ. જે આપવામાં આવે એના પર છોકરીનો હક છે. પિતા અને પુત્રીના આદાન-પ્રદાનમાં કોઈ ત્રીજાનો હસ્તક્ષેપ ન હોવો જોઈએ. છોકરાએ કે છોકરીના વાલીએ આ પ્રકારની ઇચ્છાથી દૂર રહેવું જોઈએ. કોઈ છોકરીને એના પિતા કંઈ આપે અને એના સાસરિયા એ પડાવી લે અથવા પતિ નઠારો બની પોતાની પત્નીની કમાણી ખાવાની ઇચ્છા કરે તો એને નિર્લજ્જ અને અનૈતિક જ ગણવો જોઈએ. આવા કૃપણ, કૃતઘ્ન અને અનૈતિક વ્યક્તિઓના ઘરમાં પોતાની કન્યા આપવા માટે કોઈ પણ ભાવનાશીલે તૈયાર થવું જોઈએ નહિ.

આ પ્રયાસમાં એટલું થઈ જ શકે કે આજના યુગમાં સમાજના સારા છોકરા કદાચ ન મળે એ પરિસ્થિતિમાં કસાઈઓના હાથમાં જઈ પડવા કરતાં અવિવાહિત રહીને લગ્ન કર્યા વગર સ્વાવલંબી જીવન વિતાવવાની હિંમત પેદા કરવી જોઈએ. દહેજના પૈસા છોકરીના શિક્ષણ પાછળ ખર્ચાવા જોઈએ કે જેથી એ પોતાના પગ પર ઊભી રહી શકે અને પોતાનું જીવન સ્વાવલંબનપૂર્વક વિતાવી શકે. આ પરિસ્થિતિ ખરાબ છે પણ કસાઈઓના હાથમાં જઈ પડવા જેટલી ખરાબ નથી. બે અનિષ્ટોમાંથી એક અનિષ્ટ સ્વીકારવાનું હોય તો ઓછું હાનિકારક અનિષ્ટ સ્વીકારવું જોઈએ. દહેજખાઉ ખૂની વરૂઓના હાથમાં પોતાની પુત્રી જાય એના કરતાં એનું અવિવાહિત રહેવું લાખ દરજ્જે સારું છે. દરેક સમજદાર છોકરીએ અને દરેક વિવેકશીલ વાલીએ આજની વિપન્ન સ્થિતિમાં આટલી હિંમત અને ત્યાગ કરવાની ભાવના કેળવવી જ પડશે. અનીતિ સાથે લડતાં ઘવાવાની તૈયારી પણ રાખવી પડશે. 'દહેજ આપવું નહિ'ના ઝંડા હેઠળ એકત્રિત થઈને બધી જ છોકરીઓના વાલીઓએ આ માયા, લાલચના અસુર સામે લડવાની તૈયારી રાખવી પડશે. છોકરીઓ યોગ્ય પાત્ર ન મળે તો અવિવાહિત રહેવાની તૈયારી રાખવી પડશે. જો આવી પરિસ્થિતિ આવે તો કન્યાએ અને એના વાલીએ અનીતિ સાથે લડવામાં ઘવાયાનો ગર્વ લેવો જોઈએ. સ્વાતંત્ર્ય-સંગ્રામના સેનાની, રાજનૈતિક, પીડિતોનું સર્વત્ર સન્માન જ થાય છે. આવા પીડિત સમાજનું પણ સન્માન જ કરવામાં આવશે કારણ કે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એમણે અન્યાયની સામે માથું નમાવવા કરતાં તૂટવાનું સ્વીકાર્યું.

જો આટલી હિંમત જાગશે તો આ બધી રીતે અવિવેકભરી કુપ્રથાના ઉન્મૂલનમાં વાર લાગશે નહિ. કન્યાઓ સહિત વાલીઓ પણ આદર્શને અપનાવશે અને સમાજના દહેજખોર મુરતિયાઓ અને એના માબાપના હાથ હેઠા પડશે. એ વર્ગમાં પણ વિવેકશીલતા જાગૃત થશે. 'દહેજ આપવું નહિ'ની પ્રતિક્રિયા 'દહેજ લેવું નહિ'ના રૂપમાં પ્રતિધ્વનિત થશે. એક મોર બોલે છે તો બીજા પણ એમાં સૂર પૂરાવવા લાગે છે. આદર્શવાદી કન્યાપક્ષ પહેલ કરશે તો વરપક્ષવાળા પણ શરમના માર્યા ભલમનસાઈનો પક્ષ લેશે. આમ તો આ દિશામાં પહેલ તો છોકરાવાળાએ જ કરવી જોઈએ. પ્રાયશ્ચિત્ત પણ એમણે જ કરવું જોઈએ કારણ કે અનીતિને પ્રોત્સાહન પણ આ જ પક્ષ આપતો હોય છે. તેથી વિવશતા ઉત્પન્ન કરવાનું કલંક તો એમના માથે જ છે. પણ માનો કે એ પક્ષે આનાકાની જણાય તો, આવતી આવક જતી કરવાની એમની દાનત ન હોય તો શોષિતો અને પીડિતોએ કમર કસી લેવી જોઈએ. એ સિવાય મુશ્કેલીઓમાંથી માર્ગ નીકળે નહીં. આ આંદોલનની ઝપેટમાં જે છોકરીઓ આવશે, અવિવાહિત રહેવા વિવશ બનશે એ છોકરીઓ એક પ્રકારે તો ધર્મયુદ્ધની શહીદ જ ગણાશે. એમનો ત્યાગ-બલિદાન જ આ સમાજની નિષ્ઠુર કલંક કાલિમાને ધોવામાં સમર્થ બનશે.

'દહેજ આપવું નહિ', 'દહેજ લેવું નહિ'ના પોકારો વાસ્તવમાં પરસ્પરને પૂરક છે. દરેક ઘરમાં છોકરી હોય છે અને દરેક ઘરમાં છોકરો અને બંને સૂત્રો એક સાથે પોકારવાથી પરિવાર એ આદર્શવાદી પરિવાર બની જાય છે. આવાં આદર્શવાદી કુટુંબો થોડા જ સમયમાં મોટી સંખ્યામાં ઉભરાશે અને એમનો એક નાનકડો સમાજ અસ્તિત્વમાં આવશે. એમાં જ પરસ્પર લગ્નો યોજાશે. આ વર્ગ આંધીતોફાનની જેમ આગળ વધશે અને આદર્શવાદી વર્ગ એટલો વૃદ્ધિ પામશે કે વિરોધીઓ માટે ભાગવુંય ભારે પડશે. મુશ્કેલીઓ માત્ર શરૂઆતમાં જ વેઠવાની છે. જ્યારે હિંમતવાનો આગળ આવશે ત્યારે ભીડ પણ એમની પાછળ આવીને ઊભી રહેશે. આવશ્યકતા પહેલ કરનારા અગ્રગામીઓની છે, જેઓ આગળ ડગ માંડી શકે, નેતૃત્વ કરી શકે અને અનુકરણીય ઉદાહરણ પ્રસ્તુત કરી શકે. એવા સાહસિકો દેખાતા નથી. કાયરતાએ દરેકને નપુંસક બનાવી દીધા છે. જે દિવસે હિંમત આવશે એ દિવસે અંધકારને ચીરતો અને ઉજ્જવલ ભવિષ્ય આપનારો સૂર્યોદય દષ્ટિગોચર થશે. જરૂરિયાત માત્ર હિમ્મતની છે. વિરોધને, ગણગણાટને જો છડેચોક સામનો કરવાની સ્થિતિમાં અને સામી છાતીએ લડવામાં વિકસિત કરવામાં આવે તો સમજી લેવું જોઈએ કે બેડો પાર થઈ ગયો.

'દહેજ લેવું નહિ'નો આદર્શ લગ્નોત્સુક યુવકે અને એના વાલીઓએ અપનાવો જોઈએ. શાણી છોકરીઓ અને એમના વાલીઓ 'દહેજ આપવું નહિ'ની પ્રતિજ્ઞા કરે અને એમની સાથે સંકળાયેલા 'દહેજનું સમર્થન ન કરો'ની નીતિ અપનાવી લે તો આ સત્યાનાશી વિવાહોન્માદ પત્તાના મહેલની જેમ નષ્ટ થઈ જશે.સામાન્ય જનતાએ પણ દહેજ આપવા-લેવાના પ્રસંગોનો સામૂહિક બહિષ્કાર કરવો જોઈએ. દહેજના આ દૂષણને મન, વચન કે વ્યવહારથી સમર્થન ન મળવું જોઈએ. બની શકે તો વિરોધ કરવો જોઈએ અને જરૂર પડે તો લાલચુ પક્ષને ધમકાવવાની ફટકારવાની તૈયારી રાખવી જોઈએ અને જો એ પ્રયત્નો સફળ ન થાય તો એ દુષ્કર્મોમાં પોતાનો પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ ન હોય, એ જોવું જોઈએ. ભોજનસમારંભમાં હાજરી ન આપવી, જાનમાં ન જવું, આ નિયમો તો પાળવા જોઈએ. અન્યાયને જો રોકી ન શકાય તો એના ભાગીદાર પણ ન બનવું જોઈએ. આ અસહયોગ પણ પ્રચંડ વિરોધનું કામ કરશે અને અવિવેકી લોકોના ઉત્સાહને ઠંડો પાડી દેશે.

'દહેજ લેવું નહિ, દહેજ આપવું નહિ, દહેજનું સમર્થન કરવું નહિ'ની નીતિ ક્રમશઃ છોકરાવાળાએ અને છોકરીવાળાને તેમ જ સંબંધિત વ્યક્તિઓને અપનાવવા માટે કટિબદ્ધ કરવા જોઈએ. તો અને તો જ વિવાહોન્માદની કુપ્રથામાંથી છુટકારો મેળવી શકાશે. એના માટે સાહસ કેળવવાનો આ જ સમય છે. ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આહારકડી અને પર્યાવરણ - સંરક્ષણ

દુનિયામાં સૂર્યશક્તિનો ઉપયોગ કરીને ખોરાક બનાવવાનું કાર્ય ફક્ત લીલી વનસ્પતિ જ કરી શકે છે. તેથી જ વનસ્પતિને ઉત્પાદક કહેવાય છે. વનસ્પતિનો આહાર તરીકે ઉપયોગ કરીને જીવતાં ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, હાથી, ઊંટ, સસલાં, વાંદરા જેવાં શાકાહારી પ્રાણીઓ પ્રથમ કક્ષાના ઉપભોક્તા ગણાય છે. પ્રથમ કક્ષાના ઉપભોક્તાઓનો આહાર તરીકે ઉપયોગ કરનારાં માંસાહારી પ્રાણીઓ બીજી કક્ષાના ઉપભોક્તા ગણાય છે. આ પ્રમાણે બીજી કક્ષાના ઉપભોક્તાઓનો આહાર તરીકે ઉપયોગ કરનારાં પ્રાણીઓ ત્રીજી કક્ષાના ઉપભોક્તા કહેવાય છે. આ રીતે આપણે જોઈએ છે કે શક્તિનો પ્રવાહ સૂર્યમાંથી લીલી વનસ્પતિમાં, લીલી વનસ્પતિમાંથી પ્રથમ કક્ષાના ઉપભોક્તાઓમાં, પ્રથમ કક્ષાના ઉપભોક્તામાંથી બીજી કક્ષાના ઉપભોક્તાઓમાં અને ત્યાંથી ત્રીજી કક્ષાના ઉપભોક્તાઓ તરફ વહેતો રહે છે. દરેક સજીવ પછી તે વનસ્પતિ હોય કે પ્રાણી તેનું મૃત્યુ નિશ્ચિંત છે. મૃત પ્રાણી અને વનસ્પતિને સડીને તેનો નાશ કરવાનું કાર્ય જીવાણું અને ફૂગ કરે છે. જીવાણું અને ફૂગને આપણે અપઘટક કહીએ છીએ. શક્તિના સ્રોતને ક્રમબદ્ધ ગોઠવવામાં આવે તો ખાદ્યશ્રૃંખલા બની જાય છે. લીલી વનસ્પતિ-કીડા-મંકોડા, સાપ-મોર આ એક આહાર-કડી છે. ઉપરોક્ત ઉદાહરણમાં લીલી વનસ્પતિ ઉત્પાદક, કીડા પ્રથમ શ્રેણીના ઉપભોક્તા, દેડકાં બીજી શ્રેણીના ઉપભોક્તા, સાપ ત્રીજી કક્ષાનો ઉપભોક્તા અને મોર ચોથી કક્ષાનો ઉપભોક્તા છે. આમ વિભિન્ન પરિતંત્રોમાં આ પ્રકારની ઘણી આહાર કડીઓ જોવા મળે છે.

પ્રકૃતિની વ્યવસ્થા સ્વયંમાં સંપૂર્ણ છે. પ્રકૃતિનાં બધાં જ કાર્યો એક સુનિશ્ચિત વ્યવસ્થા અંતર્ગત થાય છે. મનુષ્ય જો પ્રકૃતિના નિયમને અનુસરે તો પૃથ્વી પર જીવનનિર્વાહની મૂળભૂત આવશ્યકતાઓમાં કોઈ ખામી રહેતી નથી, પરંતુ મનુષ્ય પોતાના સંકુચિત સ્વાર્થ માટેના કુવિચારોને કારણે પ્રકૃતિનો વધુ પડતો દુરુપયોગ કરે છે. પરિણામે પ્રકૃતિનું સમતોલન ડગમગે છે. જેના પરિણામે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ જેવી વિપત્તિઓ આવે છે અને જાનમાલને નુકસાન થાય છે. પ્રકૃતિના સ્વાભાવિક કાર્યને વ્યવસ્થિતપણે ચાલવા દઈએ તો જ પર્યાવરણને સુરક્ષિત રાખી શકાય છે (પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે પ્રકૃતિના સ્વાભાવિક કાર્યમાં કોઈ રૂકાવટ નાખવી જોઈએ નહીં). આહારકડીને તોડવામાં આવે તો નુકસાન મનુષ્યને જ વેઠવું પડે છે. ઉદાહરણ માટે એક વનમાં વાઘ અને હરણાંની વસ્તી છે. આહાર-કડી અનુસાર હરણ પ્રથમ વર્ગના ઉપભોક્તા છે અને વાઘ બીજા વર્ગના ઉપભોક્તા છે. વાઘ હરણનો આહાર કરતા રહે છે. પરંતુ જો વાઘનો શિકાર કરી વનમાં તેમની વસ્તી ઓછી કરવામાં આવે તો વનમાં હરણાંની સંખ્યા વધી જાય છે. તેમની વસ્તી વધતાં ખોરાક માટે વનનું ઘાસ ઓછું પડે છે તેથી તેઓ વસ્તી ભણી પ્રયાણ કરી ખેતરોના પાકને નુકસાન પહોંચાડે છે અને પર્યાવરણનું સંતુલન બગાડી દે છે. આ જ પ્રમાણે જો એક જંગલમાંથી હરણાંનો શિકાર કરી તેમને નામશેષ કરવામાં આવે તો જંગલમાં આહાર ન મળવાને કારણે વાઘ વસ્તી તરફ આવી માનવભક્ષી બની જાય છે. કુદરતી રીતે ચાલી રહેલ આહારકડીનો ભંગ કરવાથી પર્યાવરણ અસુરક્ષિત બની જાય છે.

પર્યાવરણના સંરક્ષણમાં અપઘટક અર્થાત્ જીવાણુ અને ફૂગ નો બહુ મોટો ફાળો છે. મરેલા જીવજંતુને કોહવડાવીને અપઘટન કરવાનું કાર્ય આ જીવાણુઓ અને ફૂગ જ કરે છે. જો આ અપઘટકો ન હોય તો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પૃથ્વી પર મરેલાં પ્રાણીઓના ઢગ જોવા મળત અને માનવવસવાટ માટે પૃથ્વી અનુકૂળ રહેત નહિ.

ઘણાં જીવજંતુઓ બાહ્ય દષ્ટિએ આપણને બિલકુલ અનુપયોગી અને નુકસાનકારક જણાય છે પરંતુ તેઓ આહારશ્રૃંખલાની એક અગત્યની કડી હોય છે અને પર્યાવરણ-સંરક્ષણમાં તેમનો ફાળો મહત્ત્વપૂર્ણ હોય છે. ઉદાહરણ તરીકે કીડામંકોડા જેવાં જીવજંતુઓ વનસ્પતિના પ્રકાંડ અને પાંદડાને ખાઈ જઈને પાકને નુકસાન પહોંચાડે છે. પરંતુ બીજી તરફ તેઓ પક્ષીઓનું ભોજન બનીને પાકને પક્ષીઓથી બચાવે છે અને પક્ષીઓ આ કીડાને ખાઈને કીડાથી પાકનું રક્ષણ કરે છે. જો આ કીડા ન હોય તો પક્ષીઓ પાકને વધુ નુકસાન પહોંચાડે. આ જ રીતે પહેલી નજરે દુશ્મન અને ખતરનાક લાગતો સાપ આહાર-કડીનો મહત્ત્વપૂર્ણ ભાગ હોવાને કારણે માનવજાત માટે ઉપયોગી છે અને ખેડૂતનો મિત્ર પણ છે. અનાજનો બગાડ કરનાર ઉંદર ખેડૂતનો દુશ્મન છે. પરંતુ આ ઉંદરોને સાપ ખાઈ જાય છે અને તેમની વસ્તી પર નિયંત્રણ રાખે છે. જો ખેતરોમાં સાપ ન હોય તો ઉંદરની સંખ્યા વધી જાય અને બધા જ પાકનો નાશ કરી નાખે. ઘાસના મેદાનમાં આમતેમ કૂદકા મારતો દેડકો એક નકામું પ્રાણી લાગે છે પરંતુ મનુષ્યના આરોગ્યને નુકસાન પહોંચાડનાર માખી અને મચ્છર જેવાં જીવજંતુને ખાઈને પર્યાવરણના સંરક્ષણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. આમ આહારકડીને તોડવાથી છેવટે નુકસાન તો મનુષ્યને જ ભોગવવું પડે છે અને પર્યાવરણનું સમતોલન જોખમાય છે. આ તો જંગલ અને કૃષિવિષયક પરિતંત્રની વાત થઈ. જો જળતંત્રની વાત કરીએ તો તેમાં લીલી શેવાળ ઉત્પાદક હોય છે. શેવાળને નાની માછલીઓ અને નાની માછલીઓને મોટી માછલીઓ ખાઈ જાય છે. જો મોટી માછલીઓ નાની માછલીઓનું ભક્ષણ ન કરે તો માછલીઓની સંખ્યા વધી જાત અને સમુદ્રમાં માછલીઓની ભીડ જમા થાત પરિણામે દરિયાનું સમતોલન જોખમાત.

લીલી વનસ્પતિ પ્રકાશસંશ્લેષણની ક્રિયા દરમ્યાન કાર્બનડાયોકસાઇડ વાયુનો ઉપયોગ કરી ઑક્સિજન વાયુ મુક્ત કરે છે અને આ રીતે વાતાવરણને શુદ્ધ કરે છે. દરેક સજીવ માટે ઑક્સિજન અત્યંત આવશ્યક છે પરંતુ મનુષ્યે વૃક્ષોનો આડેધડ નાશ કરીને આ શ્રૃંખલાનો ભંગ કર્યો છે પરિણામે અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ જેવી કુદરતી આપત્તિઓરૂપે તથા વાયુપ્રદુષણને કારણે ભયાનક બીમારીઓ રૂપે મનુષ્યને અનેક તકલીફો વેઠવી પડે છે. પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે આપણે કુદરતી ક્રમમાં કોઈ રૂકાવટ (આડખીલી) ઊભી કરવી જોઈએ નહીં. 'જીવો જીવસ્ય ભોજનમ્' મુજબ કોઈ જીવ કોઈકનું ભક્ષણ કરે તો કોઈ બીજો જીવ તેનું ભક્ષણ કરી જાય છે જ. પૃથ્વી પર બધા જ સજીવો યોગ્ય સંખ્યામાં ઉત્પન્ન થતા રહે તો જ આહારકડી વ્યવસ્થિતપણે ચાલતી રહે. તેના માટે પૃથ્વી પરના બધા જ જીવોનું રક્ષણ કરવું તે મનુષ્યની ફરજ છે. કોઈપણ જીવની હત્યા કરવી તે મનુષ્ય માટે પાપ છે. મનુષ્ય અપ્રાકૃતિકરૂપે સર્વભક્ષી છે. તે બધી જ શ્રેણીનાં જીવજંતુઓને ખાઈ શકે છે. પરંતુ તેની શારીરિક રચના અને કુદરતી સ્વભાવ મુજબ તે શુદ્ધ શાકાહારી છે. માંસાહાર તેમજ શિકારના શોખ માટે વન્ય પ્રાણીઓનો શિકાર કરીને મનુષ્યે પર્યાવરણમાં સંતુલનને જોખમમાં મૂક્યું છે. આજે પર્યાવરણના સંરક્ષણ માટે જીવહત્યા જેવા ઘૃણાસ્પદ અપરાધથી દૂર રહીને, દરેક સજીવને સંરક્ષણ બક્ષે અને વધુ વૃક્ષ વાવે તે દરેક મનુષ્યનો યુગધર્મ છે. લીલી વનસ્પતિ તેમજ શાકાહારી તથા માંસાહારી પ્રાણીઓને રક્ષણ મળતું રહે તો આહારકડીમાં કોઈ અવરોધ આવશે નહીં અને પૃથ્વીનું પર્યાવરણ પર સુરક્ષિત રહી શકશે. સરકાર પણ આના માટે ઘણા પ્રયત્નો કરી રહી છે. આ પ્રકારનાં પક્ષીઓ અને વન્ય પ્રાણીઓનો શિકાર કરવા પર પ્રતિબંધ કરવામાં આવ્યો છે. કાયદો કાયદાનું કામ કરે છે. તેમ છતાં પણ જો જનચેતના જાગૃત ન થાય તો તેમાં સફળતા પ્રાપ્ત થઈ શકે નહીં. સમાજના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિર્માણકાર્યમાં સંલગ્ન સમાજસેવી સંસ્થાઓએ જુદાં જુદાં પ્રચાર માધ્યમો દ્વારા જનચેતના જાગૃત કરવામાં પોતાના સમય, ધન અને શ્રમનો સદુપયોગ કરવો જોઈએ. શાળા-કૉલેજોમાં પર્યાવરણ- સંરક્ષણ માટે વિદ્યાર્થીઓનાં દૈનિક કાર્યોમાં એવી ટેવો પાડવી જોઈએ કે જેથી પૃથ્વીનું વાતાવરણ સુંદર, સુરમ્ય અને મનમોહક બની શકે. લોકોમાં વૃક્ષારોપણ તથા જીવસંરક્ષણ માટે જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવા જોઈએ. આ ઉદ્દેશની પૂર્તિ માટે પ્રસારણનાં વિભિન્ન માધ્યમોનો ઉપયોગ કરવો જોઈએ. આહાર-શ્રૃંખલાની પ્રથમ કડી વૃક્ષ હોવાને કારણે પર્યાવરણ-સંરક્ષણમાં વૃક્ષોનું સૌથી વધારે મહત્ત્વ છે. પોતાના તથા બાળકના જન્મદિવસે, લગ્નની વર્ષગાંઠ પર કે લગ્નની રજતજયંતી પ્રસંગે અથવા તો અન્ય શુભપ્રસંગોની સ્મૃતિરૂપે વૃક્ષ વાવાની પરંપરા શરૂ કરવાની જરૂર છે. સમાજના બુદ્ધિશાળી વ્યક્તિઓએ આ દિશામાં હકારાત્મક પહેલ કરીને આ પરંપરાને સ્થાયિત્વ પ્રદાન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ (આ પ્રથાને કાયમી બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ).

## ભગવાનના ખેતરમાં

*ભક્ત નાનો હોય તોય શું ? બેકાર હોય તોય શું ? જો તેણે સાચી ભાવના અને શુદ્ધ મનથી ભગવાનની સાથે પોતાને જોડી દીધો હોય, તો ભગવાનની જે સંપત્તિ છે, વિભૂતિઓ છે, તે બધી જ ભક્તની પોતાની બની જાય છે અને તે ભક્તને બરાબર રીતે મળતી રહે છે. તેના માટે શું કરવું પડે છે ? પોતાની જાત ભગવાનને સમર્પિત કરવી પડશે. બીજું શું કરવું પડશે ? ભગવાનની ખુશામત કરવાનું, તેને ફોસલાવવાનું અને તેને પોતાની મરજી મુજબ ચલાવવાનું બંધ કરવું પડશે, આપે જ સમર્પણ કરવું પડશે. આપણે જ પોતાની જાતને બીજ બનાવવી પડશે અને ભગવાનના આ ફળદ્રુપ ખેતરમાં પોતાની જાતને જ વાવી દેવી પડશે, પછી જુઓ કેવો પાક ઊતરે છે. મકાઈનો એક દાણો ખેતરમાં વાવવામાં આવે છે, તેમાંથી છોડ ઊગી નીકળે છે, તેને ડોડા બેસે છે, એક એક ડોડામાં સેંકડો દાણા બેસે છે. એ જ રીતે એક બીજમાંથી જ હજારો દાણા થઈ જાય છે. આપ આપની જાતને ભગવાનના ખેતરમાં વાવી દો. સમર્પિત થાઓ અને પછી જુઓ તો ખરા કે આપની પ્રગતિ ક્યાંથી શરૂ થઈને કેટલી ઊંચાઈએ પહોંચે છે. સમર્પિત થવાનું મન નથી, હિંમત નથી તો પછી કામ કેવી રીતે ચાલશે ? જો આપ આગળ આવવાની હિંમત નહીં કરો અને તમારી જાતરૂપી બીજને જિંદગીભર એક પોટલીમાં જ ગોંધી રાખશો અને પછી આશા રાખો કે ખેતરમાંથી મબલખ પાક ઊતરે, તો શું એવું કદી શક્ય થયું છે ? સમર્પિત થવું પડશે. જો આપ સમર્પણ ન કરી શકો તો ભગવાન પાસેથી શી આશા રાખી શકો ?*

**ભાગ્યના ભરોસે બેસી રહેનાર આળસુ સદા દીન-હીન જ રહેશે**

**જેનો માર્ગ સચ્ચાઈનો છે તેને કોઈ હરાવી શકતું નથી**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## સત્પ્રવૃત્તિ-સંવર્ધન આંદોલન

# ઉપાસના સફળ કેમ નથી થતી ?

ઉપાસના દેવીદેવતાઓની કરવામાં આવે છે. ભગવાન પોતે અથવા એમના સમાજ પરિવારના દેવીદેવતા જ સામાન્ય રીતે જનસાધારણની ઉપાસનાનું કેન્દ્ર હોય છે. પૂજન, અર્ચન, જપ, સ્તુતિ, દર્શન, ભોગ, પ્રસાદ વગેરે ધર્મકૃત્યોના માધ્યમથી ભગવાન અથવા દેવતાઓને પ્રસન્ન કરી શકાય છે અને જ્યારે તેઓ પ્રસન્ન થાય છે ત્યારે પોતાની ઈચ્છાનુસાર વરદાન પ્રાપ્ત કરીને અભીષ્ટ સુખસુવિધાઓનો લાભ મેળવી શકાય છે.

આ માન્યતા ક્યારેક સાચી પડે છે, ક્યારેક ખોટી. કેટલાય સાધકોએ અને તપસ્વીઓએ દુષ્કર ઉપાસનાઓ કરીને અદ્ભુત શક્તિઓ, વિભૂતિઓ તેમજ ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરી. પોતે પણ સમર્થ બન્યા અને પોતાની સાધનાનો અંશ બીજાને આપીને એમને વરદાન-આશીર્વાદથી લાભાન્વિત કર્યા. ભારતમાં જ નહિ સમગ્ર સંસારનાં પુરાણોમાં એવી કેટલીય ઘટનાઓ વર્ણવાયેલી છે, જેમાં ચર્ચાનાં મુખ્ય પાત્રોમાંથી મોટાભાગનાની શક્તિઓ-વિશેષતાઓ ઈશ્વરદત્ત હતી. ૠષિઓ, તપસ્વીઓ અને સંતોનાં જીવનચરિત્રોનાં કેટલાંય વર્ણનો મોજૂદ છે. જેમનાથી પ્રતીત થાય છે કે એમનામાં કેટલીય અલૌકિક વિશેષતાઓ હતી જે એમણે તપસાધના દ્વારા દેવતાઓ પાસેથી અથવા ઈશ્વર પાસેથી પ્રાપ્ત કરી હતી. પ્રામાણિક ઇતિહાસમાં પણ એવાં અનેક પ્રમાણો વિદ્યમાન છે જેમાં સાધનાના પરિણામસ્વરૂપ અનેક લોકોએ પોતાનાં વ્યક્તિત્વોમાં એવી વિશેષતાઓ ઉત્પન્ન કરી જે સર્વસાધારણ માટે સંભવ કે શક્ય ન હતી. આજે પણ એવી વિભૂતિઓ મોજૂદ છે જે ઉપરોક્ત તથ્યને પોતાના અદ્ભુત વ્યક્તિત્વ કે કર્તૃત્વ દ્વારા સાચું સિદ્ધ કરે છે.

સાથે સાથે ક્યારેક ઘરબાર છોડીને આખો દિવસ દેવઆરાધનામાં લીન રહેનારા લોકો સાધના શરૂ કર્યા પછી વધુ બેહાલ બનતા જોવા મળ્યા છે. એમનામાં કોઈ વિશેષતા જોવા મળી નથી, એમની આત્મિક મહત્તા વધી નથી કે એમને કોઈ સુખ-શાંતિ પ્રાપ્ત થયાં નથી. સ્વાસ્થ્ય કે સંપત્તિ તેઓ હાંસલ કરી શક્યા નથી. વિવેક કે આત્મબળ જેવી પ્રતિભા પ્રાપ્ત કરી નથી. પરંતુ એના બદલે ઉપાસના-પ્રક્રિયા અપનાવ્યા પછી એમની સ્થિતિ દરેક રીતે બગડતી જોવા મળી છે. ભૌતિક સુખસંપત્તિની વાત જવા દો. આત્મક શાંતિનો પ્રકાશ મળે તોય સંતોષ માની લેવાય. પરંતુ એમાંનું કશું જ એમનાથી પ્રાપ્ત કરી શકાયું નહિ.

આ સ્થિતિ સ્વભાવગત રીતે મનને મૂંઝવણમાં મૂકી દે છે. એક જ પ્રક્રિયાના અવલંબનથી એકને લાભ અને બીજાને હાનિ કેમ ? એકને સિદ્ધિ બીજાને હતાશા કેમ ? એ જ દેવતા, એ જ મંત્ર, એ જ વિધિ, એકની ફળદાયી અને એકની ઉપાસના નિષ્ફળ કેમ ? જો ભગવાન કે દેવતા કે એમની ઉપાસના અંધવિશ્વાસ છે તો પછી કેટલાય લોકો એનાથી લાભાન્વિત કેમ થાય છે ? જો એ સત્ય છે તો કેટલાયને એનાથી નિરાશ કેમ થવું પડે છે ? પાણી દરેકની તરસને મટાડે છે, સૂર્ય દરેકને ગરમી અને પ્રકાશ આપે છે ત્યારે દેવતાઓ અને ઉપાસના ક્રમમાં પરસ્પર વિરોધી પ્રતિક્રિયાઓ શા માટે ?

આ કોયડા વિશે અનેક રીતે વિચાર કર્યા પછી માનવું જ પડે છે કે દેવતાઓ કે મંત્રોમાં રહેલી અલૌકિકતા વડે લાભાન્વિત થવાની પાત્રતા સાધકમાં હોવી અત્યંત જરૂરી છે, માત્ર ઉપાસનાત્મક કર્મકાંડો કર્યા કરવા પર્યાપ્ત નથી. ધારદાર તલવારમાં માથું વાઢી નાખવાની ક્ષમતા છે એ વાતમાં કોઈ શંકા નથી, પરંતુ એને ચલાવનાર વ્યક્તિમાં બાહુબળ, સાહસ તેમ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ કૌશલ પણ એટલાં જ આવશ્યક છે. વીજળીમાં શક્તિની અછત નથી પરંતુ એનાથી લાભ મેળવવા માટે એને જરૂરી એવાં યંત્રો પણ જોઈએ. યંત્રો-ઉપકરણોના અભાવમાં વીજળીનો ઉપયોગ વ્યર્થ અને અનર્થ સર્જક બની રહેશે.

સ્વાતિબિંદુથી મોતીવાળી છીપ જ લાભાન્વિત થાય છે. જેનું મોઢું ખુલ્લું હોય, એને જ અમૃત જીવનદાન આપી શકે છે. પ્રકાશનો લાભ આંખો ધરાવતા લોકો જ મેળવી શકે છે. આ પાત્રતાઓ વગર સ્વાતિબિંદુ, અમૃત કે પ્રકાશ ગમે તેટલી અધિક માત્રામાં હોય એનો લાભ ઉઠાવી શકાતો નથી. આ જ વાત દેવઉપાસનાની બાબતમાં પણ લાગુ પડે છે. જેની પાચનક્રિયા બરાબર હોય એ જ ઘી-સેવનનો લાભ મેળવી શકે છે. જેમણે પોતાના વ્યક્તિત્વને આંતરિક-બાહ્ય રીતે વિચાર અને આચાર વડે પરિષ્કૃત કરવાની સાધના કરી લીધી છે, જેઓ નિર્દેશ અનુસાર પથ્ય પાલન કરે છે, તેઓ જ ઔષધિનો લાભ પામી શકે છે. તેથી પહેલાં આત્મ-ઉપાસના પછી દેવ-ઉપાસનાનું શિક્ષણ બ્રહ્મવિદ્યાના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. લોકો ઉતાવળમાં મંત્ર અને દેવતાની પાછળ અને ભક્તિની પાછળ પડી જાય છે અને એ પહેલાં આત્મશોધનની જરૂરિયાત પર ધ્યાન જ નથી આપતા. પરિણામે એમને નિરાશ જ થવું પડે છે. વાદળ ગમે તેટલું જળ વરસાવે, જેની પાસે જેટલું પાત્ર હોય એટલું જ ભરાશે. ગમે તેટલો વરસાદ આવે તો પણ આંગણામાં રાખેલાં પાત્રોમાં જગ્યા હોય એટલું જ પાણી ભરાઈ શકે છે. પોતાની અંદર જગ્યા વધાર્યા વગર કોઈ પણ વાસણ વધુ પાણી ભરાવાની આશા રાખી શકે નહિ. દેવતાઓ અને મંત્રો દ્વારા લાભો મેળવવા માટે પાત્રતા અત્યંત આવશ્યક છે.

ગુણ કર્મ સ્વભાવની દૃષ્ટિએ, આચરણ અને ચિંતનની દૃષ્ટિએ જો મનુષ્ય ઉત્કૃષ્ટતા અને આદર્શવાદિતાથી સુસજ્જ થઈ જાય તો કશાય-કલ્મષોનો કાદવ હટી જાય છે અને અંતઃકરણ તથા વ્યક્તિત્વ શુદ્ધ, સ્વચ્છ, પવિત્ર તેમજ નિર્મળ બની શકે છે. આવી વ્યક્તિ મંત્ર, ઉપાસના, તપશ્ચર્યાનો સમુચ્ચિત લાભ ઉઠાવી શકે છે અને દેવતાઓની કૃપાનો હકદાર બની શકે છે. જ્યાં સુધી આ પાત્રતા ન હોય ત્યાં સુધી વરદાન માગવાની દૂરદર્શિતા જ ઉત્પન્ન નહિ થાય અને સાધનાના પુરુષાર્થ વડે કોઈ ભૌતિક લાભ ભલે મળી જાય, દેવત્વનો એક પણ અંશ મળી શકતો નથી. આસુરી ભૂમિકા પર કોઈ સિદ્ધિ મળી પણ જાય તો અંતે એ ઘાતક જ સિદ્ધ થાય છે. અસુરોની સાધના અને એના આધારે મળેલી સિદ્ધિઓ વડે એમનો સર્વનાશ જ થયો. અધ્યાત્મ વિજ્ઞાનનો સમુચ્ચિત લાભ લેવા માટે સાધકનું અંતઃકરણ તેમ જ વ્યક્તિત્વ જેટલું નિર્મળ હશે એટલી જ એની ઉપાસના સફળ થશે. ધોયેલાં કપડાં પર રંગ સહેલાઈથી ચડી શકે છે, મેલાં પર નહિ. સ્વચ્છ વ્યક્તિત્વસંપન્ન સાધક કોઈ પણ પૂજા-ઉપાસનાનો આશાજનક લાભ સહજ રીતે જ પ્રાપ્ત કરી શકે છે.

ભગવાન અને દેવતાઓ ક્યાં છે ? કઈ સ્થિતિમાં છે ? એ તથ્યનો સાચો નિષ્કર્ષ એ જ છે કે આ દિવ્ય ચેતન સત્તા અખિલ વિશ્વ બ્રહ્માંડમાં વ્યાપ્ત છે અને ડગલે ને પગલે એમની સામે જે અણુગતિ જેવા વ્યસ્તતાનાં કાર્યો પ્રસ્તુત છે એમને પૂર્ણ કરવામાં સંલગ્ન છે. એમની સમક્ષ અસંખ્ય કોટિ પ્રાણીઓની જડ-ચેતનની બહુમુખી ગતિવિધિઓને સંભાળવાનું વિશાળકાય કાર્ય પડ્યું છે એમાં એ વ્યસ્ત છે. એક વ્યવસ્થિત નિયમ અને ક્રમ એમને આ ગ્રહ નક્ષત્રોની જેમ કાર્ય કરવામાં સંલગ્ન રાખે છે. વ્યક્તિગત સંપર્કમાં ઘનિષ્ઠતા રાખવી અને કોઈની ભાવનાઓના ઉતાર-ચઢાવ પર વધુ ધ્યાન આપવું એ એમના માટે સંપૂર્ણ રીતે શક્ય નથી. એ એવું કહે તો પણ એમના પ્રતિનિધિઓ દ્વારા જ. દિવ્યસત્તાઓએ દરેક મનુષ્યની અંદર એનાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ શરીરોમાં અન્નમય કોષ, આનંદમય કોષ, જેવાં આવરણોમાં પોતાનો એક-એક અંશ સ્થાપિત કરેલો જ છે અને એ અંશ પ્રતિનિધિ જ એ વ્યક્તિને સંભાળતો હોય છે. વરદાન વગેરેની વ્યવસ્થા આ જ પ્રતિનિધિ દ્વારા સંપન્ન થાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યક્તિની પોતાની નિષ્ઠા, શ્રદ્ધા, ભાવના અનુસાર આ દેવઅંશો સમર્થ બને છે અને દુર્બળ બને છે. એક સાધકની નિષ્ઠામાં ગહનતા અને વ્યક્તિત્વમાં પ્રખરતા હોય તો એનો દેવતા સમુચિત પોષણ પામીને અત્યંત સમર્થ દૃષ્ટિગોચર થશે અને સાધકની આશાજનક સહાયતા કરશે. બીજો સાધક આત્મિક વિશેષતાઓ ન ધરાવતો હોય તો એના અંતરંગમાં રહેલ દેવ અંશ પોષણના અભાવમાં ભૂખ્યો, રોગી, દુર્બળ બનીને એક ખૂણામાં નિસાસા નાખતો હશે. પૂજા પણ નકલી દવાની જેમ ભાવનારહિત હોવાથી એ દેવતાને પરિપુષ્ટ બનાવી શકશે નહિ અને એ વિધિપૂર્વક મંત્ર જપ વગેરે કરવા છતાં પણ સમુચિત લાભ ઉઠાવી શકશે નહિ.

વિરાટ બ્રહ્મ કેટલોય મહાન કેમ ન હોય. વ્યક્તિની, પ્રાણીની પરિસ્થિતિમાં પડેલો એ માત્ર થોડા પ્રમાણમાં જ સારાપણું બતાવી શકે છે. અંતરાત્માનો અવાજ નિશ્ચિતરૂપે ઈશ્વરની વાણી છે પણ દરેકના અંતઃકરણમાં એ સમાન રીતે પ્રબળતા ધરાવતો નથી. સજ્જનના માનસમાં મનોવિકારોનો એક અંશ માત્ર ઘૂસી જાય તો એનો અંતરાત્મા પ્રબળ પ્રતિકાર માટે ઊઠશે અને એને અત્યંત ધિક્કારશે કે એને પ્રાયશ્ચિત્ત કર્યા વિના ચેન પડશે નહિ. એનાથી ઊલટું બીજી વ્યક્તિ જે નિરંતર ક્રૂર કર્મ જ કરે છે એનો અંતરાત્મા ક્યારેક થોડોઘણો વિરોધ કરશે અને એ વ્યક્તિ એને સહેલાઈથી ઉપેક્ષિત કર્યા કરશે. ઈશ્વર બંનેના હૃદયમાં છે. બંનેના અંતરાત્માની પ્રકૃતિ સરખી જ છે. બંને પોતાની ફરજ બજાવે છે પરંતુ બંનેની સ્થિતિ સર્વથા ભિન્ન છે. જે સજ્જને સત્પ્રવૃત્તિઓને પોષણ આપીને પોતાના અંતરાત્માને નિર્મળ બનાવી દીધો છે એની પ્રબળતા ક્યારેક શાપ વરદાનના ચમત્કાર પણ પ્રસ્તુત કરી શકે છે પરંતુ બીજાઓએ પોતાના અંતરાત્માને નિરંતર કચડી રાખીને એને ભૂખ્યો રાખીને દુર્બળ બનાવી દીધો છે. એ ન તો પ્રબળ પ્રતિરોધ કરી શકે છે અને ન તો એના દ્વારા ઈશ્વરનો પોકાર સાંભળી એ પ્રમાણે વર્તી શકે છે.

સર્વવ્યાપી, સાક્ષી, દૃષ્ટા, કર્તા-હર્તા, સત્-ચિત્-આનંદ વગેરેથી સંપન્ન વિરાટ બ્રહ્મ અને દેવશક્તિઓ પણ પોતાની સીમિત પરિધિને અનુરૂપ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત અને નિર્ધારિત પ્રયોજનોમાં વ્યસ્ત છે. એ વિરાટ સત્તાઓની ઉપાસના સંભવ નથી. ઉપાસના માટે પ્રત્યેક વ્યક્તિમાં નિહિત્ એક નાનકડો પ્રતિનિધિ મોજૂદ છે. સાધકો અને તપસ્વીઓ પોતાની નિષ્ઠાને અનુરૂપ એનું પોષણ કરે છે, સમર્થ બનાવે છે અને એનો લાભ મેળવે છે. એક ગોવાળિયાની ગાય સ્વસ્થ છે, સુંદર છે અને ઘણું જ દૂધ આપે છે. જ્યારે બીજાની એવી જ હોવા છતાં દૂબળી, રોગિષ્ઠ અને ઓછું દૂધ આપનારી છે. એના કારણ વિશે કહી શકાય કે બંને ગોવાળિયાની ગૌસેવામાં ઓછી-વત્તી નિષ્ઠા છે. પોતાના અંતરંગમાં રહેલ દેવતાને ભગવાનને પોતાની આસ્થાનિષ્ઠ પવિત્રતા દ્વારા સમર્થ બનાવી શકાય છે, એ સિવાય પૂજા-ઉપાસના કાણા પાત્રમાં દૂધ રેડ્યા બરાબર છે.

રામકૃષ્ણ પરમહંસની કાળકા માએ વિવેકાનંદને આત્મશક્તિથી સંપન્ન બનાવીને એને મહામાનવોની પંક્તિમાં લાવીને મૂકી દીધા. બીજા તાંત્રિકો, અઘોરીઓ, કાપાલિકો અને ભૂવાઓ એ જ કાળકા માના ધૂપ-દીવા કરીને નાનાં-મોટાં પ્રયોજનો સિદ્ધ કરી શકે છે. વિરાટ મહાકાલી એક છે. પરંતુ રામકૃષ્ણ પરમહંસના અંતરમાં પોષણ પામેલ કાળકા માની શક્તિ અપાર હતી, જ્યારે ભૂવા-અઘોરી લોકોની કાળકા મા અત્યંત દુર્બળ અને નિમ્ન પ્રકારના હેતુઓ સિદ્ધ કરનારી હોય છે. અર્જુનના કૃષ્ણની શક્તિ મીરા અને સૂરદાસના કૃષ્ણથી જુદી છે અને રાસલીલા કરનારા પૂજારીઓની કૃષ્ણશક્તિ પણ જુદી છે. આકૃતિ તો બંનેની સરખી જ છે, પરંતુ શક્તિમાં ઘણો જ ફેર છે. આ ફેર, આ તફાવત એ સાધકોની આંતરિક સ્થિતિને કારણે સર્જાયો છે.

આ તથ્યને સમજવા માટે આપણે ઘણી મથામણ કરવી પડશે. શક્ય છે આપણે કોઈ ભ્રમજાળમાં અટવાઈ જઈએ, નિરાશા અનુભવીએ અને ઉપેક્ષા અને નાસ્તિકતા પણ હાથ લાગે તો નવાઈ નહીં. ઉપરની બાબતોના આધારે કોઈ વ્યક્તિ આશ્ચર્યજનક સફળતા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રાપ્ત કરી શકે છે અને એ જ રીતિ-નીતિ અપનાવીને બીજી વ્યક્તિ સર્વથા નિષ્ફળ સાબિત થાય છે. એ માટે કોઈ દેવી-દેવતા કે ભાગ્યને દોષ દઈ શકાય નહિ. સાચી વાત તો એ છે કે આપણે આપણા ઇષ્ટદેવને એટલો પરિપુષ્ટ કર્યો નથી કે એ આપણી પ્રાર્થના અનુસાર આપણને સહાય કરવા કમર કસવાની તૈયારી બતાવી શકે. દ્રૌપદીના કૃષ્ણ અલગ હતા. એ દ્રૌપદીની આજીજી સાંભળી એના ઉદ્ધારક સ્વરૂપે હાજર થઈ ગયા હતા. આપણા કૃષ્ણ અલગ છે. એ લગભગ ભૂખ્યા રોગી જેવા છે. પોકાર સાંભળવા છતાં સહાયતા માટે ઊભા થવાની શક્તિ એમનાં અંગોમાં નથી. પછી આપણી પ્રાર્થનાનો એ શો જવાબ આપે ?

અધ્યાત્મ વિદ્યાના તત્ત્વદર્શીઓએ આ તથ્યને છુપાવ્યું નથી. એમણે તો હંમેશાં એ જ કહ્યું છે કે આ વિરાટ બ્રહ્મમાં જે કંઈ દિવ્ય, મહાન, પવિત્ર પ્રખર છે એનો એક અંશ દરેક વ્યક્તિમાં વિદ્યમાન છે. જે વ્યક્તિ ઇચ્છે એ એને સક્ષમ બનાવી શકે છે અને અનેક શક્તિઓ અને ક્ષમતાઓરૂપી મણિ-મૌક્તિકો દ્વારા પોતાના જીવનભંડારને સમૃદ્ધ બનાવી શકે છે. ઉપેક્ષા કરવાથી કે દુર્ગતિ કરવાથી એ નિરર્થક બનીને રહેશે. દરેક વ્યક્તિના મસ્તિષ્કમાં ગણેશ વિદ્યમાન છે. જે વ્યક્તિ પોતાની બુદ્ધિનો વિકાસ કરવાની સાધના કરીને પોતાના ગણેશને પરિપુષ્ટ બનાવી લેશે એ વિદ્વાન બનીને અનેક ક્ષમતાઓનાં વરદાનો પ્રાપ્ત કરશે. જે પોતાના ગણેશના મૂળને પાણી નહિ પાય એમના સિદ્ધિ-વિનાયક ભગવાન સૂકાઈ જઈ મૂર્છિત અવસ્થામાં એક ખૂણામાં પડ્યા રહેશે. લાડુ, ખીર, ખવડાવવા છતાં, પૂજન-અર્ચન કરવા છતાં કંઈ જ મદદ કરી શકશે નહિ. બુદ્ધિમાન અને વિદ્વાન બની રિદ્ધિ-સિદ્ધિના સ્વામી બની શકાશે નહિ. દરેકની ભુજાઓમાં હનુમાનનો નિવાસ છે. વ્યાયામ કરનારા સંયમી બ્રહ્મચારી લોકો બજરંગબલીના ભક્ત સાબિત થઈ શકે છે. પરંતુ જેમણે અસંયમી અને ભ્રષ્ટ આચરણ દ્વારા હનુમાનજીને ત્રાસ આપવામાં કોઈ કસર નથી રાખી એમના ચાલીસા પાઠ કોઈ સિદ્ધિ કે સફળતા આપી શકશે નહિ. તેઓ આરોગ્ય અને બલિષ્ઠતાનું વરદાન પોતાના રોગી હનુમાન પાસેથી કેવી રીતે પ્રાપ્ત કરી શકશે ?

બાલિશ, ઉતાવળિયા અને ટૂંકી દૃષ્ટિવાળા લોકો જ ઉપાસનાને જાદુ સમજી બેસે છે. સ્તુતિ, જપ, પૂજા, પ્રસાદ જેવાં પ્રલોભનોથી ભગવાન લલચાઈ જઈને એમને મનમાન્યાં વરદાનો આપી દેશે એમ માની બેસે છે. પૂજા-ઉપાસનામાં સંલગ્ન લોકોની મનોભૂમિ બાળકો જેવી હોય છે. તેઓ વિધિ-વિધાનો, કર્મકાંડો કે ભેટોના તાણાવાણા વણ્યા કરે છે અને એ જ બખેડાઓથી પોતાનો સ્વાર્થ સાધવાની યુક્તિ-પ્રયુક્તિઓ યોજતા હોય છે. મોટાભાગના ભક્તોનાં મંડળો આ પ્રકારનાં હોય છે. તેઓ ટીલાં-ટપકાં કરીને ભગવાન પાસે પોતાની ભક્તિનું પ્રમાણ પ્રસ્તુત કર્યા કરતા હોય છે અને મુખમાં રામ બગલમાં છૂરી જેવાં નાટકો સર્જી ભગવાનની આંખમાં ધૂળ નાખી પોતાના અસલી સ્વરૂપને છુપાવીને ભક્તને મળનારા લાભો મેળવ્યા કરતા હોય છે. વાસ્તવમાં ભગવાન એટલા ભોળા નથી કે કોઈ મંત્ર એવો નથી જેનો જપ કર્યા કરીને મનમાની ઇચ્છા પૂરી કરી શકાય. ઉપાસનાનું એક સર્વાંગ-સંપૂર્ણ વિજ્ઞાન છે. અધ્યાત્મવિદ્યાને સર્વગ્રાહી વિજ્ઞાન જ કહેવું જોઈએ. એના નિયમો અને પ્રયોજનોને સમજીને એને અનુકૂળ આચરણ કરવાથી જ લાભાન્વિત થઈ શકાય છે. જો આ તથ્ય લોકો સમજી શક્યા હોત તો અધ્યાત્મ માર્ગનો પહેલો પ્રયોગ, પોતાના અંતરમાં મૂર્છિત, દમિત, ઉપવાસી અને મલિન પડેલા ઇષ્ટદેવને સંભાળવાનો, સમર્થ બનાવવાનો કરતા હોત. આ પ્રથમ પ્રયોજનને પૂર્ણ કર્યા પછી જ મંત્ર, જપ, ઉપાસના, પૂજા, સ્રોત વગેરેનો ચમત્કાર જોવાનો બીજો પ્રયોગ શરૂ કર્યો હોત. જો દરેક ઉપાસકને આ પ્રયોગોમાં સફળતા મળી હોત તો કોઈને પણ નિરાશ થવાની, વિશ્વાસ ગુમાવવાની કે મૂંઝવણમાં મુકાવાની પરિસ્થિતિ ઊભી ન થઈ હોત.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યોગ-જીવન જીવવાની કળા

આપણા વ્યક્તિગત, સામાજિક તથા રાષ્ટ્રીય જીવનમાં યોગ ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેથી યોગ શું છે એ બરાબર સમજી લેવું જરૂરી છે.

યોગનો શાબ્દિક અર્થ છે જોડાણ, મિલન. ગણિતમાં કોઈ એક સંખ્યા બીજી સંખ્યા સાથે જોડાય તો તેને યોગ કહેવાય છે. અધ્યાત્મમાં સ્વયંને આ સુંદર સૃષ્ટિ અથવા સૃષ્ટિના કણકણમાં, જડ પદાર્થોમાં, ચેતન પ્રાણીઓમાં વ્યાપક સૃષ્ટિ રૂપ સચ્ચિદાનંદ પરમ તત્ત્વ પરમાત્મા સાથે જોડવાનો તથા પોતાની અભિન્નતા અને એકતાનો અનુભવ કરવો તેને યોગ કહેવામાં આવે છે. પ્રતિક્ષણ દઢતાથી પ્રયાસ કરીએ અને બધા એક સાથે મળીને એકબીજાના કલ્યાણની ભાવનાથી કાર્ય કરીએ, એક થઈને બોલીએ, એક બીજાને આગળ વધવામાં મદદ કરીએ. સ્વયંને આ જ સૃષ્ટિમાંથી ઉત્પન્ન થયેલ, એના દ્વારા જ ઉછેરાયેલ, એનાં જ સાધનો દ્વારા એની સુવ્યવસ્થા દ્વારા બધાને પ્રેમ, સુખ, શાંતિનો સંદેશ આપતાં આપતાં એમાં જ વિલીન થઈને ફરી એમાં જ ઉત્પન્ન થવાનો અનુભવ કરવો એ યોગ છે.

સાધના જે આપણા પ્રાચીન સાહિત્યમાં લખવામાં આવી છે, જેનાથી આપણો સર્વાંગી - શારીરિક, માનસિક, બૌદ્ધિક, વ્યાવહારિક તથા આધ્યાત્મિક વિકાસ થાય છે, જેનાથી આપણે આ સૃષ્ટિને સુંદર, સુખદ અને સુવ્યવસ્થિત પ્રાણીમાત્ર માટે કલ્યાણકારી બનવાની દઢતા તથા કુશળતાથી સ્વાર્થભાવને છોડીને વધુમાં વધુ પ્રસન્નતાનો અનુભવ કરતાં કરતાં કાર્ય કરવા યોગ્ય બની શકીએ છીએ. યોગ આપણને પ્રકૃતિના બધા ભેદોને, બધા જ જડ પદાર્થો તથા ચેતન પ્રાણીઓના ગુણ, કર્મ, સ્વભાવની જાણકારી પ્રાપ્ત કરાવીને સર્વના કલ્યાણ માટે ઉપયોગ કરવા યોગ્ય બનાવે છે.

યોગ વર, કુટુંબ કે સમાજથી વિમુખ થઈને એમને છોડીને વ્યર્થ અકર્મણ્ય જીવન વ્યતીત કરવાનું શિક્ષણ નથી આપતો. એ સમાજમાં જ રહીને સમાજના વિકાસ માટે પ્રસન્નતાપૂર્વક પ્રેમમય, આનંદમય અને ક્રિયાશીલ જીવન જીવવાની પ્રેરણા આપે છે. યોગ આપણી આંતરિક શક્તિઓને જાગૃત કરે છે. યોગ આત્મ-જાગૃતિ અને આત્મવિકાસનો વિસ્તાર છે. યોગ આત્મા, મન, પ્રાણ તેમ જ ઇન્દ્રિયોમાં એકતા અને અનુશાસન સ્થાપિત કરે છે. યોગ સત્યં-શિવં-સુંદરમ્‌યુક્ત ક્રિયાશીલ આધ્યાત્મિક જીવન જીવવાનું શિક્ષણ આપે છે. યોગ અસત્યમાંથી સત્ય તરફ, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ, અવિદ્યામાંથી વિદ્યા તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ, વિરોધમાંથી સુસંવાદિતા તરફ, વિભાજનમાંથી એકતા તરફ, મૃત્યુમાંથી અમૃતત્વ તરફ જવાનું શીખવે છે.

સૃષ્ટિના સંચાલક નિરાકાર, સર્વવ્યાપક પરમ તત્ત્વે આ સૃષ્ટિના પ્રત્યેક પદાર્થ કે પ્રાણીનું નિર્માણ આ સૃષ્ટિની સુવ્યવસ્થા માટેના કોઈને કોઈ વિશિષ્ટ કાર્ય માટે કર્યું છે. એ જ રીતે પ્રત્યેક માનવીની રચના પણ કોઈને કોઈ ઉદ્દેશ્યની પૂર્તિ માટે કરવામાં આવી છે અને એ અનુસાર જ બુદ્ધિ અને શક્તિ પ્રત્યેક માનવીને મળી છે. આ માનવ શરીર અપાર શક્તિઓ અને ક્ષમતાઓનો ભંડાર છે. જો આપણે યોગ દ્વારા સાધના કરીને એ શક્તિઓને જાગૃત કરી લઈએ તો આ સૃષ્ટિની સુવ્યવસ્થા માટે રોગો અથવા અન્ય કુદરતી આફતોથી બચવા માટે સક્ષમ બની શકીએ. માનવજીવન અત્યંત મૂલ્યવાન છે. એ ચિંતાઓ તથા કુંઠાઓગ્રસ્ત હેતુ વગરનું જીવન જીવવા માટે નથી. પ્રત્યેક માનવી ભગવાનનો સાકાર પ્રતિનિધિ છે. આપણે આપણી શરીર પ્રત્યેની જવાબદારીઓ સમજીએ. એને પ્રત્યેક રીતે સ્વસ્થ રાખવાનું છે. આપણાં મન અને ઇન્દ્રિયો પર સંપૂર્ણ કાબુ રાખવાનો છે. સ્વાસ્થ્યના દરેક નિયમો પાળતાં પાળતાં અંદરથી અને બહારથી પવિત્ર અને જાગૃત રહેવાનું છે. સ્વયંને નિરાકાર ભગવાનના મહત્ત્વપૂર્ણ શક્તિમાન એવા સાકાર પ્રતિનિધિ સમજીને આ સૃષ્ટિ પ્રત્યેની સમાજ પ્રત્યેની, પોતાની ફરજોનું પાલન કરવાનું છે. માનવી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોતે જ પોતાના ભાગ્યનો વિધાતા છે અને કોઈને કોઈ પ્રકારના પોતાના જ આળસ કે દુર્વ્યવહારના કારણે રોગી કે ચિંતાગ્રસ્ત રહે છે. દુઃખ અને સુખ આપણી અંદર જ છે. સુખ-દુઃખ, ઉન્નતિ-પતનનું કારણ આપણે પોતે જ છીએ. આપણે વિપરીત પરિસ્થિતિમાં પણ આપણા જ્ઞાન દ્વારા સ્મિત વેરી શકીએ છીએ અને સારામાં સારી કે અનુકૂળ પરિસ્થિતિમાં અજ્ઞાનવશ દુઃખનો અનુભવ કરીએ છીએ. સારું એ છે કે આપણે પ્રત્યેક પરિસ્થિતિમાં આપણા નશ્વર શરીરની અંદર શુદ્ધ-બુદ્ધ, સંપૂર્ણ નિર્લેપ, અજર, અમર, અવિનાશી જ્યોતિ બિંદુ આત્માનું દર્શન તથા અનુભવ કરતાં કરતાં પ્રત્યેક ક્ષણે સ્મિતભર્યું, આનંદપૂર્ણ અને ક્રિયાશીલ જીવન જીવીએ.

કૌટુંબિક જીવન કુટુંબને સ્વર્ગ કે નરક બનાવવું આપણા જ હાથમાં છે. આપણે આપણા કુટુંબની પ્રત્યેક વ્યક્તિની જરૂરિયાતોને સમજીએ. એમના પ્રત્યેની આપણી ફરજો બજાવીએ, એમને પ્રેમ આપીએ અને પરસ્પર સદ્‌ભાવ અને સહયોગની ભાવના રાખીએ. ઘરમાં નાનાં બાળકોનું વિશેષ ધ્યાન રાખીએ - એમને સારામાં સારું શિક્ષણ મળે તેઓ સુસંસ્કારી બને ઉદ્યમી અને કર્તવ્યપરાયણ બને એવું શિક્ષણ આપીએ. જેવું તમારાં બાળકોનું ભવિષ્ય હશે એ પ્રમાણેનું જ તમારું કુટુંબ હશે. બાળકોને ધમકાવવા યોગ્ય નથી. જો તેઓ કોઈ ભૂલ કરે તો એમને પ્રેમ અને સદ્‌ભાવ દ્વારા સમજાવો.

સામાજિક જીવન - આપણે સમાજમાં રહેવાનું છે. આપણે આપણી આજુબાજુના લોકો પાસેથી કંઈક શીખીએ છીએ અને તેમને કાંઈક શીખવાડીએ છીએ. તેમની પાસેથી કશુંક મેળવીએ છીએ અને તેમને કશુંક આપીએ છીએ. તેઓ પણ આપણા જીવનના આધાર છે. આપણે એ બધાની સાથે સદ્‌વ્યવહાર કરવો જોઈએ. કોઈનું શોષણ કરવું ન જોઈએ. યોગ ભોગવાદ અને સ્વાર્થભાવનો વિરોધ કરે છે, ભૌતિક પદાર્થોના નિર્માણ કે સમૃદ્ધિનો નહિ. એમના વગર તો આપણે સમાજમાં રહી જ ન શકીએ. સમાજનું નિર્માણ જ ન કરી શકીએ. ભૌતિક સમૃદ્ધિ આપણા સ્થૂળ શરીર સાથે સંબંધ ધરાવે છે. અધ્યાત્મ આપણા ચેતન-આત્મા સાથે સંબંધ ધરાવે છે. એ આપણને પ્રેમાનંદના અનુભવની તેમ જ અન્ય લોકો પ્રત્યેના સદ્‌વ્યવહારની પ્રેરણા આપે છે. સમાજના સમતોલ વિકાસ માટે અધ્યાત્મવાદ જેટલો જ ભૌતિકવાદ પણ આવશ્યક છે. જે વ્યક્તિ પાસે ખાવા માટે ભોજન નથી, શરીર ઢાંકવા માટે કપડું નથી એને અધ્યાત્મનું શિક્ષણ આપવું અર્થહીન છે. એક ભૂખ્યા વ્યક્તિને પ્રેમ અને સદ્‌ભાવની સાથે સાથે ભોજન તથા ગરમી-શરદીથી બચવા માટે કપડાં અને મકાનની પણ આવશ્યકતા છે. સાથે સાથે એને એની પોતાની બુદ્ધિશક્તિ દ્વારા સમજી વિચારીને કામ કરવા માટેના શિક્ષણની પણ એટલી જ આવશ્યકતા છે.

દરેક વ્યક્તિ જેનું મગજ અને હાથ પગ બરાબર કામ કરે છે એ સમાજનું અભિન્ન અંગ છે. એણે પોતાના ભોજન વગેરે માટે કામ કરવાની આવશ્યકતા ન હોય તો પણ સમાજકલ્યાણ માટે કંઈક કામ તો કરવું જ જોઈએ. પોતાની શક્તિ અને યોગ્યતા અનુસાર સમાજકલ્યાણનું કાર્ય કરવું એ એની ફરજ છે. એના દ્વારા જ એ પોતે સ્વસ્થ રહેશે અને સમાજમાં સ્થાન પામશે.

જે લોકો વૃદ્ધ છે એમની સંપૂર્ણ સંભાળ રાખવી, એમની બધી જ જવાબદારીઓ નિભાવવી, એમને ખુશ રાખવાના પ્રયત્નો કરવા એ કુટુંબના સભ્યો તથા સમાજની મુખ્ય ફરજ છે.

સખત શારીરિક પરિશ્રમ તથા વ્યાયામ પછી વિશ્રામ આવશ્યક છે. સખત પરિશ્રમ અને વિશ્રામ એકબીજાના વિરોધી નથી; પૂરક છે. બંનેની સમતુલા વરદાન છે. એ જ રીતે ભૌતિક સમૃદ્ધિ વગર અધ્યાત્મ અભિશાપ છે અને અધ્યાત્મ વગર ભૌતિક સમૃદ્ધિ અભિશાપ છે. બંનેનું સંતુલન વરદાન છે.

ઇતિહાસ સાક્ષી છે કે ઈ.સ. આઠમી સદી પછી વિદેશી વેપારીઓ તથા ઉદ્યોગપતિઓની આવ-જા ભારતમાં વધી ગઈ. આપણા દેશમાં અધ્યાત્મનો એકાંગી પ્રચાર કઢંગી રીતે થવા લાગ્યો. ભૌતિકવાદ તથા વિજ્ઞાન અભિશાપ છે. એ સર્વ પ્રકારનાં કર્મબંધનોમાં તથા જન્મ-મરણના ચક્રમાં ફસાવે એવાં છે. ઘર-કુટુંબ બધાં જ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દુઃખરૂપ છે. આ સૃષ્ટિ નાશવંત છે. માયા છે, સ્વપ્નવત છે. માનવી કશું જ કરી શકે એમ નથી. જે ભાગ્યમાં હોય એ જ મળે છે. ભગવાનની ઇચ્છા વગર એક પાંદડું પણ નથી હાલતું. ભગવાન જ આવીને આપણાં દુઃખ દૂર કરી શકે છે. માનવી એકલો આવે છે એકલો જાય છે. આ શરીર પણ સાથ આપવાનું નથી - જેવા દુષ્પ્રચારથી લોકોમાં પ્રમાદતા છવાઈ ગઈ; આપણી ખેતી તથા ઉદ્યોગો પાછળ પડી ગયા. આપણી મૂળભૂત જરૂરિયાતો જરૂરી માત્રામાં મળવી મુશ્કેલ બની. તેથી આપણે નિરાશ કુંઠિત થઈને અનેકાનેક રૂઢિઓ, અંધવિશ્વાસોમાં ફસાઈ ગયા અને લગભગ એક હજાર વર્ષ સુધી ગુલામ રહ્યા. અધ્યાત્મવાદની ઉપેક્ષાના કારણે આપણે આપણા આત્મામાં રહેલી ક્ષમતાઓ, સૌંદર્ય અને શક્તિઓને પણ ભૂલી ગયા. આપણે ભાગ્યવાદી, નિરાશ અને આળસુ બની ગયા. પછી ઓગણીસમી સદીમાં રાજા રામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ, સ્વામી રામતીર્થ, લોકમાન્ય બાળ ગંગાધર ટિળક, રવિન્દ્રનાથ ટાગોર વગેરેએ ભારતીય સંસ્કૃતિનું શુદ્ધ સ્વરૂપ સામે ધર્યું અને અધ્યાત્મ તેમ જ ભૌતિકવાદ બંનેની સમાનતા સમજાવી અને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું - ઊઠો, જાગો પોતાની આંતરિક શક્તિઓને સમજો અને એમને જાગૃત કરો. જે ભગવાંનના આવવાની તમે રાહ જુઓ છો. એ તમે પોતે જ છો. માનવીનું પોતાનું કાર્યક્ષેત્ર જ એનું ધર્મક્ષેત્ર છે. કાર્ય છોડીને બેસવું અને મનમાં ભોગોની ઇચ્છા કરવી પાખંડ છે, દંભ છે. જે બીજાને આપ્યા વગર એમની પાસેથી કંઈ પણ લે છે તે ચોર છે. કાર્યમાં કુશળતા જ યોગ છે. લોકલ્યાણ માટે સ્વાર્થભાવનો ત્યાગ કરીને આ સૃષ્ટિના સંચાલકના આદેશને યાદ રાખીને પળેપળ સૃષ્ટિની સુવ્યવસ્થા અને વિશ્વકલ્યાણ માટે તત્પર બનીને કાર્યરત રહેવું એ જ યોગ છે. માનવીનો અધિકાર કાર્ય કરવામાં સમાયેલો છે, એના ફળમાં નહિ. નિશ્ચિત રૂપે કહી શકાય કે ભૌતિક સંપત્તિ જેટલી ભારતમાં છે એટલી વિશ્વના અન્ય કોઈ દેશમાં નથી. તેમ છતાં દુઃખની વાત એ છે કે આપણા ૪૦ ટકા નાગરિકોને પેટભર ખાવાનું મળતું નથી. એનું મુખ્ય કારણ છે આપણી અકર્મણ્યતા અને કર્તવ્યપાલન પ્રત્યેની અરૂચિ. આવો, આપણે યોગની પરિભાષાને યોગ્ય રીતે સમજીએ અને બધા જ ભેદભાવ છોડીને એક થઈને કામ કરીએ. સમાજ અને રાષ્ટ્રને સમૃદ્ધ કરીએ. ખેતીવાડી છોડીને ઉદ્યોગધંધા છોડીને ધ્યાનમાં બેસી જવું એ યોગ નથી. પણ યોગ્ય રીતે સ્વાર્થ ત્યાગ કરીને અર્થોપાર્જન કરવું એને એના પ્રત્યે મમત્વ ન રાખતાં એનો લોકકલ્યાણ માટે ઉપયોગ કરવો એ યોગ છે. યોગ આપણને શીખવે છે કે મન અસીમ શક્તિઓનું કેન્દ્ર છે. યોગ દ્વારા મનની ઊંઘતી શક્તિઓ જાગૃત થઈને શરીરના સ્નાયુતંત્ર પર પોતાનો પ્રભાવ પાડે છે, જેના દ્વારા આપણી વિચારશક્તિ, ચિંતનશક્તિ, સ્મરણશક્તિ અને ધારણાશક્તિ તીવ્ર બને છે. વિચારોમાં સૂક્ષ્મતા વધે છે. સંકીર્ણતાઓની દીવાલો સહજ ભાવે તૂટી જાય છે. સ્વાર્થભાવની સાંકડી ગલીમાંથી નીકળીને માનવી એક પ્રકારનું સ્વચ્છ અને તેજસ્વી જીવન વ્યતીત કરી શકે છે. વળી એની વિષય-લોલુપતા પણ સમાપ્ત થઈ જાય છે. માનવી અધ્યાત્મ ચેતનામાં નિવાસ કરતો કરતો સ્વર્ગીય સ્વતંત્રતાનો ઉપભોગ કરે છે. માનસિક સૌંદર્યબોધ એટલો તીવ્ર થઈ જાય છે કે એને સમગ્ર વિશ્વ સૌંદર્યમય પ્રતીત થાય છે. એ વસ્તુની બાહ્ય કુરૂપતામાં પણ આંતરિક સૌંદર્ય જુએ છે યોગી માટે કોઈ વસ્તુ કુરૂપ કે કોઈ ઘટના કષ્ટદાયક નથી હોતી. યોગી માટે કોઈ કાર્ય નાનું કે મોટું હોતું નથી. એ પુસ્તક લખવામાં, લોકોને શિક્ષણ આપવામાં, મજૂરી કરવામાં, કચરો વાળવામાં તથા દરેક રીતે અન્યની સેવા કરવામાં સમાન રીતે ગૌરવ તથા પ્રસન્નતાનો અનુભવ કરે છે.

યોગી અન્યને શિક્ષણ આપનારા બ્રાહ્મણોને, રક્ષણ કરનારા ક્ષત્રિયોને, વસ્તુઓનું નિર્માણ કરનારા વૈશ્યોને તથા બધાની દરેક પ્રકારે સેવા કરનાર શૂદ્રોને સમાજના ચાર પરમ આવશ્યક સ્તંભ માનીને દરેક પ્રત્યે સમભાવ રાખે છે. કોઈને નાના કે મોટા ગણતા નથી. ભારતીય સંસ્કૃતિમાં સેવાને મુખ્ય ધર્મ ગણવામાં આવ્યો છે. આ ચાર સ્તંભો જ સમાજના આધારો છે. જો આમાંથી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક પણ નિર્બળ હોય, અશિક્ષિત હોય અથવા ઉપેક્ષિત હોય તો સમાજ ગોથાં ખાવા લાગે છે. સમાજનું પતન થાય છે. આમાં ઉત્પન્ન થયેલો ભેદભાવ જ સમાજના પતનનું કારણ બન્યો.

હવે સમય છે કે આપણે પરિસ્થિતિઓને સમજીએ, આપણે બધાને પોતાના ગણીએ, બધાને એક નજરથી જોઈએ. બધા જ ભેદભાવ છોડીને બધાને સુશિક્ષિત તથા સુસંસ્કારી બનાવીએ અને સમાજને, રાષ્ટ્રને સમૃદ્ધ અને શક્તિશાળી બનાવીએ. જ્યારે મનુષ્ય મન તથા ઈન્દ્રિયોથી ઉપર ઊઠી સ્વયં પ્રકાશિત દિવ્ય જ્યોતિને પ્રગટ કરીને આત્મપરિપૂર્ણતાને પ્રાપ્ત કરી લે છે, ત્યારે, ઉચ્ચતર ચેતનાના પ્રકાશ દ્વારા નિર્મિત વિધાન માનવ સમાજ બધી જ દુર્બળતાઓને ધોઈ નાખે છે અને એક ઉચ્ચ, સ્વસ્થ, સ્વતંત્ર નૈતિક આદર્શોથી પરિપૂર્ણ વ્યક્તિગત અને સામાજિક વિકાસના ઉચ્ચતમ શિખર સુધી પહોંચી જાય છે.

પૂજ્ય ગુરુદેવના સાહિત્યમાંથી તારવેલાં ૨૪ સૂત્રો :

(૧) આત્મનિર્માણ અમારો પંથ છે.
(૨) સત્ય અમારો ઈશ્વર છે.
(૩) માનવતા અમારો ધર્મ છે.
(૪) પુરુષાર્થ અમારું કર્મ છે.
(૫) અહિંસા અમારો સ્વભાવ છે.
(૬) શાંતિ અમારી કામના છે.
(૭) યજ્ઞ અમારા પિતા છે.
(૮) ગાયત્રી અમારી માતા છે.
(૯) કર્તવ્યપરાયણતા અમારું વ્રત છે.
(૧૦) નીતિ અમારો નિયમ છે.
(૧૧) સહયોગ અમારો આધાર છે.
(૧૨) જનજાગરણ અમારું ધ્યેય છે.
(૧૩) વિશ્વશાંતિ જેનો અંત છે.
(૧૪) ન્યાય અમારો દેવતા છે.
(૧૫) સત્કર્મ અમારી પૂજા છે.
(૧૬) વિવેક અમારું વર્ચસ્ છે.
(૧૭) સમતુલા અમારી સાધના છે.
(૧૮) સંગઠન અમારી શક્તિ છે.
(૧૯) પ્રજ્ઞા દૈવી અનુદાન છે.
(૨૦) વિશ્વમાનવ અમારો ઉપાસ્ય છે.
(૨૧) રચના અમારી શ્રદ્ધા છે.
(૨૨) જ્ઞાન અમારો પ્રાણ છે.
(૨૩) ત્યાગ અને સેવા અમારું ભંડોળ છે.
(૨૪) વિચારક્રાંતિ અમારી યોજના છે.

*ધાર્મિકતાનો અર્થ થાય છે કર્તવ્યપરાયણતા અને કર્તવ્યોનું પાલન. કર્તવ્ય, કર્મ અને ધર્મ લગભગ એક જ બાબત છે. મનુષ્ય અને પશુમાં માત્ર એટલો જ તફાવત છે કે પશુ કોઈ મર્યાદામાં બંધાયેલો નથી. મનુષ્યની ઉપર હજારો મર્યાદાઓ અને નૈતિકતાનાં બંધનો બાંધવામાં આવ્યાં છે અને અનેક જવાબદારીઓનો ભાર તેના પર લાદવામાં આવ્યો છે. જવાબદારીઓ અને કર્તવ્યોને પૂરાં કરવાં તે મનુષ્યનું કર્તવ્ય છે. શરીર પ્રત્યે આપણું કર્તવ્ય એ છે કે આપણે શરીરને નીરોગી રાખીએ. મગજ પ્રતિ આપણું કર્તવ્ય એ છે કે તેઓને સદ્‌ગુણી બનાવીએ. દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિ પ્રત્યે આપણું કર્તવ્ય છે કે તેઓને ઊંચા ઉઠાવવા માટે, આગળ લાવવા કે તેઓની પ્રગતિ માટે પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવે. લોભ અને મોહના ભરડામાંથી આપણી જાતને છોડાવીને આપણા જીવાત્માનો ઉદ્ધાર કરવો એ પણ આપણું કર્તવ્ય છે. ભગવાને આપણને જે ઉદ્દેશ્યથી જે કામ માટે આ મનુષ્ય-યોનિમાં જન્મ આપ્યો છે, જે કામને પૂર્ણ કરવા આપણને સંસારમાં મોકલ્યા છે, તે કાર્યને સફળ કરવું એ આપણું પવિત્ર કર્તવ્ય છે. આ બધાંયે કર્તવ્યોને જો આપણે યોગ્ય રીતે પૂરાં નહીં કરી શકીએ તો આપણે ધાર્મિક કેવી રીતે કહેવાઈશું ?*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્વાધ્યાય : એક જાગૃત દેવતા

જ્ઞાન મેળવવા માટે અને જ્ઞાનમાં વધારો કરવા માટે પુસ્તકોનો અભ્યાસ એ એક મહત્ત્વનો આધાર છે. માનવજાતિ દ્વારા સંચિત કરાયેલું સઘળું જ્ઞાન પુસ્તકોમાં સમાયેલું છે. વિશેષ કરીને જ્યારથી છાપકામનો પ્રચાર થયો ત્યારથી તો માનવ દ્વારા એકઠું કરાયેલું સઘળું જ્ઞાન લિપિબદ્ધ કરીને પુસ્તક સ્વરૂપે સંગ્રહાવા લાગ્યું. એથી જ્ઞાનપ્રાપ્તિ માટે ઉત્તમ પુસ્તકો વાંચવા એ ખૂબ જ જરૂરી છે સારાં પુસ્તકો એક વિકસિત 'મગજ'ના માપદંડ જેવા હોય છે. મિલ્ટને કહ્યું છે કે – "સારું પુસ્તક એ એક મહાન આત્માના જીવનરક્ત સમાન છે" કારણ કે તેમાં તેના સમગ્ર જીવનના તમામ વિચારોનો સાર છુપાયેલો હોય છે. માણસ તો મરી જાય છે, પરંતુ તેનો આત્મા પુસ્તકોમાં વસતો હોય છે. ગ્રંથો સજીવ હોય છે. એટલા માટે જ મિલ્ટને કહ્યું છે – 'ગ્રંથોમાં આત્મા હોય છે. સારા ગ્રંથોનો કદાપિ નાશ થતો નથી.'

વિકાસશીલ જીવન જીવવા માટે પુસ્તકોનો સંગાથ હોવો અનિવાર્યપણે જરૂરી છે કારણ કે માણસને પુસ્તકોમાંથી જીવનનું માર્ગદર્શન અને પ્રકાશનો સ્રોત મળી રહે છે. ખરેખર તો જેમ સમુદ્રમાં ચાલતાં જહાજોને દીવાદાંડી માર્ગ દેખાડે છે, તે જ રીતે સંસારના ભીષણ મહાસાગરમાં ડૂબતા અને ગોથાં ખાતા માણસને પુસ્તકો મદદરૂપ નીવડે છે.

સિસરોએ કહ્યું છે – "પુસ્તક વગરનો ઓરડો એ આત્મા વગરના દેહ સમાન છે." કહેવાનું તાત્પર્ય એ કે, ઉત્તમ પુસ્તકો ના હોય તો માણસ જ્ઞાન મેળવી શકતો નથી અને જ્ઞાન વગરનું જીવન લાશ જેવું નિરર્થક હોય છે. જે માણસો રાતદિવસ સારાં પુસ્તકોના સંપર્કમાં રહે છે તેમની માનવીય ચેતના જ્ઞાનના પ્રકાશથી ઝળહળી ઊઠે છે. જ્ઞાનનો અભાવ પણ એક જાતનું મૃત્યુ જ છે.

ઉત્તમ પુસ્તકોમાં ઉત્તમ વિચારો સંગ્રહાયેલા હોય છે. જ્યાં આવા ઉત્તમ વિચારો, ઉદાત્ત ભાવનાઓ અને ભવ્ય કલ્પનાઓ હોય છે, ત્યાં જ સ્વર્ગ હોય છે. લોકમાન્ય ટિળકે કહ્યું છે– "હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ કારણ કે તેમનામાં તે જ્યાં પણ રહે ત્યાં આપમેળે જ સ્વર્ગનું નિર્માણ કરવાની શક્તિ છે." સ્વર્ગનું દેખીતું અસ્તિત્વ ક્યાંય છે જ નહીં. મનુષ્યના ઉત્તમ વિચારોના પરિણામે કેળવાતી મનુષ્યની શ્રેષ્ઠ મનોદશા એ જ સ્વર્ગ છે. જ્યાં પણ મનુષ્યની બુદ્ધિને ઉત્તમ પુસ્તકોનો સહવાસ મળે છે ત્યાં તેને સ્વર્ગીય અનુભૂતિ મળે છે.

સાચા, નિઃસ્વાર્થ અને આત્મીય મિત્રો મળવા બહુ મુશ્કેલ છે. આ બાબતે ઘણા બધાને નિરાશ જ થવું પડતું હોય છે. પરંતુ સારાં પુસ્તકો સામાજિક રીતે આપણા સાચા મિત્રો બની રહે છે. તે આપણને સાચો રસ્તો બતાવે છે. તે આપણને જીવનપથ ઉપર આગળ વધવામાં સહાયક પુરવાર થાય છે. મહાત્મા ગાંધીએ કહ્યું છે – "સારાં પુસ્તકો આપણી પાસે હોય તો આપણને ક્યારેય મિત્રોની ખોટ સાલતી નથી. એથી જ હું જેમ જેમ પુસ્તકો વાંચતો જાઉં છું તેમ તેમ તે મને ઉપયોગી મિત્રો જેવાં જણાય છે."

માનવજીવન અને સંસારનું જ્ઞાન અસંખ્ય વિવિધતાઓથી ભરેલું છે. માણસનું પોતાનું મન જ કેટલા બધા વિચારોથી ભરાયેલું હોય છે કે તેમાં હરપળે નવા તરંગો ઉત્પન્ન થતા રહે છે. આ અનેકતાઓના પરિણામે મનુષ્યના આંતરિક અને બાહ્ય જીવનમાં અનેક સંઘર્ષો ઉત્પન્ન થતા હોય છે. વિચારસંગ્રામમાં પુસ્તકો જ માણસ માટે અસરકારક હથિયાર સાબિત થાય છે. કોઈ એક માણસનું જ્ઞાન સીમિત કે એકાંગી હોઈ શકે છે, પરંતુ માણસ ઉત્તમ પુસ્તકોના સ્વાધ્યાયથી પોતાના પ્રશ્નોનું વાજબી સમાધાન શોધી શકે છે. ખાસ કરીને વિચારોના સંઘર્ષ વખતે પુસ્તકો જ મદદગાર સાબિત થાય છે.

પુસ્તકો એ મનને એકાગ્ર કરવાનું અને નિયંત્રિત રાખવાનું સૌથી સરળ સાધન છે. પુસ્તકો વાંચતા વાંચતા માણસ જીવનમાં સમાધિઅવસ્થા પ્રાપ્ત કરી શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એકવાર લોકમાન્ય ટિળકનું ઑપરેશન થવાનું હતું. એના માટે તેમને ક્લોરોફૉર્મ સૂંઘાડીને બેભાન કરવાના હતા. પરંતુ તેમણે ડૉક્ટરોને એની ના પાડતાં કહ્યું– "મને ગીતાનું એક પુસ્તક મંગાવી આપો. હું એને વાંચતો રહીશ અને તમે ઑપરેશન કરી લેજો." ગીતાનું પુસ્તક મંગાવવામાં આવ્યું. લોકમાન્ય ટિળક એને વાંચવામાં એવા તલ્લીન થઈ ગયા કે ડૉક્ટરોએ ઑપરેશન પૂરું કર્યું ત્યાં સુધી તેઓ સહેજ હલ્યા પણ ન હતા કે તેમને કોઈ દુઃખ પણ અનુભવ્યું નહોતું. પુસ્તકો વાંચવામાં એવી તલ્લીનતા આવી જાય છે કે જે લાંબી યોગ સાધનાઓ દ્વારા પણ પ્રાપ્ત થઈ શકતી નથી.

પુસ્તકો વાંચતી વખતે મનુષ્યની ગતિ એક સૂક્ષ્મ વિચારજગતમાં થવા લાગે છે. તે સમયે મનુષ્ય દૃશ્ય જગત, શરીર બાહ્ય વ્યાપારો કે વેરઝેર સુધ્ધાં ભૂલી જાય છે. સૂક્ષ્મ વિચારજગતમાં લટાર મારવાનો આ અવર્ણનીય આનંદ યોગીઓની સમાધિઅવસ્થાના આનંદ જેવો જ હોય છે. આ સ્થિતિમાં માણસ દૃશ્ય જગતમાંથી બહાર નીકળીને અદૃશ્ય સંસારમાં એટલે કે સૂક્ષ્મ જગતમાં વિહરવા લાગે છે અને ત્યાં તેને કેટલાય દિવ્ય ચેતન વિચારોના માનસિક સ્પર્શનો અનુભવ થાય છે. જે રીતે યોગીઓ ધ્યાનાવસ્થામાં દિવ્ય ચેતનાનું સાન્નિધ્ય મેળવતા હોય છે — આ સ્થિતિ પણ લગભગ એના જેવી જ હોય છે. પુસ્તકોનો અભ્યાસ, વાંચન કે અધ્યયન એ એક એવું સાધન છે જેનાથી માણસ પોતાના આંતરિક જીવન અને બાહ્ય જીવનનો પૂરેપૂરો વિકાસ સાધી શકે છે.

મનોવિકારોથી પીડાતા દુઃખી અને ચિંતામગ્ન રહેનારા માણસો માટે તેના દુઃખના સમયમાં ઉત્તમ પુસ્તકો અમૃત સમાન સિદ્ધ થાય છે કેમકે ઉત્તમ પુસ્તકોના સાન્નિધ્યથી તે પોતાના દુઃખ-દર્દ, ચિંતા-ક્લેષ-સઘળું ભૂલી જાય છે. સારાં પુસ્તકોમાંથી માણસને ધૈર્ય, શાંતિ અને સાંત્વના મળી રહે છે. કોઈક વિદ્વાને કહ્યું છે - "રોગી માણસને ઉત્તમ પુસ્તકોથી ખૂબ શાંતિ મળે છે. જે રીતે સ્નેહાળ માતા હલકી મીઠી થપાટો મારતાં મારતાં બાળકને મીઠી નીંદરમાં પોઢાડી દે છે, તેવી જ રીતે મન કે શરીરની પીડાને શાંત કરવા માટે ઉત્તમ પુસ્તકોનો આશ્રય લેવાથી સુખ અને રાહત મળે છે.

ઉત્તમ પુસ્તકો કે આદર્શ ગ્રંથો એ બહુ મોટી સંપત્તિ છે. પોતાનાં સંતાનોને આપવા માટે તે સંસારની સૌથી મૂલ્યવાન વસ્તુ છે. જે વડીલો પોતાનાં સંતાનો માટે વારસામાં ધન, વસ્ત્ર કે સુખસગવડનાં સાધનો નથી આપતાં, પરંતુ ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ મૂકતા જાય છે તેઓ ખરેખર ખૂબ મોટી સંપત્તિ મૂકતા જાય છે, કારણ કે માણસ ઉત્તમ ગ્રંથોના અધ્યયનથી ઋષિ, દેવતા, મહાત્મા કે મહાપુરુષ બની શકે છે. જે કુટુંબમાં જ્ઞાન મેળવતા રહેવાનો વારસો પેઢી દરપેઢી ઊતરતો આવે છે તેવા પરિવારોમાંથી પંડિત, જ્ઞાની કે વિદ્વાન અવશ્ય બહાર પડે છે. જ્યાં સારાં પુસ્તકો વસે છે ત્યાં જાણે કે દેવતાઓ વસે છે. જે જગ્યાઓ પુસ્તકો રૂપે મૂક પરંતુ જ્ઞાન-ચેતના સભર એવા દેવતાઓ વસે છે તે જગ્યા મંદિર સમાન છે. જે માતાપિતા પોતાનાં સંતાનો માટે સારાં પુસ્તકોનો સંગ્રહ મૂકતા જાય છે તે ખરેખર ધન્ય છે કારણ કે ધનસંપત્તિ કે સાધન-સગવડો તો એક દિવસ ખૂટી જાય છે અને નાશ પામીને પોતાના ભારથી માણસને ડુબાડી પણ શકે છે; જ્યારે ઉત્તમ પુસ્તકોના આધારે માણસ ભવસાગરના ભયંકર મોજાંઓ વચ્ચે પણ સરળતાથી તરતો જઈને તેને પાર કરી જાય છે.

જીવનમાં આપણે બીજી ચીજવસ્તુઓની જેમ જ પુસ્તકોનો પણ સંગ્રહ કરવો જોઈએ. જીવનની વિવિધ બાબતો ઉપર પ્રકાશ પાડનાર વિવિધ વિષયોના ઉત્તમ પુસ્તકો ખરીદવા માટે આપણે આપણા ખર્ચના બજેટમાં અનુકૂળતા મુજબ જોગવાઈ કરવી જોઈએ. કપડાં, ભોજન અને મકાનની માફક જ આપણે પુસ્તકો માટે પણ આવશ્યક હોય તેટલો ખર્ચ કરવાનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. ઉત્તમ પુસ્તકો પાછળ ખર્ચેલું ધન, જે રીતે ઘનઘોર જંગલમાં પ્રકાશ માટે ખર્ચાતું ધન વેડફાય છે, તે રીતે તો વ્યર્થ નથી જ જતું; એ વાતની ખાતરી રાખજો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધન કમાવું એ કોઈ મોટી વાત નથી. ભણેલા-ગણેલા અને વિચારશીલ માણસો માટે તે કોઈ મોટી સમસ્યા નથી. જ્ઞાનનો ઉદ્દેશ્ય વ્યક્તિગત જીવનમાં શાંતિ અને સામાજિક જીવનમાં સભ્યતા અને વ્યવસ્થા લાવવાનો છે. શિક્ષણના અભાવે આ હેતુ પાર પડી શકતો નથી. એટલા માટે વાંચન એ દરેક દૃષ્ટિએ જરૂરી છે. પુસ્તકાલય એક એવી વ્યવસ્થા છે જ્યાં સાધારણ નાગરિક પણ મહત્તમ જ્ઞાન અને વિશિષ્ટ વિચારો મેળવી શકે છે.

પુસ્તકાલયો એ સમાજની અનિવાર્ય જરૂરિયાત છે. પહેલાં માણસ ભોજન, કપડાં અને રહેઠાણની વ્યવસ્થા કરીને પોતાને જીવવાની જોગવાઈ કરી લે છે, ત્યાર પછી જ તે વિશિષ્ટ ઉન્નતિ સાધવાનું વિચારે છે. જો સમાજ વિચારશીલ હશે તો તે શાંતિ અને વ્યવસ્થાની બીજી જરૂરિયાતો પછીથી પણ પૂરી કરી શકશે. એટલા માટે પુસ્તકાલયો એ સમાજની પ્રથમ જરૂરિયાત છે કારણ કે તેનાથી જ્ઞાન અને વિચારશીલતાની સૌથી અગત્યની જરૂરિયાત પૂરી પડે છે. પરંતુ એનો અર્થ, કોઈ પણ એક જગ્યાએ ગમે તે વિષયના ઢગલાબંધ પુસ્તકો ખડકી દેવાં, એવો નથી.

ગંદા અને દૂષિત વિચારો ફેલાવનાર પુસ્તકો કરતાં તો અભણ માણસ સારો કે જે માત્ર પોતે જ દુરાચાર કરે છે, પરંતુ વધારતો તો નથી ! તે પોતે જેટલી બદીઓમાં ફસાયેલો છે તેટલા પૂરતો જ મર્યાદિત રહે છે. પુસ્તકોની યથાર્થ જરૂરિયાત તો એ છે જે પુસ્તકો પ્રગતિશીલ વિચારો આપી શકે; સમસ્યાઓનું સમાધાન આપી શકે; નૈતિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આધ્યાત્મિક અને સામાજિક ક્ષેત્રે વિશ્વબંધુત્વની પ્રેરણા અને શિક્ષણ પણ આપી શકે.

નોંધ : વાચકબંધુઓને અમારું નમ્ર નિવેદન છે કે તેઓ પોતાનાં ઘરોમાં જ્ઞાનમંદિર (પુસ્તકાલય) અવશ્ય સ્થાપિત કરે અને તેમાં સતત વધારો કરતા રહે. તેમાં નવીન સાહિત્યનો સમાવેશ કરતા રહે. પરિવારના દરેક પરિજનોને ઘેરઘેર ફરીને પુસ્તકાલયો સ્થાપવાનો અને શ્રીરામ થેલા પુસ્તકાલયની યોજના પ્રમાણે દરેકે દરેક માણસને સારું સાહિત્ય વંચાવીને આ મહાયજ્ઞમાં પોતાની આહુતિઓ અર્પણ કરવાનો અનુરોધ છે. અહીં પત્ર લખીને શ્રીરામ થેલા પુસ્તકાલયના માહિતીપત્રો વિનામૂલ્યે મંગાવી લેવા.

*દરિદ્રતા પૈસાની તંગીનું નામ નથી, પરંતુ મનુષ્યની આંતરિક કંજૂસાઈનું નામ છે. આપણે રંગીન ચશ્મા પહેરેલાં હોય અને એના દ્વારા જોવામાં આવે તો દરેક જગ્યાએ એવો જ રંગ દેખાવા લાગે છે. જેને પીળિયો થયો હોય તેને બધી જ ચીજ પીળી દેખાવા લાગે છે. બરાબર તેવી જ રીતે વિકૃત દૃષ્ટિકોણને કારણે આપણને દરેક જગ્યાએ નરક જ દેખાવા લાગે છે. દ્વેષ દેખાવા લાગે છે, આશંકા અને ભય દેખાવા લાગે છે. ઝાડીમાંથી પ્રેત અને દોરડામાંથી સાપ નીકળે છે તે વાત આપ બધાએ સાંભળી હશે. આ આશંકાઓ માત્ર આપણા વિકૃત મગજનાં ચિહ્નો છે, જેઓને ઠીક કરવામાં ન આવે તો ઘણી બધી મુશ્કેલીઓ ઊભી થાય છે. તેને આપણે દૂર કરવી જ પડશે.*

*જ્યાં મનની ઈચ્છાને અનુકૂળ પરિસ્થિતિઓ ઊભી કરવાની વાત હોય ત્યાં તેનાથી પણ વધારે મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આપણે આપણા મગજની ચિંતન કરવાની પદ્ધતિને સંપૂર્ણ રીતે સુધારી લઈએ. ચિંતન કરવાની પદ્ધતિને જો સુધારી લેવામાં આવે તો સામાન્ય પરિસ્થિતિમાં પણ હસી-ખુશીથી ભરેલી જિંદગી આપણે જીવી શકીએ છીએ. સંત ઈમર્સન કહેતા હતા કે અમને નરકમાં મોકલી દો. ત્યાં અમે અમારા માટે સ્વર્ગ બનાવી દઈશું. વાત બિલકુલ સાચી છે. શાલીનતા અને વિવેકશીલતાનો દૃષ્ટિકોણ રાખનાર, ઊંચો દૃષ્ટિકોણ ધરાવનાર, વાસ્તવિકતાને સમજનાર આ દુનિયામાં પ્રત્યેક ક્ષણે હસતાં-હસાવતાં જોવા મળે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પૃથ્વીલોકની કામધેનુ છે - ગાયત્રી

દેવી-ભાગવતપુરાણમાં મહાશક્તિ ભગવતી ગાયત્રીના મહત્ત્વનું વિસ્તારપૂર્વક વર્ણન છે. તેને તમામ દેવતાઓ માટે ઉપાસ્ય તેમજ બધા મંત્રોમાં શિરમોર બતાવવામાં આવ્યો છે. અનાદિકાળથી દરેક જગ્યાએ તેનાં ગુણગાન ગવાય છે અને તેની ઉપાસનાને પ્રમુખ મહત્ત્વ અપાયું છે. શાસ્ત્રો અને ઇતિહાસમાં પણ આવું જ વર્ણન જોવા મળે છે અને દેવતાઓ તેમ જ અવતારી દેવદૂતો દ્વારા પોતાની ઉપાસનાનું રહસ્ય જણાવતાં આ મહાશક્તિ ગાયત્રીને જ પોતાના ઇષ્ટદેવ તરીકે ઓળખાવે છે. તમામ શક્તિઓના કેન્દ્રસ્થાને ખરેખર આ જ મહામંત્ર રહેલો છે. શાસ્ત્રોમાં તેના મહત્ત્વને પુષ્ટિ આપતાં કહેવાયું છે —

ના ગાયત્ર્યાઃ પરો ધર્મો ન ગાયત્ર્યાઃ પરન્તપઃ
ન ગાયત્ર્યાઃ સમો દેવો ન ગાયત્ર્યાઃ પાતે મનુઃ
ગાતરં ત્રાયત્રે યસ્માદ્ ગાયત્રી તેન સોચ્યતે.

અર્થાત્ — "ગાયત્રીથી અલગ હોય તેવું કાંઈ જ નથી. ગાયત્રીથી શ્રેષ્ઠ અન્ય કોઈ તપશ્ચર્યા નથી. ગાયત્રી સમાન અન્ય કોઈ દેવતા નથી. ગાયત્રી મંત્ર બધા જ મંત્રોમાં સર્વશ્રેષ્ઠ છે. ગાયત્રીના સતત જપ કરનારનું આ ગાયત્રીમાતા હંમેશાં રક્ષણ કરો." એટલા માટે તેનું નામ ગાયત્રી પડ્યું છે. તેની ઉપાસના કરવાથી મનુષ્યોથી માંડીને ત્રિદેવો તેમજ અન્ય દેવતાઓનું પણ કલ્યાણ થતું હોવાનું સિદ્ધ થઈ ચૂક્યું છે. પ્રજ્ઞા તત્ત્વની અધિષ્ઠાત્રી ગાયત્રી જ છે.

આધ્યાત્મિક સાધનાઓ દ્વારા આત્માની પ્રગતિ સાધવા માટે જે શક્તિની જરૂર પડે છે તેને પ્રજ્ઞાતત્ત્વ કહેવાય છે. જો આપણે જોઈતા પ્રમાણમાં પ્રજ્ઞાનું પ્રમાણ ધરાવતા હોઈએ તો પછી આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરવામાં કોઈ અંતરાય આવતો નથી. બધી સુવિધાઓ અને પરિસ્થિતિઓ સરળ બની જાય છે, જેના દ્વારા મનુષ્ય નરમાંથી નારાયણ, પુરુષમાંથી પુરુષોત્તમ અને આત્મામાંથી પરમાત્મા બની શકે છે. તેને માટે કોઈ વિશેષ શારીરિક કે માનસિક પરિશ્રમ કરવાની જરૂર પડતી નથી. આત્માની પ્રગતિના ક્ષેત્રમાં ભૌતિક જરૂરિયાતો પૂરી કરવા માટે જરૂરી હોય તેટલો પરિશ્રમ અને મનોયોગ લગાડવો પૂરતો થઈ પડે છે. આત્માની પ્રગતિ માટે, લોભ અને મોહને સંતોષવા માટે જેટલી મહેનત કરવી પડે છે, જેટલાં જોખમો ઉઠાવવાં પડે છે, તેના કરતાં ઓછા પરિશ્રમથી કામ ચાલી શકે છે. સામાન્ય માણસોને રોજબરોજના સામાન્ય જીવનમાં સહન કરવાં પડે છે તેટલાં કષ્ટો મહાપુરુષોને સહન કરવા પડતાં નથી. તો પછી મુશ્કેલી શું છે? ઋષિ-મુનિઓ અને અધ્યાત્મક્ષેત્રના જાણકારો એક જ મુશ્કેલીની વાત કરે છે તે છે - પ્રજ્ઞાની પ્રખરતા. જો પ્રજ્ઞાને પ્રખર બનાવી શકો અથવા તે મેળવી શકો તો સમજવું કે જીવનને સાચા અર્થમાં સાર્થક બનાવનારી રિદ્ધિ-સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની સંભાવનાઓ હાથ લાગી ગઈ છે.

ખરેખર તો આ પ્રજ્ઞાતત્ત્વનું બીજું નામ જ ગાયત્રી છે. તત્ત્વજ્ઞાનીઓએ ગાયત્રી મહાશક્તિ દિવ્ય ક્ષમતાથી પૂરેપૂરી સંપન્ન છે એમ કહીને તેનું માહાત્મ્ય એટલું બધું ગાયું છે કે, તેનું શરણ લઈને કોઈ પણ માણસ સહજ રીતે જ આત્માની પ્રગતિની ઉચ્ચ કક્ષા સુધી પહોંચી શકે છે. પ્રજ્ઞાતત્ત્વને અથવા ગાયત્રીને દૂરંદેશીભરી વિવેકશીલતા અથવા આત્માની ઉન્નતિ માટે જોઈતું બળ પૂરી પાડનારી સાહસિકતા પણ કહી શકાય. ગાયત્રી ઉપાસના વડે આવી દૂરંદેશીભરી વિવેકશીલતા અને આત્માની પ્રગતિ માટે જરૂરી એવી સાહસિકતા જોઈતા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. એટલા માટે વિદ્વાનોએ આત્માની પ્રગતિ માટે કરવામાં આવતી તમામ સાધના ઉપાસનાઓમાં ગાયત્રીને સર્વશ્રેષ્ઠ માની છે.

ગાયત્રી મહાશક્તિની ઉપાસનાનું ફળ પ્રજ્ઞાની પ્રખરતાના રૂપમાં એટલે કે દૂરંદેશીભરી વિવેકશીલતા અને આત્મબળના રૂપમાં મળે છે અને તેના આધારે સાધક પોતાને આત્મિક દૃષ્ટિથી સુવિકસિત અને સુસંપન્ન બનાવી શકે છે. પરિણામે તેના આત્માનું જીવનધોરણ ઊંચું આવે છે અને તે સામાન્ય માણસ બની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ન રહેતાં દેવાત્મા, પરમાત્મા કે મહાત્માની કક્ષાએ પહોંચી જાય છે. આ સંદર્ભમાં મનુસ્મૃતિ ૨/૮૭માં ઉલ્લેખ છે કે - 'ગાયત્રી ઉપાસના એ તમામ સિદ્ધિઓ માટેના પાયા સમાન છે. ગાયત્રીઉપાસક બીજું કોઈ અનુષ્ઠાન કે સાધના ન કરે તો પણ તે બધા સાથે મિત્રની જેમ વર્તન કરતાં, બ્રહ્મને પ્રાપ્ત કરે છે. કારણ કે આ મહામંત્રના જાપથી તેનું ચિત્ત બ્રાહ્મી ચેતનાની માફક શુદ્ધ અને પવિત્ર થઈ જાય છે. જ્યાં આ કક્ષાની આંતરિક સંપન્નતા હશે, ત્યાં આત્મિક સંપન્નતાની દાસી જેવી ભૌતિક સંપન્નતા પણ ચોક્કસ હશે જ એ કહેવાની જરૂર નથી. આત્મિક દૃષ્ટિએ વિકસિત અને સંપન્ન માણસો આ ભૌતિક ઐશ્વર્યોનું વરવું પ્રદર્શન કરતા નથી પરંતુ તેમને શ્રેષ્ઠ સત્કાર્યોમાં જ પ્રયોજે છે. એટલા માટે તેઓ સાંસારિક રીતે જોતાં બીજા માણસો કરતાં સામાન્ય કક્ષાના જ જણાય છે. કેટલાકને તો વળી તેમની આવી સાદાઈ જોઈને તેઓ ગરીબ હશે એવો ભ્રમ પણ થાય છે. તેઓ બીજા તેમના વિષે શું ધારે છે તેની પરવા કર્યા વગર પોતે આત્માની મૂડી ધરાવતા હોવાને કારણે સંતુષ્ટ રહે છે અને સાચા અર્થમાં સુસંપન્ન બને છે.

જે પ્રજ્ઞાને દૂરંદેશીભરી વિવેકશીલતા, નિર્મળ પ્રખર બુદ્ધિ કે આત્મબળના નામે ઓળખવામાં આવે છે. તેને જાગૃત કરવાનો પ્રમાણભૂત, સર્વસુલભ અને સર્વશ્રેષ્ઠ ઉપાય છે - "ગાયત્રી મહાશક્તિની સાધના." આ તત્ત્વને જાગૃત કરીને સાધક પરબ્રહ્મની વિશિષ્ટ કૃપા, દૂરંદેશીભરી વિવેકશીલતા અને સન્માર્ગ અપનાવવા જેટલી પ્રખરતા પ્રાપ્ત કરે છે. તે પોતે તો આ કૃપાદાન પ્રાપ્ત કરીને ધન્ય બની જ જાય છે, ઉપરાંત પોતાની આજુબાજુના વાતાવરણમાં પણ એવી જ વિશેષતાઓ ઉત્પન્ન કરે છે. તેના શક્તિસંપન્ન વ્યક્તિત્વ વડે આજુબાજુનું અને તેના સંપર્કક્ષેત્રનું સમગ્ર વાતાવરણ પ્રભાવિત થતું જાય છે અને સુખમય સંભાવનાઓનો ક્રમ શરૂ થઈ જાય છે. તત્ત્વજ્ઞાનીઓએ આ બાબતે માનવીની મહાશક્તિનો તેની પ્રાપ્તિઓનો અને તેની ઉપાસનાનો પરિચય આપતાં ઘણું બધું કહ્યું છે. શાસ્ત્રોમાં ઠેકઠેકાણે આ સત્યનો ઉલ્લેખ જોવા મળે છે.

ગાયત્રી મહાશક્તિના ઉપાસકનો કાયાકલ્પ કેવી રીતે થાય છે? શાસ્ત્રકારોનું આ બાબતે કહેવું છે કે, આ શક્તિ માણસમાં સત્ય-અસત્યનો ખ્યાલ જાગૃત કરે છે, વિવેક જાગૃત કરે છે અને બુદ્ધિનો વિકાસ કરી તેને કેળવે છે. તેને પ્રાપ્ત કરવાથી સૌથી પહેલો ચમત્કાર તો એ થાય છે કે સાધક વાસના-તૃષ્ણાની પશુ જેવી પ્રવૃત્તિઓમાંથી બહાર આવીને માનવીને લાયક કર્મધર્મને સમજવા માટે અને તે પ્રમાણેની ઉત્કૃષ્ટ નીતિ અપનાવવા માટેની આંતર્પ્રેરણાઓ પ્રાપ્ત કરે છે. ઉપરાંત તે હિંમતપૂર્વક આદર્શવાદી જીવન જીવવાની દિશામાં અગ્રેસર થાય છે. આવા માણસો અભાવની દૃષ્ટિએ કુવિચારો તેમજ કુકર્મોથી અલિપ્ત થઈ જાય છે અને તેમના કામકાજમાંથી તેમજ તેમના મનોજગતમાંથી ખરાબ બાબતો સાવ નિર્મૂળ થઈ જાય છે. શાસ્ત્રકારે આવા પરિવર્તનને ધર્મસંસ્થાપના અને અધર્મનિવારણ તરીકે ઓળખાવીને પ્રાર્થના કરી છે —

ધર્મોન્નતિયધર્મસ્ય નાશનં જનહૃદછુચિમ્
માંગલ્યે જગતો માતા ગાયત્રી કુસનાત્સદા.

અર્થાત્ — " ગાયત્રી માતા ધર્મની ઉન્નતિ, અધર્મનો નાશ, ભક્તોના હૃદયની પવિત્રતા તેમજ સંસારનું કલ્યાણ કરો."

મહાભારતના ભીષ્મપર્વ ૧/૪/૧૬માં પણ ઉલ્લેખ છે કે,—

યએતાંવેદગાયત્રીં પુણ્યાંસર્વ ગુણાન્વિતામ્
તત્ત્વેન ભરતશ્રેષ્ઠ સલોકેન પ્રણશ્યતિ.

અર્થાત્— "હે રાજન ! જે કોઈ આ પરમ પવિત્ર સર્વગુણસંપન્ન ગાયત્રી તત્ત્વજ્ઞાનને સમજીને તેની ઉપાસના કરે છે તેનું સંસારમાં કદાપિ પતન થતું નથી.

ગાયત્રી મહામંત્રમાં જે પ્રજ્ઞાને 'ધિયઃ' શબ્દ વડે સંબોધવામાં આવી છે અને તેને આંતર્ચેતનાના અણુએ અણુમાં ઓતપ્રોત કરવાની ઘોષણા કરી છે, તેની જ શાસ્ત્રકારો દ્વારા અન્યત્ર ચર્ચામાં ઋતંભરા પ્રજ્ઞા કે ભૂમા વગેરે નામથી કરી છે. આ શબ્દ સામાન્ય વ્યવહારમાં વપરાતી બુદ્ધિ માટે પ્રયોજવામાં આવ્યો નથી. આ સામાન્ય વ્યવહારમાં વપરાતી બુદ્ધિનો વિકાસ તો બીજા સામાન્ય ઉપાયો વડે પણ થઈ શકે છે. ચાતુર્ય, કુશળતા અને જાણકારી વધારવાનું કામ શાળાઓમાં શિક્ષણના માધ્યમથી પણ થઈ શકે છે. પ્રજ્ઞાતત્ત્વ એ આનાથી બિલકુલ ભિન્ન તત્ત્વ છે. જે વિદ્યા વડે સાધકને આત્મબોધ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થાય છે. જે વિદ્યા વડે તે જીવનના મહત્ત્વ, સ્વરૂપ અને લક્ષ્યને જાણી શકે છે. જે વિદ્યા વડે તે સત્ય-અસત્યને સારા-નરસા કે સુયોગ્ય-અયોગ્યને જાણી શકે છે તેવી કેળવાયેલી અંતઃવૃત્તિનું નામ જ પ્રજ્ઞા છે, અને તેને જ ગાયત્રી કહેવાય છે.

ગાયત્રી ઉપાસના દ્વારા સાધકમાં પ્રજ્ઞાશક્તિની અભિવૃદ્ધિ થવાની સાથે જેનું વર્ણન વિદ્યાના ઊંડાણ, યોગ, તપ વગેરે સાધનાવિધાનો સાથે સંકળાયેલું છે; તેવી વિશિષ્ટ ક્ષમતાઓ કે સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે. ગાયત્રી ઉપાસકની આત્માની મૂડી વધતી જ રહે છે અને જો તે ધૈર્ય તેમજ સાહસ જાળવીને પોતાના આત્મસુધારણાના સાધનાપથ ઉપર ચાલતો રહે તો એક દિવસ તે નરમાંથી નારાયણના સ્તર સુધી પહોંચીને સિદ્ધપુરુષો સમાન સ્થિતિ મેળવી શકે છે. બ્રહ્મવૈવર્ત પુરાણમાં આ સત્યને જાહેર કરતાં કહેવાયું છે કે -

"હે આદ્યશક્તિ, આપ યોગીઓને યોગ પ્રદાન કરનારી છો, યોગનિદ્રારૂપ છો, યોગરૂપા છો, યોગદાત્રી છો. આપ સિદ્ધ પુરુષોને સિદ્ધિઓ આપનારી છો. આપ સિદ્ધિદા- એટલે કે સિદ્ધિઓની યોગિની છો. આપ વિદ્વાનોની વિદ્યા અને બુદ્ધિશાળી સત્પુરુષોની બુદ્ધિ છો. આપ પ્રતિભાશાળી પુરુષોમાં મેધા, સ્મૃતિઓ અને પ્રતિભાના સ્વરૂપે રહેલા છો. બ્રહ્મા વગેરે સમસ્ત દેવો આપની પૂજા કરે છે. બ્રાહ્મણોનું બ્રહ્મતત્ત્વ અને તપસ્વીઓનું તપ આપ જ છો."

બૃહદારણ્યક ઉપનિષદમાં ગાયત્રીને બ્રહ્મવિદ્યા વેદવિદ્યા અને પરબ્રહ્મ શક્તિના સ્વરૂપ તરીકે ઓળખાવી છે અને કહેવાયું છે કે સાધક આ મહાશક્તિનું શરણ લઈને બ્રહ્મતેજનો અધિકારી બને છે અને તે આ સંસારમાં જે કાંઈ પામવા માટે યોગ્ય હોય તે સઘળું પ્રાપ્ત કરી શકે છે, જેમકે—

તેજોઽસિ શુક્રમસ્યમૃતમસિ ધામનામાસિ.
પ્રિયં દેવાનામનાધૃષ્ટં દેવયજનમસિ.
ગાયત્ર્યસ્યેકપદી દ્વિપદી ત્રિપદી ચતુષ્પદ્યાપદસિ
નહિ પદ્યસે નમસ્તે તુરીયાય દર્શનાય પદાય
પરોરજસેસાવદો મા પ્રાપત્
- બૃહદારણ્યક ઉપનિષદ ૫/૧૪/૭

એટલે કે હે ગાયત્રી ! તમે તેજરૂપ છો, નિર્મળ પ્રકાશ રૂપ છો, અમૃત અને મોક્ષરૂપ છો, ચિત્તવૃત્તિઓને અંકુશમાં રાખનારા છો, દેવતાઓ માટે પણ આરાધ્ય છો, દેવપૂજાનું સર્વોત્તમ સાધન તમે જ છો. હે ગાયત્રી ! તમે આ સમગ્ર બ્રહ્માંડની સ્વામિની હોવાને કારણે એકપદી, વેદવિદ્યાની આધારશિલા હોવાને કારણે દ્વિપદી, સમસ્ત પ્રાણશક્તિનો સંચાર કરવાની હોવાને કારણે ત્રિપદી અને સૂર્યમંડળમાં બિરાજતા પરમ તેજસ્વી પુરુષોનો આત્મા હોવાને કારણે ચતુષ્પદી છો. રજસ્ તત્ત્વથી દૂર એવાં હે ભગવતી ! શ્રદ્ધાળુ સાધકો કાયમ તમારી ઉપાસના કરે છે.

ગાયત્રી મંજરીમાં કહેવાયું છે કે —

ભૂલોકસ્યાસ્ય ગાયત્રી કામધેનુર્મતાબુધૈઃ
લોક આશ્રાયણે નામું સર્વમેઘાધિગચ્છતિ.

અર્થાત્- વિદ્વાનોએ ગાયત્રીને પૃથ્વી પરની કામધેનુ માની છે. આપણે તેનો આશ્રય લઈને સઘળું પ્રાપ્ત કરી શકીએ છીએ.

ગાયત્ર્યા સર્વ સંસિદ્ધિર્દ્વિજાનાં શ્રુતિ સમ્મતા ।

અર્થાત્ — વેદોમાં વર્ણવેલી તમામ સિદ્ધિઓ ગાયત્રી ઉપાસના વડે મેળવી શકાય છે.

ગરુડપુરાણમાં ઉલ્લેખ છે કે, "જે કોઈનો હાથથી સ્પર્શ થાય છે અને જે કોઈ આંખથી જુએ છે એ સૌ તેમાં જ સમાઈ જાય છે. ગાયત્રી સિવાય બીજું કશું છે જ નહીં. ગાયત્રી એ સર્વોત્તમ શિરમોર સમાન મંત્ર છે."

સંધ્યા ભાષ્યમાં ગાયત્રીને સર્વત્ર આત્માને પ્રખર કરનારો મંત્ર કહેવાયો છે. આધ્યાત્મિક પ્રગતિ માટે કે આત્મબળને પ્રખર બનાવવા માટે ગાયત્રી મહાશક્તિ કઈ રીતે ઉપયોગી છે તે પ્રજ્ઞાતત્ત્વના મહત્ત્વથી સમજી શકાય છે. પ્રજ્ઞાશક્તિને ટૂંકમાં સાધકના પંથને સતત પ્રકાશમય રાખનાર અને તેના બળને રાતદિવસ જાગૃત રાખનાર સૂર્ય તરીકે ઓળખી શકાય. આ શક્તિને જાગૃત કરવા માટે ગાયત્રી મહામંત્રની તોલે આવે એવી બીજી કોઈ ઉપાસના નથી. એટલા માટે ગાયત્રીને સર્વશ્રેષ્ઠ ઉપાસના કહેવામાં આવી છે. આ મહામંત્ર તમામ દેવતાઓના સાક્ષાત સ્વરૂપ સમાન, સર્વશક્તિમાન, સર્વને પ્રકાશ આપનાર અને દરેકને પરમાત્માના સર્વોત્તમ સ્વરૂપનું જ્ઞાન કરાવનાર છે. આપણે આત્માની ઉન્નતિ માટે તેનો આશ્રય લેવો જ રહ્યો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઉપાસનામાં તન્મયતાનું મહત્ત્વ

એકાગ્રતા એ એક ઉપયોગી સદ્પ્રવૃત્તિ છે. મનના અનિયંત્રિત વિચારો અને બિનજરૂરી તરંગો ઉપયોગી વિચારશક્તિને વેડફી નાખે છે. તેને જો કોઈ ચોક્કસ લક્ષ્ય ઉપર કેન્દ્રિત કરવામાં આવે તો જે-તે લક્ષ્યના ઊંડાણમાં ઊતરવાનો અને અગત્યની પ્રાપ્તિઓ મેળવવાનો અવસર મળી રહે. મનની ચંચળતા જ મનોજગતની દિવ્ય ક્ષમતાને એમને એમ વ્યર્થ ગુમાવતી રહે છે અને તેને વેરણછેરણ કરતી રહે છે.

કેટલાક લોકો એકાગ્રતાનો અર્થ 'મનની સ્થિરતા' એવો કરે છે અને ફરિયાદ કરતા હોય છે કે ઉપાસના વખતે તેમનું મન ભજનમાં એકાગ્ર કે સ્થિર રહેતું નથી. આવા લોકો એકાગ્રતા અને સ્થિરતા વચ્ચેનો ભેદ ન પારખી શકવાને કારણે જ એવી ફરિયાદ કરતા હોય છે. મનની સ્થિરતા એ તદ્દન અલગ વાત છે. તેને એકાગ્રતા સાથે લગભગ મળતી આવતી સ્થિતિ કહી શકાય ખરી. પણ એ બંને વચ્ચે કોઈ સીધો સંબંધ નથી. જેનું મન સ્થિર હોય તેને એકાગ્રતાનો પણ લાભ મળી રહે અને જેણે એકાગ્રતા કેળવી હોય તેને સ્થિરતા પ્રાપ્ત થઈ જાય, એ જરૂરી નથી.

સ્થિરતાને નિર્વિકલ્પ સમાધિ તરીકે ઓળખાવવામાં આવી છે. જ્યારે એકાગ્રતાને સવિકલ્પ સમાધિ તરીકે જણાવાઈ છે. સવિકલ્પનો અર્થ છે કે, જે તે સમયગાળામાં યોગ્ય કે જરૂરી વિચારો મનોજગતમાં પોતાનું કામ કરતા રહી શકે છે. જ્યારે નિર્વિકલ્પનો અર્થ છે, એક જ કેન્દ્રબિંદુ ઉપર સમગ્ર ચિંતન સંકોરાઈને સ્થિરતાની કક્ષા પ્રાપ્ત થઈ જવી.

અહીં મનોજગતની સંરચનાને ધ્યાનમાં રાખવી જોઈએ. એક વૈજ્ઞાનિક જેવી દૃષ્ટિ કેળવીને સાધનાના ઊંડાણમાં પ્રવેશ કરીએ તો મનની રચના એક પ્રચંડ વિદ્યુતમથક જેવી અનુભવી શકાય છે. તેના અંદરના અને બહારના ક્ષેત્રમાં વિચારતરંગોના આંધી-તોફાન સતત ઉછળતા જ રહે છે. આ તોફાની તરંગો જેટલી તીવ્ર ગતિ ધરાવતા હોય, માનસિકતા તેટલી જ વધારે પ્રખર અને બુદ્ધિ તેટલી જ વધારે કુશાગ્ર માનવામાં આવે છે અને જ્યાં આ તરંગોમાં જેટલી મંદગતિ હશે ત્યાં તેટલી જ જડતા, આળસ, પ્રમાદ અને મૂર્ખામી છવાયેલી હશે. થાકેલા મસ્તકને નિદ્રા ઘેરી વળે છે. એટલે કે તેની ગતિશીલતા શિથિલ થઈ જાય છે. આવી કૃત્રિમ ઊંઘ ક્લોરોફોર્મ સૂંઘાડીને કે નશીલી દવા પીવડાવીને ઉત્પન્ન કરી શકાય છે. બેભાનઅવસ્થામાં મસ્તકની ગતિશીલતા ખોરવાઈ જાય છે.

સ્થિરતા લગભગ આ જ કક્ષાની હોય છે. ખાડામાં દટાઈને પ્રદર્શન કરવામાં આવે છે તે જડ સમાધિમાં આવી જ સ્થિરતા હોય છે. મનસ્વી લોકો પોતાની સંકલ્પશક્તિ વડે હૃદયના ધબકારા અને માનસિક સક્રિયતાને સાવ ઠપ્પ કરી નાખે છે. સ્થિરતા એ જડ સમાધિના વર્ગમાં આવે છે. તે સંકલ્પશક્તિથી ઉત્પન્ન કરી શકાય છે. આરામ મળે છે એ સ્થિરતાનો ફાયદો ગણી શકાય. તેનાથી માનસિક થાક દૂર થઈ શકે છે અને જે રીતે ઊંઘ લીધા પછી જાગીએ ત્યારે નવી ચેતના અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે તેવો જ ફાયદો મનની સ્થિરતાથી મળી શકે છે. સામાન્ય રીતે આ સ્થિતિને શિથિલીકરણ મુદ્રાનો એક પ્રકાર કહી શકાય. તેમાં પણ શરીર અને મનની સ્થિરતા એટલે શિથિલતાની જ ટેવ પાડવામાં આવે છે. મેસ્મેરિઝમ કે હિપ્નોટિઝમના પ્રયોગમાં પણ કાળા ગોળાના માધ્યમ વડે આનો જ અભ્યાસ કરવો પડે છે. આંખોમાંથી વેધક દૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે એકાગ્ર થયેલી મનોશક્તિઓને એક જ સ્થાન ઉપર કેન્દ્રિત કરવામાં આવે છે. આવી સ્થિરતાથી એવા જ સામાન્ય ચમત્કારો કરી શકાય છે, જેને માટે સામાન્ય રીતે આધ્યાત્મ સાધનાના વિદ્યાર્થીઓ લલચાતા હોય છે અને જો ન મળે તો પોતાનો અભ્યાસ નિષ્ફળ ગયો એમ અનુભવીને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉદાસ થાય છે.

મનને સ્થિર કરવું એ ખૂબ મુશ્કેલ છે. માત્ર ત્રણ મિનિટ જેટલી સ્થિરતા મળી જાય તો સાધક છેક શૂન્યાવસ્થા સુધી પહોંચી જાય છે. જેમને નિર્વિકલ્પ સમાધિની ઇચ્છા હોય, તેમણે જ સ્થિરતા માટેની ઇચ્છા અને પ્રયત્નો કરવા જોઈએ. સવિકલ્પ સાધનામાં સ્થિરતાની નહીં પરંતુ મનને એક જ દિશામાં કે એક જ વિચારમાં નિયંત્રિત રાખવાની જરૂર છે. ધ્યાનનો મુખ્ય હેતુ પરબ્રહ્મમાં આત્મસમર્પણ અને તે પરમશક્તિનું આત્માની શક્તિમાં અવતરણ કરવું એ જ હોય છે. તેના માટે કેટલીયે જાતની સાકાર કે નિરાકાર ધ્યાન-ધારણાઓ પ્રચલિત છે. તેમાંથી જે ઉપયોગી અને ફાવે એવી લાગે તેને અપનાવી શકાય છે.

સ્થિરતાની કક્ષાની એકાગ્રતા હિપ્નોટિઝમના પ્રયોગોમાં કામ આવે છે. સરકસના કેટલાય ખેલોમાં મોટેભાગે માનસિક સ્થિરતા જ એનો ચમત્કારી પ્રભાવ દાખવતી હોય છે. પ્રખર યાદશક્તિવાળા માણસો મોટે ભાગે એકાગ્રતા કેળવવાના અભ્યાસી હોય છે. સંશોધકોની સફળતાનો આધાર પણ આ જ છે. આટલું હોવા છતાંય તેને આત્માની પ્રગતિ સાધવા માટેની અનિવાર્ય જરૂરિયાત માની ના લેવાય. વધુમાં વધુ તે સહાયક કે મદદગાર નીવડે છે એમ કહી શકાય. જો એમ ના હોત તો આ બધા એકાગ્રતા સિદ્ધ કરેલા લોકો આત્મબળસંપન્ન બની ગયા હોત. તેમની ગણતરી સિદ્ધ યોગી પુરુષોમાં થવા લાગી હોત. એથી ઉલટું મોટે ભાગે બધા જ લાગણીશીલ ભાવુક ભક્તો ભાવાવેશમાંથી ઉત્પન્ન થતી ચંચળતામાં ઘેરાયેલા હોય છે. મીરા, ચૈતન્ય, રામકૃષ્ણ પરમહંસ વગેરે આ જ વર્ગમાં આવતાં, કેમ કે મોટેભાગે તેઓ લાગણીશીલતામાં ઘેરાયેલા રહેતા.

આત્મસાધનામાં તલ્લીન રહેલા સાધક અને વિદ્વાન કવિરાજ ગોપીનાથજી 'શ્રી શ્રી સદ્‌ગુરુ પ્રસંગ' નામના પોતાના સંપાદિત ગ્રંથમાં સ્પષ્ટ કરે છે કે મનની સ્થિરતા અને એકાગ્રતાનું સારતત્ત્વ 'તન્મયતા'માં આવી જાય છે. તન્મયતાનો અર્થ છે – પોતાના ઇષ્ટની સાથે પોતાની ભાવસંવેદનાઓને કેન્દ્રિત કરીને જોડી દેવી. જ્યારે ઇષ્ટ પ્રત્યે અખૂટ શ્રદ્ધા હોય ત્યારે જ આવી સ્થિતિ ઉત્પન્ન થઈ શકે અને શ્રદ્ધા જ્યારે કોઈના ગૌરવ ઉપર ભરપૂર વિશ્વાસ હોય ત્યારે જ ઉત્પન્ન થાય છે. સાધકે પોતાની મનોભૂમિકા એવી બનાવવી જોઈએ કે જેમાં ઇષ્ટ અને પથદર્શક સદ્‌ગુરુની પરમશ્રેષ્ઠતા ઉપર, તેમની અસીમ શક્તિઓ ઉપર અને તેમના સંપર્કમાં આવનારનો ઉત્કર્ષ અચૂક થાય છે તે બાબત ઉપર ગાઢ વિશ્વાસ જામતો જાય.

આ કાર્ય અનુભવીઓ દ્વારા કહેવાયેલાં શાસ્ત્રવચનોનાં સત્પરિણામોનું અને ઉપાસના વિજ્ઞાનની પ્રામાણિકતા એટલે કે ચોકસાઈનું ખૂબ ઊંડુ અધ્યયન કરવાથી સંપન્ન થઈ શકે છે. શંકાથી ઘેરાયેલું અવિશ્વાસી મન ઉપેક્ષાભાવથી અડધાપડધા મનથી ઉપાસના કરે તો સ્વાભાવિક જ તેને તે ગમશે કે ફાવશે નહીં, મન જ્યાં ત્યાં ભટકે રાખશે. કોઈ પણ કાર્યમાં મન લગાડવા માટે તેમાં સમુચિત આકર્ષણ ઉત્પન્ન કરવું જરૂરી છે. આ જ કારણે આજિવિકા રળવામાં, ઇન્દ્રિયોના ભોગવિલાસોમાં, આનંદપ્રમોદ કે મનોરંજનમાં, સુખદ કલ્પનાઓમાં અને પ્રિયજનના સાન્નિધ્યમાં મન સહેલાઈથી લાગતું હોય છે.

એનું કારણ એ છે કે આ પ્રસંગોમાંથી મળનારા સુખ વિષે, ફાયદાઓ વિષે અને તેના સુખદ અનુભવ વિષે અગાઉથી વિશ્વાસ જામેલો હોય છે. અહીં આ આકર્ષણો દીર્ઘદૃષ્ટિએ મૂલવતાં લાભદાયક છે કે નહીં તે પ્રશ્ન નથી. અહીં સાર માત્ર એટલો જ છે કે એ વિષયોના અનુભવો અને ટેવોના આધારે તેના માટે મનમાં આકર્ષણ ઉત્પન્ન થયેલું હોય છે. એ આકર્ષણના પરિણામે જ મન હરીફરીને ત્યાં જ જઈ પહોંચે છે, તેમાં જ રત રહે છે અને હટાવવાનો પ્રયત્ન કરીએ તો પણ મન તેમાંથી હટતું નથી.

માનસિક સંરચનાના આ સત્યને ધ્યાનમાં રાખીને આપણે ઉપાસનાના સમયે મનને ઇષ્ટ પ્રત્યે કેન્દ્રિત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાખવાની આવશ્યકતા પૂરી કરતાં પહેલાં જ મનને કેળવવું જોઈએ. ગાયત્રી મહાશક્તિ વિષે અને સૂર્યતત્ત્વ વિષે જેટલું અધિક જ્ઞાન કે માહિતી મેળવી શકાય તેટલું પૂરેપૂરું મન લગાડીને એકઠું કરવું જોઈએ. જાણકાર માણસો સાથે તેની ચર્ચા કરવી જોઈએ. જેમણે તેનો લાભ મેળવ્યો હોય તેમના અનુભવો સાંભળવા જોઈએ. આ કાર્ય સારા વિષયોના સ્વાધ્યાયથી અને મનન અને ચિંતન કરવાના એકાકી પ્રયત્ન કરવાથી પણ શક્ય બને છે.

ચેતનાશક્તિનો ઉત્કર્ષ સાધવામાં અને તેની સુધારણા કરવામાં તન્મયતા એ સૌથી મોટો આધાર છે. શરીર વડે કરાતા કર્મકાંડોનો હેતુ, તેને કારણે અંતઃકરણને પણ એની સાથે જ ચાલવા માટે આધાર મળી રહે, એટલો જ છે. ઊંડું ચિંતન કરવાથી જ આત્માની ભાવભૂમિકામાં સ્પંદનો પેદા થાય છે અને પ્રગતિ માટેની સામગ્રી એકઠી થતી જાય છે. જો મન ઇષ્ટ ઉપર કેન્દ્રિત હોય નહીં અથવા મંત્રદીક્ષા આપનારા ગુરુ પરની શ્રદ્ધા ઓછી હોય તો એ સ્થિતિમાં મંત્રોચ્ચારનો શ્રમ એ માત્ર જીભની કસરત બનીને રહી જાય છે.

તન્મયતાની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે લાંબા સમય સુધી ધીરજપૂર્વક પ્રયત્ન કરવો પડે છે. આ કામ કાંઈ એક બે દિવસમાં પૂરું થઈ જાય તેવું નથી. મનનો મૂળ અનુભવ અને ટેવ ભૌતિક આકર્ષણો સાથે જ ખેલતા રહેવાની છે. તેને એનાથી દૂર રાખવા માટે તેના કરતાં વધારે નહીં તો ઓછામાં ઓછું એટલું આકર્ષણ તો તેને બતાવવું જ જોઈએ. મનને પોતાને અણગમતી બાબત પર કેન્દ્રિત થવાની ટેવ છે જ નહીં. જ્યાં આકર્ષણ નહીં હોય ત્યાંથી તે ખૂબ કંટાળી જાય છે અને તે ત્યાંથી છૂટું પડવા માટે, ભાગી છૂટવા માટે એટલા ધમપછાડા કરે છે કે એવું કાર્ય લાંબો સમય ચાલુ રાખવું મુશ્કેલ બને છે. અચેતન મન ત્યાંથી ભાગી છૂટવા માટે કેટલી કેટલી યુક્તિ-પ્રયુક્તિઓ કરતું રહે છે અને જાતજાતના બહાનાઓ બનાવતું રહે છે. ખંજવાળ આવવી, કોઈ સામાન્ય અવાજ આવે ત્યારે એ તરફ જોવું, બગાસાં આવવાં, કપડાં સરખાં કરવાં કે પલાંઠી બદલે રાખવી જેવી ચિત્રવિચિત્ર ક્રિયાઓ મન ત્યાં લાગતું નથી એ દર્શાવે છે અને તે કામ છોડીને જલદીથી ભાગી નીકળવા માટે અધીરું થઈ ગયું છે તે પ્રગટ કરે છે.

આ સ્થિતિનો સામનો કરવાનો ઉપાય એ છે કે શ્રદ્ધા ઉત્પન્ન કરનારા સ્વાધ્યાય અને સત્સંગના મનન અને ચિંતનનો એવો ક્રમ બનાવવામાં આવે કે જેનાથી એ દિશામાં ચાલવાથી પ્રાપ્ત થનારાં સદ્‌પરિણામો વિષે તર્ક, તથ્ય, પુરાવાઓ અને ઉદાહરણોના આધારે પોતાની ઇષ્ટ પ્રત્યેની નિષ્ઠા અને ગુરુ પ્રત્યેની ભક્તિ ઉત્તરોઉત્તર પ્રગાઢ બનતી જાય. આવી પ્રગાઢતા કે ઊંડાણ જ સાધકમાં તન્મયતા ઉત્પન્ન કરે છે. ક્રમશઃ આ તન્મયતાનું રૂપાંતર ધ્યાનમાં થતું જાય છે. તો પછી ધ્યાન કે પ્રગાઢ ગંભીરતાને સવિકલ્પ સમાધિની કે આત્મબોધની ક્ષણોમાં ફેરવાતાં વાર કેટલી ?

*આંતરિક જીવનથી સૂક્ષ્મ સુખની અનુભૂતિને શાંતિ કહેવાય છે. વિદ્યા, વિવેક, સંસ્કૃતિ, જ્ઞાન, વિચાર, ગુણ, વર્તન વગેરે મનઃક્ષેત્રની ઉચ્ચ ભૂમિકા સાથે સંબંધિત છે. કીર્તિ, પ્રતિષ્ઠા, શ્રદ્ધા, સન્માનના રૂપમાં છાયા સ્વરૂપે બીજાઓના ચહેરા ઉપર પણ પ્રગટ થતી જોઈ શકાય છે. આપણી અંદરનો અનુદ્વેગ, નિર્ભયતા, નિશ્ચિંતતા, પ્રસન્નતા, ઉત્સાહ, આશા, સેવા, સંતોષ, સાહસ, ધીરજ વગેરેના રૂપમાં જોઈ શકાય છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પવનપુત્ર હનુમાનનો આદર્શ અપનાવીએ

દૈવી કૃપા પ્રાપ્ત કરવા માટે પૂજાઉપાસના જ એક માત્ર માર્ગ નથી. એ સિવાયના પરમાર્થ પ્રયોજનોમાં લીન રહેનારાએ પણ અધ્યાત્મ ક્ષેત્રમાં મનોવાંછિત સફળતાઓ મેળવી છે. લોકસેવા પણ ભજન-પૂજનથી ઊતરતી કક્ષાની સાધના નથી. આવી વ્યક્તિઓ નિત્ય નિયમ જેટલી થોડી ઘણી ઉપાસના કરી લેવા માત્રથી પણ ઉચ્ચસ્તરીય પરિણામો પ્રાપ્ત કરી શકે છે. વિવેકાનંદ, ગાંધી, વિનોબા વગેરેનાં ઉદાહરણો સેવાની સાધનાને પ્રાધાન્ય આપતાં જણાયાં છે. પૂજનઅર્ચન તો તેઓ થોડા પ્રમાણમાં જ કરતા હતા અને એ પણ સામૂહિક રીતે. ભગવાન બુદ્ધ અને મહાવીરે પણ શરૂઆતના દિવસોમાં જ તપશ્ચર્યા અપનાવી હતી. ત્યાર પછી તો ધર્મચક્ર પ્રવૃત્તિઓને વિશ્વવ્યાપી બનાવવામાં એના માટે પરિવ્રાજકોને તાલીમ આપવામાં તથા એ માટેની વ્યવસ્થા કરવામાં જ વ્યસ્ત રહ્યા હતા. ગુરુ ગોવિંદસિંહ, સમર્થ ગુરુ રામદાસ, ચાણક્ય વગેરેની ગણના પણ આવા જ કર્મયોગીઓમાં કરી શકાય કે જેમણે ભજન ઓછાં અને પરમાર્થ કાર્યો વધુ કર્યાં. દેવર્ષિ નારદ વિશે કહેવાય છે કે એ ક્યાંય અઢી ઘડી કરતાં વધુ રહેતા નહિ અને હરિગુણ ગાતાં ગાતાં નિરંતર પરિભ્રમણ કરતાં કરતાં ભક્તિ-ભાવનાનો વિસ્તાર કરતા હતા. મહર્ષિ વ્યાસે અઢાર પુરાણો લખ્યાં છે. એમનો સમય લોકસાધનામાં જ અધિક અને પૂજન-અર્ચનમાં ઓછો વ્યતિત થયો હશે.

ચરક, સુશ્રુત, વાગ્ભટ્ટ વગેરે ઋષિઓએ ભજન ઓછાં ગાયાં અને રોગીઓની વ્યથા નિવારણ માટેના પુરુષાર્થો અધિક કર્યા હતા. તેઓ જાણતા હતા કે જે એમનાં સંતાનોને સારી રીતે સુખી બનાવવામાં વ્યસ્ત રહે છે તેઓ ઈશ્વરની વધુ અનુકંપા પામે છે. જેમને ઉપાસનાની સરળતા જોઈને એટલામાં જ જીવનલક્ષ્યની પ્રાપ્તિ દેખાતી હોય એમને પણ કહેવામાં આવે છે કે આરાધના બીજારોપણ સમાન છે એને અંકુરિત, પલ્લવિત અને ફલિત, વિકસિત બનાવવા માટે સાધનાનાં ખાતરપાણીની અનિવાર્ય આવશ્યકતા પડતી હોય છે. સાધનાનો સંગમ મહામાનવોના જેવી ઉદાત્ત જીવનચર્યા તેમ જ લોકમંગલ માટે કરેલા ત્યાગ બલિદાનના સમન્વયથી શક્ય બને છે. જેઓ કેવળ ભજનપૂજન માત્રને સર્વસ્વ માની બેસે છે તેઓ કમાનવાળા તીરને ફેરવતા તો ફરે છે પણ તેઓ એનાથી લક્ષ્યવેધનું પ્રયોજન પૂર્ણ કરી શકતા નથી.

આ દિવસોમાં આપત્તિકાળ જેવી વિશિષ્ટ પરિસ્થિતિ છે. એમાં બધાં કામો છોડીને જીવન અને મરણની વચ્ચે ઝોલાં ખાતી માનવતાના પ્રાણરક્ષણને સર્વોપરિ મહત્ત્વ મળવું જોઈએ. આ દિવસોમાં યુગસૃજન માટે અવતરિત થયેલ આહ્વાનને જ પ્રાધાન્ય આપવું જોઈએ. વ્યક્તિગત ઉપાસનાની દૃષ્ટિએ યુગસંધિ પુરશ્ચરણની ભાગીદારી પર્યાપ્ત છે. એમાં સમાયેલ જપ, અર્ચન, વ્રત, અનુશાસન તેમજ વિશિષ્ટ ધ્યાનના ત્રિવેણી સંગમને જ પર્યાપ્ત ન ગણતાં પ્રયાસ પુરુષાર્થના નિયોજનને પણ યુગસૃજન પ્રક્રિયામાં સમાવવું જોઈએ. જેમાં સ્વાર્થ અને પરમાર્થનું, આત્મકલ્યાણ અને લોકમંગલનું ઉભયપક્ષીય પ્રયોજન પૂર્ણ થાય છે.

ઈશ્વરીય પ્રયોજનની પૂર્તિ માટે કેવો જીવનક્રમ અપનાવવો જોઈએ એનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે પવન પુત્ર હનુમાન. એમને રામના નિકટતમ આત્મીયજનોમાંના એક ગણવામાં આવે છે. રામપંચાયતનમાં કુટુંબની દૃષ્ટિએ તો ચારે ભાઈ તથા સીતા મળીને પાંચ થાય છે પરંતુ સ્થાપનાઓમાં હનુમાનનો સમાવેશ પણ કરવામાં આવે છે. નામ પંચાયતન હોવા છતાં એના સભ્યોની સંખ્યા પાંચ ન રહેતાં છ થઈ જાય છે. જ્યારે હનુમાન રઘુવંશી તો શું મનુષ્યવંશી પણ ન હતા.

પવનપુત્રની શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે - રામાવતારના નિકટતમ જ નહિ સૂત્રસંચાલક બની રહેવું. એક ચિત્ર, કે જેમાં હનુમાન વિશાળકાય દેખાય છે અને રામ લક્ષ્મણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એમના ખભા પર નાના બાળકો જેવા દેખાય છે એ એમની વસ્તુસ્થિતિ પ્રગટ કરે છે. પ્રકારાન્તરે એનું તાત્પર્ય એ થાય છે કે રામલક્ષ્મણ દ્વારા ઉપાડેલી જવાબદારીઓનું પરોક્ષ રીતે વહન કરવું. હનુમાનજીને પોતાની આ સાહસિક શ્રદ્ધાનું સત્પરિણામ વ્યાપક કૃતજ્ઞતારૂપે મળ્યું જ છે. ભારતમાં જોવા મળતાં મંદિરોમાં રામ મંદિરો કરતાં હનુમાન મંદિરોની સંખ્યા લગભગ દસ ગણી વધારે છે. એનો અર્થ રામ પ્રત્યે અશ્રદ્ધા નહિ પણ હનુમાન પ્રત્યે કૃતજ્ઞતાનું પ્રગટીકરણ છે.

આ ઉચ્ચસ્તરીય સફળતા હનુમાનને ઉપહાર કે અનુદાનમાં નહોતી મળી પણ એમણે એને ઊંચી કિંમતે ખરીદી હતી. એમણે પોતાના રોમેરોમમાં રામને વસાવી લીધા હતા. "રામ નામ લીધા વિના મુજને ક્યાં આરામ"નું રટણ લાગેલું રહેતું. એમણે એ માટે પોતાની સમગ્ર ચેતના અને તત્પરતા નિયોજિત કરી રાખી હતી. એમના હૃદયમાં અન્ય કોઈ વ્યક્તિગત ઇચ્છા કે મહત્ત્વાકાંક્ષા ન હતી. એકાત્મતાની સ્થિતિમાં વ્યક્તિગત લિપ્સાઓ-લાલસાઓ છોડી દેવી પડે છે. એમણે એકવાર પોતાની આ વસ્તુસ્થિતિ સીતાજીને પોતાનું હૃદય ચીરીને દર્શાવી હતી.

પવનપુત્ર પ્રત્યે પોતાની ભાવના વ્યક્ત કરતાં કરતાં રામે અયોધ્યા આવ્યા પછી ગુરુ વશિષ્ઠની સામે પોતાની સમગ્ર સફળતાઓનું શ્રેય હનુમાનને આપતાં એમને ભરતની જેમ જ પ્રાણપ્રિય ગણાવ્યા હતા. આ ઉભયપક્ષીય આત્મીયતા આટલી સઘન કેવી રીતે બની ? એમાં ભાવુકતાનો ઊભરો કે અનુગ્રહ જેવું કોઈ જ કારણ ન હતું. એના મૂળમાં એ સાધનાઓનો ચમત્કાર હતો, જે ઇષ્ટદેવના ધ્યાનપૂજન કરવા સુધી સીમિત ન રહેતાં તેમની ઇચ્છાને પોતાની ઇચ્છાનું સમર્પણ કરીને પોતાનાં સાધનો એની જ પૂર્તિમાં ખપાવી દે છે. રામપંચાયતનમાં સભ્યો વસ્ત્રાભુષણ પહેરીને સન્માનિત સ્થાનો પર બેઠા છે જ્યારે પવનપુત્રના શરીર પર લજ્જાવસ્ત્રની જેમ લંગોટી માત્ર છે અને એમણે પોતાનું સ્થાન સૌથી નીચે ચરણોની નજીક બેસવા માટે નક્કી કર્યું છે.

જ્યારથી હનુમાનનો સંપર્ક રામ સાથે થયો ત્યારથી તેઓ જીવનના અંત સુધી રામના નાનાં મોટાં કાર્યોમાં રાતદિવસ લાગેલા રહ્યા. એ બધાં કાર્યોની ગણના તો કઠિન છે પણ એમાં પાંચ મુખ્ય છે : (૧) સુગ્રીવને એની સેનાને રાજાના કામમાં નિયોજિત કરી લેવા માટે સંમત કરવા (૨) સીતાને શોધ્યા વગર પાછા ન ફરવાનો દૃઢ સંકલ્પ લઈને એને નિભાવવો. (૩) સમુદ્રને ઓળંગીને લંકાદહનનું એકાકી દુઃસાહસ કરવું. (૪) લક્ષ્મણને પુનઃજીવિત કરવા માટે સુષેન વૈદ્યને છળકપટથી લાવવા અને પર્વત સહિત સંજીવની જડીબુટ્ટી હાજર કરવી (૫) રામરાજ્યની સ્થાપનામાં અશ્વમેધ જેવાં અસંખ્ય પ્રયોજનોની પૂર્તિમાં જીવનની અંતિમ ઘડી સુધી વ્યસ્ત રહેવું. એવાં એવાં અન્ય કાર્યો પણ છે જેમને પાર પાડવામાં સમગ્ર રીતે વ્યસ્ત રહીને એમણે 'રામ કરતાં અધિક રામના દાસ'નું શ્રેય પ્રાપ્ત કર્યું જે રામાયણમાં વર્ણવાયું છે.

પવનપુત્રની જીવનચર્યામાં પૂજનઅર્ચનના સરળ ઉપચારો કેટલા હતા એનો ખ્યાલ આવતો નથી. સંભવ છે કે એ નિત્યકર્મ જેટલાં સ્વલ્પ રહેવાથી સમીક્ષકોની દૃષ્ટિએ મહત્ત્વ ન પામ્યાં હોય અને તેથી એની ચર્ચા બિનજરૂરી લાગી હોય. સર્વવિદિત તો એ પ્રસંગો જ છે જેમાં એમની સઘન શ્રદ્ધા, સેવા-સાધના બનીને ઉછળતી ઊભરાતી દૃષ્ટિગોચર થાય છે.

અવતારોની પુણ્ય પ્રક્રિયા જ્યાં અધર્મનું નિયમન તથા ધર્મનું સંવર્ધન કરીને સૃષ્ટિ સંતુલનની પ્રતિજ્ઞા પાળે છે ત્યાં પોતાના સહચરોને ઉચ્ચસ્તરીય શ્રેય, યશના અનુદાન આપવાનું કામ પણ કરીને જાય છે. શબરી, કેવટ, ભરત, લક્ષ્મણ, ઊર્મિલા, વિભીષણ, રીંછ, વાનર, ગીધ, ખિસકોલી જેવા સહયોગીઓના અનુદાનની ચર્ચા કરતી વખતે લોકોની ભાવશ્રદ્ધા ઊભરાય છે અને અશ્રુધારા વહેવા લાગે છે. જો રામ-કથામાંથી એ પ્રસંગો દૂર કરવામાં આવે તો સામાન્ય હિલચાલ જ બાકી રહે છે અને એ અમૃતનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાય છે જેનાથી રામ-નામ, રામરાજ્ય, રામકથાના મહિમા, ગૌરવનું વર્ણન કરવામાં આવ્યું છે.

અવતારોમાં અનેક રીતે સમાનતા જોવા મળે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રજ્ઞાવતાર અને રામાવતારમાં પણ એ દૃષ્ટિએ સમસ્વરતા દૃષ્ટિગોચર થાય છે કે એમની ઇચ્છાઓ અને જવાબદારીઓનું વહન પણ ઉચ્ચસ્તરીય સહકર્મીઓએ જ કરવું પડે છે. પવનપુત્રનું અનુકરણ આપણા યુગસૈનિકો કરતા દેખાય છે. યુગસૈનિકોને નિરાકાર મહાકાલના સાકાર કાર્યવાહક કહી શકાય. હનુમાનનાં અવિસ્મરણીય ઉપરોક્ત પાંચ મહાન કાર્યોની જેમ એમણે પણ સાત ક્રાંતિઓને કાર્યાન્વિત કરીને વ્યાપક, સફળ બનાવવાની જવાબદારી પોતાના ખભે લેવી પડી છે. આ શ્રદ્ધાયુક્ત સાહસિકતાને અપનાવવા માટે એમણે કેટલાય આંતરિક કુસંસ્કારો અને બાહ્ય દબાણો અવરોધો સામે ઝઝૂમવું પડે છે જે રીતે પવનપુત્ર ત્રિજટા, સુરસા વગેરે સામે ઝઝૂમ્યા હતા. રામને રોકવા માટે પણ તાડકા, શૂર્પણખા જેવી આસુરી શક્તિઓ મેદાનમાં આવી હતી. જો હનુમાનનો રસ્તો રોકવામાં એ દુષ્ટ શક્તિઓ અટકી ન હતી તો પ્રજ્ઞાપુત્રોનો માર્ગ સરળ કેવી રીતે હોઈ શકે ? એમાંના દરેકને પોતાની લોભલિપ્સાઓ સામે જ નહિ પણ દ્વિધાભરી પરિસ્થિતિઓ સામે પોતાની રીતે લડવું પડે છે. અગ્નિપરીક્ષા પસાર કર્યા વગર સાચા સોનાની પ્રામાણિકતા કેવી રીતે સિદ્ધ થશે ?

ત્રાજવાનું એક પલ્લું ભારે થશે તો જ બીજું ઊપડશે. પરમાર્થ કરશો તો સ્વાર્થમાં નિશ્ચિતરૂપે ખોટ આવશે. જેઓ સ્વાર્થસિદ્ધિ માટે પરમાર્થનો વિચાર કરે છે તેઓ ભૂલ કરે છે કારણ કે પરમાર્થપરાયણ થવાથી શ્રેય અને પ્રેય બંનેનો લાભ મળે છે. પ્રકાશ તરફ ચાલવાથી ચહેરા પર તેજ દેખાય છે અને છાયા પાછળ પાછળ ચાલે છે. છાયાની પાછળ દોડનારા એને પકડી શકતા નથી. થાકી જાય છે અને ચહેરા પર અંધકાર છવાઈ જવાથી કુરૂપ પણ દેખાય છે. શ્રેય સાધકોને આજકાલ આ દ્વિધાની પરિસ્થિતિમાં બંને પક્ષોને ચકાસીને એકને પ્રાધાન્ય આપવાનું નિર્ધારણ કરવું પડે છે. ત્રાજવાના કયા પલ્લાને ભારે કરવું અને કયાને હલકું એનો નિર્ણય આ જ ઘડીઓમાં કરવો જરૂરી છે. જેઓ દ્વિધાભરી અનિર્ણયાત્મકતાભરી સ્થિતિમાં પડ્યા રહેશે અને સમયને ટાળતા રહેશે તેઓ અવસર ચૂકી જનારાની જેમ ખોટમાં જશે. શ્રેય સ્વાતિ વર્ષાની જેમ ક્યારેક ક્યારેક જ અનાયાસે આકાશમાંથી વરસે છે. જે છીપો મોઢું બંધ રાખીને પડી રહે છે એમને મોતી ઉગાડવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી. પ્રજ્ઞાપુત્રોની દીર્ઘદૃષ્ટિ એમને એવી ભૂલ ન કરવાની ભલામણ કરે છે. જોઈએ સામયિક ઉદ્‌બોધનની ઉપેક્ષા, અવગણના તો નથી થઈ રહીને ? પ્રજ્ઞાપુત્રોના નિર્ધારણને એમની આગેકૂચમાં પરિણત થતું જોઈ શકાય છે. યુગસૈનિકોએ સાત કાર્યક્રમોને સામયિક પડકાર રૂપે સ્વીકાર્યા છે અને એમને કાર્યાન્વિત કરવાનો નિશ્ચય પણ કર્યો છે. પરિણામસ્વરૂપે નિશ્ચયોને ઉત્સાહવર્ધક પ્રમાણમાં કાર્યાન્વિત થતા જોઈ શકાય છે.

ગત દિવસોમાં સર્જનકાર્યોમાં જે નિરાશા અને મુશ્કેલીઓ જણાતી હતી એનું રહસ્ય હવે સમજાય છે કે પરોપદેશે પંડિત બનવાની નાટકીયતા કુતૂહલ જ ઉત્પન્ન કરી શકે છે. વિડંબનાઓ સર્જી શકે છે. ઉર્જા તો પ્રવાહ બદલવાથી ઉત્પન્ન થાય છે. એને પાણીમાંથી વીજળી ઉત્પન્ન કરનાર ઈજનેર જ કહી શકાય. હવે એ કથનનું સમર્થન યુગસૈનિકો કરવા લાગ્યા છે. તેઓ વિચારે છે કે જો આપણી જીવનચર્યામાં આવા આદર્શવાદી વળાંક આપવાનું સાહસ પહેલાં કર્યું હોત તો આજ સુધી ગગનચુંબી સફળતાઓ પ્રાપ્ત થઈ હોત. સાલી કલા ગામના ડેમનિયા ભીલે આદર્શવાદિતા અપનાવવાનું નાનકડું ઉદાહરણ પૂરું પાડીને સમગ્ર પ્રજ્ઞા પરિવારને ચેતવ્યો હતો કે આરંભ જો સ્વયંથી કરવામાં આવે તો શ્રેય, સન્માન અને સહયોગની ત્રિવેણી રઈદાસની કથરોટમાંથી ગંગાની જેમ પ્રગટ થઈ શકે છે. આદિવાસી ગાયત્રી શક્તિપીઠના સુવિસ્તૃત નિર્માણ અને એ સમુદાયમાં નવજાગરણ લાવવાનો જે અવિસ્મરણીય આધાર ઊભો થયો છે એનું એક જ કારણ છે એના સ્વયંના ત્યાગ અને બલિદાનની અગ્રિમતા. જો એ કૃપણતાને ગળે વળગાડીને બેસી રહ્યો હોત તો થોડા જ સમયમાં ઇતિહાસનાં પૃષ્ઠો પર સુવર્ણાક્ષરે લખાઈ જનારી વ્યવસ્થા ભાગ્યે જ શક્ય બની હોત. આ પરિણતિ આકસ્મિક નથી. એને અપનાવીને કોઈ પણ પોતાની પ્રભાવ પ્રક્રિયામાં જોતજોતામાં હજારગણી અભિવૃદ્ધિ કરી શકે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રતીકોના માધ્યમ દ્વારા લોકશિક્ષણ પ્રક્રિયા

માનવજીવનની શોધ કરનારા, વૈજ્ઞાનિક બુદ્ધિ ધારણ કરનારા ઋષિગણો માનવીય મનોવિજ્ઞાન પર જબરી પકડ ધરાવતા હતા. એમણે શોધી કાઢ્યું કે માનવમન પ્રતીકોની ભાષાને યોગ્ય રીતે સમજી શકે છે. ભાવો, ક્રિયાઓ, ઘટનાક્રમોને પ્રતીકોના માધ્યમ દ્વારા સમજાવીને મનમાં નવા સંસ્કારોનું, ધારણાઓનું આરોપણ કરવું સંભવિત છે, એવો નિષ્કર્ષ ઋષિઓની પ્રજ્ઞાએ કાઢ્યો અને અનેક પ્રતીકો શોધી કાઢ્યાં, જે ગૂઢમાં ગૂઢ અર્થો ધરાવે છે અને જેના માધ્યમથી એક વિશાળ સમૂહને શિક્ષણ આપવાનું સંભવ છે.

આમ તો આદિકાળથી જ જીવનવ્યવહારમાં પ્રતીકોની ભાષાનો ઉપયોગ થતો આવ્યો છે. તેથી જ પુરાતન સમાજ સિમ્બોલિક સોસાયટી ગણાયો. કેટલાક પાશ્ચાત્ય જીવવિજ્ઞાનીઓ કહે છે કે આદિ માનવીની કોઈ ભાષા હતી નહિ. એ અણઘડ પ્રતીકો દ્વારા જ વાત કરતો હતો. ભાષાનો વિકાસ તો પાછળથી સંસ્કૃતિના વિકાસની સાથે સાથે થયો. આ તદ્દન તર્કહીન અને અવિવેકપૂર્ણ માન્યતા છે. જો મનુષ્ય આદિકાળમાં સભ્ય તેમ જ બુદ્ધિમાન નહતો તો એણે આજના મોટા મોટા વિદ્વાનો પણ જોઈને ચકરાઈ જાય અને એમનો વિકલ્પ ન વિચારી શકે એવાં પ્રતીકો અને ચિહ્નો કેવી રીતે નક્કી કરી લીધાં. તદ્દન પુરાણી કહેવાતી ભાષા ચિત્રોની ભાષા કહેવાય છે. આ રીતે કોઈ પણ પ્રતીક ક્યારેય કલ્પિત પ્રતીક નથી રહ્યું. આપણા પૂર્વજોએ એ વિશે વિચાર્યું અને પ્રતીકોમાં રહેલા વિશિષ્ટ ભાવ કે અર્થને શિક્ષણ માટે યોગ્ય માનીને એમને માન્યતા આપી.

ભારતીય સંસ્કૃતિના પ્રણેતા ઋષિગણો જીવનની અખંડતામાં વિશ્વાસ કરતા આવ્યા છે. તેઓનો મત છે કે આપણી સૃષ્ટિ ચેતનમયી છે. તેઓ માને છે કે ચૈતન્ય સત્તાનો પ્રવાહ જ અનેકાનેક રૂપે અભિવ્યક્ત થાય છે એવી એમની માન્યતા છે. તેથી જ તેઓ ચર-અચર તત્ત્વોને એટલે કે નદી, પર્વત, પથ્થર, ઝાડ-છોડથી લઈને પ્રાણીઓમાં પણ એની જ સત્તાનો નિવાસ માને છે. સૃષ્ટિના દરેક અંગને સ્વીકારીને ઋષિઓએ એમને પ્રતીક ગણી એમની પાસેથી શિક્ષણ લેવાનો પ્રયત્ન કર્યો છે. ઋષિઓ જાણતા હતા કે પ્રતીકોના માધ્યમથી નિરાકાર બ્રહ્મની સત્તાનું ધ્યાન કરતાં મનને એકાગ્ર કરવાનું સંભવ છે. પ્રતીકવાદના મૂળમાં ઋષિઓનો આ જ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પ્રધાન છે જે મૂર્તિપૂજાથી લઈને તુલસી, પીપળો જેવાં વૃક્ષો વનસ્પતિઓ સુધી; ગંગાથી લઈને નર્મદા તથા સૂર્યથી લઈને ગૌ માતા સુધી અભિવ્યક્ત થાય છે. કુંડલિની શક્તિનું અત્યંત ઊંડાણપૂર્વક ચક્રરૂપી પ્રતીકોના માધ્યમથી વિવેચન કર્યું છે અને પ્રતીકોને અંતઃચેતનાની અભિવ્યક્તિ માટેનું સુપરચેતન સત્તાનું માધ્યમ ગણ્યું છે. સર જોન વુડરફના ગ્રંથોમાં મહાકાલી આદ્યશક્તિ ગાયત્રીની 'મધર આર્ચીટાઈપ'ના રૂપમાં અને ગુરુસત્તાની 'ગુરુ આર્ચીટાઈપ'ના રૂપમાં વિસ્તારપૂર્વકની વ્યાખ્યા જોઈ શકાય છે. ફ્રોઈડે પ્રતીકોને માનવજાતિની સૌથી પુરાતન અને મૌલિક કલ્પનાઓની અભિવ્યક્તિનું નામ આપ્યું છે.

રાષ્ટ્રધ્વજો, મહાપુરુષોનાં સ્મારકો, એમની મૂર્તિઓ અને ચિત્રોમાં લૌકિક જગતનાં એ બાહ્ય પ્રતીકો છે જેમના માધ્યમથી લોકો પોતાની ભાવાભિવ્યક્તિ એમના પ્રત્યે કરે છે. અધ્યાત્મ ક્ષેત્રમાં ઉપાસના હેતુ માટે ભાવના પ્રતીક રૂપે મૂર્તિપૂજા વિકસિત થઈ. સાકાર, વ્યક્ત માધ્યમ દ્વારા જ નિરાકાર, અવ્યક્ત સત્તા પ્રત્યે અનુરાગ દર્શાવવાનું સંભવ છે. તેથી જ ઉપાસનાભાવના માર્ગમાં વ્યક્ત મૂર્તિ કે ચિત્રની જરૂર પડે છે. લક્ષ્ય એક જ છે કે પરમસત્તાને આદર્શોનો ભંડાર ગણીને એના ગુણો સાથે તન્મય બની એકાકાર થઈ જવું. મૂર્તિભાવ માટે આ વાત ભૂલાવી ન જોઈએ. મૂર્તિ કોઈની દૃષ્ટિએ પથ્થર હોઈ શકે છે પણ ભાવોનું આરોપણ થયા બાદ એ જ મૂર્તિ દક્ષિણેશ્વર ઠાકુરની મહાકાલી પણ બની શકે છે. જે રીતે દરેક વ્યક્તિ જાણે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે કે એ પિતાના જે શરીરની સેવા કરે છે એ અસ્થિ-રૂધિર-માંસનાં પંચ તત્ત્વોનું શરીર છે સેવ્ય શરીર નથી એ સંવ્યાપ્ત ચેતના છે. જે રીતે ઝંડા પ્રત્યે સન્માન હોય છે એ જ રીતે મૂર્તિનો આરાધક મૂર્તિમાં ભાવરૂપ આરાધ્યની આરાધના કરે છે. મૂર્તિમાં એ માત્ર ભાવ જુએ છે, નહીં તો શિવલિંગ કે શાલિગ્રામનો કોઈ આકાર છે ખરો ? મૂર્તિપૂજાનો એક જ અર્થ છે ધ્યાનને અધિકાધિક એકાગ્ર કરવું.

હિંદુઓને બુતપરસ્ત એટલે કે મૂર્તિપૂજક કહેવામાં આવે છે. આપણે પ્રતીકોના રૂપમાં શિવ, વિષ્ણુ અને બ્રહ્માારૂપી ત્રિદેવોમાંથી એક શિવને સમજવાનો પ્રયત્ન કરીએ. આ મૂર્તિઓના માધ્યમ દ્વારા કેટલું દર્શન શીખી અને શીખવી શકાય છે એ આપણે જાણી શકીશું. ભગવાન શિવ જટાધારી, વ્યાઘ્રચર્મધારી, ત્રિનેત્રધારી, ગળામાં સર્પોની માળા પહેરેલ, ભસ્મ લગાડેલ અને પૃથ્વીના સૌથી ઊંચા હિમાલયના કૈલાસ પર્વત પર અવસ્થિત વર્ણવાયેલ છે. એમના એક હાથમાં ત્રિશૂળ છે પણ બીજો હાથ ચિન્મુદ્રાની સ્થિતિમાં છે. જટા એમના તપની પ્રગાઢતાનું પ્રતીક છે. જ્યારે ગળા પર રહેલા સર્પો દર્શાવે છે કે પરમસત્તાના સામીપ્યથી પાપીમાં પાપી વ્યક્તિ પણ, વિષધારી સર્પ પણ પોતાની પ્રવૃત્તિ બદલી નાખે છે. ત્રીજું નેત્ર આજ્ઞાચક્ર દૂરદર્શી વિવેકશીલતાનું પ્રતીક છે. હળાહળધારી નીલકંઠ દર્શાવે છે કે માયા અને અવિદ્યા ત્યાં સુધી જ સીમિત રહેવી જોઈએ. એનાથી ઉપર મસ્તિષ્કની ચેતનાના ધરાતલ પર તો અમરત્વની સ્થિતિ તરફ લઈ જતા જ્ઞાનનો જ વાસ હોવો જોઈએ. પંચતત્ત્વોની આ કાયાને ભસ્મથી લપેટીને અને વ્યાઘ્રચર્મ પહેરીને શિવ આપણને વૈરાગ્યનો સંકેત આપે છે, કે આપણે આપણા મૃત્યુને ક્યારેય ભૂલીએ નહિ. સંસારમાં રહીને પણ એનાથી આસક્ત ન થઈએ. ત્રિશૂલનો અર્થ છે - લોભ, મોહ, અહંતારૂપી ત્રણે વિકારોનું શમન કરનારું પ્રતીક અસ્ત્ર. સદ્‌જ્ઞાન, સત્કર્મ તથા સદ્‌ભાવ દ્વારા આપણે આ ત્રણે અસુરો સાથે લડી શકીએ છીએ, જે આપણા ચિંતનમાં મહાભારત ખેલતા રહે છે. ચિન્મુદ્રા દર્શાવે છે કે આપણા અહંકારનું વિસર્જન થવું જોઈએ અને આપણા પોતાના અસ્તિત્વમાં રહેલો અહમ્‌ભાવ જે ફૂંફાડા મારતો હોય છે એ શૂન્યની જેમ અસ્તિત્વહીન થઈ જવો જોઈએ જેમ ચિન્મુદ્રા દર્શાવે છે. શિવની મૂર્તિની પ્રત્યેક ચિત્ર મુદ્રાથી આપણને વ્યક્તિત્વ-નિર્માણનું પરિપૂર્ણ શિક્ષણ મળે છે.

વાસ્તવમાં વ્યક્તિ પ્રતીકોના માધ્યમ દ્વારા અનંત સત્તાને સાકારરૂપે પોતાની સામે જોઈ શકે અને આસ્તિક બની શકે એટલા માટે જ માનવ મનોવિજ્ઞાનના જ્ઞાતા ઋષિઓએ પ્રતીક પૂજનની પ્રથા અપનાવી. જો પ્રતીકવાદ ન હોત તો નિરાકારને જોઈ ન શકનાર, નિમ્ન બૌદ્ધિક સ્તરના અસંખ્ય લોકોનો આત્મિક વિકાસ અટકી જાત અને ધર્મનો વ્યાપક વિસ્તાર ન થયો હોત. ઘોર અંધશ્રદ્ધા અને અરાજક્તા ફેલાઈ ગઈ હોત. માત્ર મૂર્તિ જ નહિ પીપળો, આમળા, તુલસી જેવાં વૃક્ષ-વનસ્પતિઓને, નદી-પર્વતોને, પદાર્થ-પ્રતીકો, દા. ત. શંખ, ડમરુ, બંસી, ભેરીને, વંશ પ્રતીક. દા. ત. શિખા, યજ્ઞોપવીત, કંઠી, માળા, ભગવાં વસ્ત્રો, દંડ, તિલક, મુદ્રા જેવાં સાતે પ્રતીક, સ્વસ્તિક જેવાં ચિહ્નપ્રતીકો, ત્રિકોણ, ચતુષ્કોણ જેવા યંત્ર પ્રતીક તથા શ્વેત, લાલ, કેસરી જેવાં રંગ પ્રતીક ભારતીય પ્રતીકવાદમાં પવિત્રતાથી લઈને પરમસત્તાના ગુણોના પ્રતિનિધિ સ્વરૂપે માન્યતા પામતા આવ્યાં છે.

તુલસી, પીપળો, આમળા, વડ, અશોક, બીલી વગેરે જેવાં વૃક્ષોની હિંદુ સમાજમાં ભિન્ન ભિન્ન પ્રસંગોએ પૂજા થતી રહે છે. માત્ર સ્થૂળ આયુર્વેદિક પ્રભાવની દૃષ્ટિએ જ નહિ પણ આ વનસ્પતિઓ કારણ સત્તાને પ્રભાવિત કરતી હોવાથી એમનું પૂજન થાય છે. કુશ અને ધરો જેવી વનસ્પતિઓ મનને શાંત કરવાની શક્તિ ધરાવે છે. ત્યાં આ વનસ્પતિઓનું સાન્નિધ્ય વ્યક્તિના ચિંતનને સતોગુણી બનાવી દે છે.

ગંગા, યમુના, નર્મદાથી લઈને ગોદાવરી, કાવેરી જેવી દરેક નદીઓ તેમ જ હિમાલયને તો દેવસંસ્કૃતિના ઉદ્‌ગમસ્થાનરૂપ અને અધ્યાત્મ ચેતનાના ધ્રુવકેન્દ્રરૂપ ગણવામાં આવ્યો છે. પદાર્થોમાં શંખ મંગળનું પ્રતીક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે અને સોનું દૃઢતા અને બહુગુણસંપન્નતાનું તેમ જ પરીક્ષણમાં સ્થિરતાનું પ્રતીક છે. પ્રાણીઓમાં ગાયને ક્ષમાનું પ્રતીક ગણીને એને હવિર્દુધા (હવિ આપનારી) કહેવામાં આવી છે. ભારતીય સંસ્કૃતિ અને ગાયનો સંબંધ અતૂટ છે. અથર્વવેદ કહે છે "एतद् वै विश्व रूपं सर्वरूपम् गो रूपम्" એ જ રીતે બધાં જ શાસ્ત્રો ગાયના શરીરમાં સમસ્ત દેવતાઓનો વાસ હોવાનું દર્શાવે છે. પૃથ્વીની જેમ જ એ ધારક હોવાના કારણે ગાય ક્ષમાની મૂર્તિ અને પાલક પણ છે. વૃષભ ધર્મનું પ્રતીક છે તો હંસ જ્ઞાન તેમ જ વિવેકદૃષ્ટિનું. સર્પ બળ અને પ્રાણનું પ્રતીક છે.

હિંદુ અધ્યાત્મમાં કમળને મુખ્ય પ્રતીક ગણવામાં આવે છે. એ ઐશ્વર્ય અને સુખનું સૂચક છે. પૃથ્વીની આકૃતિ પણ કમળ જેવી ગણવામાં આવી છે અને આત્મજગતમાં વિદ્યમાન ષટ્ચક્ર પણ કમળના રૂપમાં વર્ણવાયાં છે. દેવતાઓ કમળને જ પોતાનું આસન બનાવે છે. કીચડમાંથી કમળનું ઊગવું અવાંછનીયતાઓના પરિમાર્જન દ્વારા શ્રેષ્ઠતાના અભિવર્ધનની અભિવ્યંજના છે. મંદિરોનાં શિખરો પણ બંધ કમળના આકારોનાં હોય છે. એ ઋષિઓનું જ નિર્ધારણ હતું કે એમણે આત્મસત્તામાં રહેલાં ચક્રો તથા લોકોના રૂપમાં કમલાકૃતિને દેવાલયોની શિલ્પકલામાં પ્રયુક્ત કરીને શાન્તિ-પવિત્રતા આપનાર કેન્દ્ર બનાવી દીધાં. શસ્ત્રોમાં ત્રિશૂલની ચર્ચા શિવના સંદર્ભમાં થઈ ચૂકી છે. ગદા શક્તિનું પ્રતીક છે, તો ચક્ર નિરંતર ભ્રમણ કરનારી ગતિશીલ પ્રાણઊર્જાનું. વાદ્યોમાં શંખ મંગળ પ્રતીક છે. એનો ધ્વનિ પ્રણવાદ (ૐકાર) છે, જે મંત્રોનું મૂળ છે. મંગળ કાર્યોમાં એ મંગળનું તથા યુદ્ધમાં વિજયનું પ્રતીક છે. શંખનાદ વિઘ્નકારી તત્ત્વોને દૂર કરવામાં તથા રોગના જીવાણુઓને દૂર ભગાડવામાં સક્ષમ છે. ઢોલ, વાંસળી, વીણા, મૃદંગ, ડમરુ પણ પોતપોતાના ગુણકર્મ સ્વભાવ ધરાવે છે.

શિખા, યજ્ઞોપવીત, મેખલા, તિલક, માળા, ભગવાં વસ્ત્રો, દંડ વગેરે ભારતીય સંસ્કૃતિમાં વેશ-પ્રતીકો ગણાય છે. મેખલા (કટિસૂત્ર) સંયમનું, તિલક નિષ્ઠાનું તથા લલાટને ઉન્નત રાખવાનું, ભગવાં વસ્ત્રો વૈરાગ્યનું, વાસંતી વસ્ત્રો ઉલ્લાસના ત્યાગનું, દંડ મનુષ્યનું, વ્રતશીલતાનું બ્રાહ્મણત્વનું પ્રતીક છે. સંકેત પ્રતીકોમાં મૌન મુદ્રા, તર્જન મુદ્રા, જ્ઞાન મુદ્રા વગેરે વિભિન્ન ભાવોની અભિવ્યક્તિ માટે છે તો ચિહ્નોમાં વિભિન્ન મંત્રો દેવશક્તિઓના ભિન્ન ભિન્ન ગુહ્ય રૂપોનાં પ્રતીક છે.

હિંદુ અધ્યાત્મ મૂર્તિઓથી લઈને ઉપર દર્શાવેલ સર્વ પ્રતીકો સુધી સૃષ્ટિના એક એક ઘટકમાં પરમાત્માનો વાસ હોવાનું માને છે. પૃથ્વી માટે ઋષિની માન્યતા છે, "माता भूमिः पुत्रोऽहंपृथिव्या ।" પૃથ્વીને માતા ગણીને એની ક્ષમાશીલતા, ધારણશીલતાની વૃત્તિ ગ્રહણ કરીને તેમ જ રાષ્ટ્રભૂમિ જન્મભૂમિ માટે ફના થઈ જવાની પ્રતિજ્ઞા લેવામાં આવી છે. સૂર્યને સવિતા દેવતા ગણવામાં આવે છે અને સૂર્યોપાસના ગાયત્રી સાધના પદ્ધતિનો પ્રાણ છે. દેવસંસ્કૃતિના અનુયાયી માટે સૂર્ય આગનો ગોળો કે હિલિયમ હાઈડ્રોજનનો સમન્વય નહીં પણ પાપનાશક ભર્ગ છે. પ્રતિભા પરિષ્કૃત કરનાર દૈવી શક્તિનો પૂંજ છે. પંચોપચારથી લઈને ષોડશોપચાર પૂજન સુધી દૈવી પ્રેરણાથી ભરપૂર દેવસંસ્કૃતિનું પ્રતીક શાસ્ત્ર એક જ સત્યનું પ્રતિપાદન કરે છે કે ભાવોની અભિવ્યક્તિ માટે નિમિત્ત તેમ જ આકૃતિ જોઈએ. ઈશ્વરીય સત્તાના અસ્તિત્વને દર્શાવવા, સમજાવવા અને આત્મસાત્ કરવા માટે મનુષ્ય અધ્યાત્મ પ્રતીકોની મહત્તાનું પ્રતિપાદન કરતો આવ્યો છે.

---

*યજ્ઞની શક્તિ ખૂબ જ મોટી છે. યજ્ઞ એ ક્યારેય કોઈ સમારોહ અથવા આયોજન ન હોઈ શકે પરંતુ યજ્ઞ એ તો દેવશક્તિઓનું અવતરણ છે.*

*યજ્ઞ એ એવી શક્તિઓનું આવાહન છે કે જેના દ્વારા મનુષ્ય ક્યાંથી ક્યાં પહોંચી શકે છે. બ્રાહ્મણ પેદા નથી થતા પરંતુ એ તો યજ્ઞની અગ્નિમાં પકવવામાં આવે છે. ઘડો સીધો તૈયાર થઈ જતો નથી પરંતુ તેને તો અગ્નિના નિભાડામાં પકવવામાં આવે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# ગાયત્રી પરિવારની સ્થાપનાનો મૂળભૂત આધાર

(સપ્ટેમ્બર, ૧૯૭૩)

મિત્રો, આપણા ઘરોમાં ગાયત્રીમંત્રની, ગાયત્રી માતાની - ભગવાનની મૂર્તિઓ હોવી જ જોઈએ. પરંતુ એનાથી વધુ મહત્ત્વની અને ગૌરવની વાત એ છે કે તેમની સ્થાપના દરેક માનવના અને દરેક હિન્દુના હૃદયમાં થવી જોઈએ. ગાયત્રીમંત્ર માત્ર હિન્દુઓ માટે જ નથી, પરંતુ તે પ્રત્યેક ધર્મપરાયણ અને આસ્તિક માણસ માટે છે. આપણે ઉન્નતિ કરવી હશે તો આપણે તે પ્રતીકોને ફરીથી અપનાવવાં પડશે જેને આપણે ગાયત્રી કહીએ છીએ, જેની સ્થાપના દરેક માણસના શરીરમાં કરવામાં આવી હતી. સ્થાપના માત્ર મંદિરોમાં કે પૂજાસ્થાનોમાં જ નહીં પરંતુ પ્રત્યેક હિન્દુના શરીરમાં કરવામાં આવી હતી. આ સ્થાપના કઈ રીતે થઈ ? શિખા અને જનોઈના રૂપમાં કરવામાં આવી. શિખા શું છે ? શિખા-આપણા મસ્તક ઉપર એક વિવેકશીલતાની દેવી, જ્ઞાનની દેવી તરીકે બિરાજમાન છે અને તે આપણા મસ્તકને વશમાં રાખી ઝંડાની માફક લહેરાય છે. શિખા શું છે ? શિખા ગાયત્રી છે. જે રીતે આપણે શંકર ભગવાનનું પ્રતીક, શંકર ભગવાનનું ચિત્ર ગોળમટોળ બનાવીએ છીએ અને મંગલમય બનીએ છીએ તે જ રીતે ગાયત્રીમાતાની મૂર્તિના પ્રતીક તરીકે શિખા આપણા મસ્તક ઉપર રાખવામાં આવી છે. અમે શિખાની સ્થાપના કરાવડાવીશું અને દરેક માણસને કહીશું કે તેણે શિખા જરૂર રાખવી જોઈએ કારણ કે એ ગાયત્રીમાતાનું પ્રતીક છે, એ ગાયત્રીમાતાની મૂર્તિ છે. અમે દરેક માણસને કહીશું કે, તમારે સામાજિક અને નૈતિક કર્તવ્યોની જવાબદારી તમારા ખભે ઉપાડવી જોઈએ. આ કર્તવ્યો ક્યાં છે ? કર્મ શું છે ? તેને અમે યજ્ઞોપવીત કહીએ છીએ, જે આપણા ખભા ઉપર બિરાજમાન છે. કર્મ આપણા ખભા ઉપર ગોઠવાયેલું છે. કર્મ કરવાની જવાબદારી આપણા ખભા ઉપર લદાયેલી છે. કર્મ કરવાની જવાબદારી આપણા હૃદય ઉપર લટકતી રહેવી જોઈએ. કર્મ કરવાની જવાબદારી આપણા (કાળજા) કલેજા સાથે ચોંટેલી રહેવી જોઈએ. કર્મ આપણી આગળ પણ રહેવું જોઈએ અને કર્મ આપણી પીઠ ઉપર પણ રહેવું જોઈએ. આ શું છે ? આ છે જનોઈ - યજ્ઞોપવીત. યજ્ઞોપવીત આપણા ખભા ઉપર રાખવામાં આવે છે, આપણા કાળજા ઉપર રાખવામાં આવે છે, આપણા હૃદય ઉપર રાખવામાં આવે છે. આપણી પીઠ ઉપર રાખવામાં આવે છે. આપણે સામાજિક, નૈતિક અને કૌટુંબિક જવાબદારીઓથી બંધાયેલા છીએ તેનું આપણને સતત ભાન થતું રહે એટલા માટે આપણે આપણી જાતને ચારેબાજુથી ખેંચીને બાંધી રાખી છે.

જાનવરનાં ગળામાં દોરડું બાંધીને તેને ખીલા સાથે બાંધવામાં આવે છે જેનાથી તે એક મર્યાદામાં રહે, એક સીમામાં રહે, એક કાયદામાં રહે, કાનૂનમાં રહે. આપણા ઋષિઓએ પણ આપણને એવા જ એક દોરડાથી બાંધી રાખ્યા છે, જે આપણા ખભા ઉપર બંધાયેલું છે, જે આપણા હૃદય સાથે બંધાયેલું છે, જે આપણા કાળજા સાથે બંધાયેલું છે અને જે આપણી પીઠ સાથે પણ બંધાયેલું છે આપણા વિવેકને આપણી બુદ્ધિને ચારે બાજુથી જકડીને બાંધી દેવામાં આવી છે. એ શું છે ? એ છે યજ્ઞોપવીત અને શિખા. કહો જોઈએ, શિખા અને યજ્ઞોપવીત શું છે ? એ છે આપણા ગાયત્રીમંત્ર અને યજ્ઞ. એ બંને એનાં પ્રતીકો છે. યજ્ઞોપવીત એટલે યજ્ઞથી સંસ્કારિત કરેલો, યજ્ઞની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રાણપ્રતિષ્ઠા કરેલો તાંતણો. એનું નામ શું છે ? યજ્ઞોપવીત; ખભા ઉપર સ્થાપિત છે અને શિખા ? એ આપણા મસ્તક પાસે સ્થાપિત કરેલી ગાયત્રી મંત્રની વ્યાખ્યા છે. તે આપણા મસ્તકરૂપી કિલ્લા ઉપર છવાયેલી રહે છે અને ઝંડાની માફક ફરફરે છે.

આ શરીર એ આપણો કિલ્લો છે. આ આપણો લાલ કિલ્લો છે. સ્વતંત્રતાના દિવસે આપણે લાલ કિલ્લા ઉપરથી ઝંડો ફરકાવ્યો હતો. ક્યારે ફરકાવ્યો હતો ? આજથી છવ્વીસ-સત્યાવીશ વર્ષ પહેલાં. જે દિવસે અંગ્રેજો અહીંયાંથી વિદાય થયા હતા, તે દિવસે આપણે આપણા દિલ્હીના લાલકિલ્લા ઉપર ત્રિરંગો ઝંડો ફરકાવ્યો હતો. એ જ પ્રમાણે ભારતીય સંસ્કૃતિનો, માનવીય મૂલ્યોનો અને સદ્‌ગુણોનો ઝંડો શિખા સ્વરૂપે આપણા મસ્તક ઉપર લહેરાય છે. આ શરીર એ આપણો કિલ્લો છે. એ આપણા અંગત જીવનનો કિલ્લો છે. તેની ઉપર શિખા ધારણ કરીને આપણે ઝંડાની સ્થાપના કરીએ છીએ; અને વ્યક્તિગત શિખાની સ્થાપના કરીએ છીએ. હવે અમે લોકોને શિખાને પ્રેમ કરવાનું શિખવાડીશું. એમ કરીને અમે લોકોને કિલ્લાને પ્રેમ કરવાનું શિખવાડીશું. અમે આ શિખવાડવા ઘેર ઘેર ફરીશું કારણ કે હિન્દુ ધર્મ મહાન છે, એ માણસમાત્રનો ધર્મ છે, એ વિશ્વનો ધર્મ છે. હિન્દુધર્મ એ કોઈ સંપ્રદાય નથી. અમે તાજેતરમાં જ એક પુસ્તક લખ્યું છે. એકાદ બે મહિનામાં છપાઈને પ્રકાશિત થશે. હિન્દુ ધર્મના સિદ્ધાંતો માત્ર હિન્દુઓ માટે જ નથી, પરંતુ એ સાર્વત્રિક છે, વિશ્વવ્યાપી છે. માણસમાત્ર માટે છે. દરેક દેશના નાગરિકો માટે છે. તે દરેક પ્રદેશના લોકોને લાગુ પડે છે. પછી ભલે તે હિન્દુ ધર્મને માનતો હોય કે ના માનતો હોય. આ સઘળા સિદ્ધાંતો માણસમાત્રના સિદ્ધાંતો છે, વિશ્વવ્યાપી સિદ્ધાંતો છે, સર્વસ્વીકૃત સિદ્ધાંતો છે. વિશ્વના તમામ ધર્મોનો અર્ક આપણા હિન્દુ ધર્મમાં છે.

હિન્દુ ધર્મનું મૂળ શું છે ? જેને આપણે શિખા અને યજ્ઞોપવીત કહીએ છીએ તે હિન્દુ ધર્મનાં મૂળ છે. હવે અમે આ ઝંડાને નીચો નહીં નમવા દઈએ અને દરેક હિન્દુને તેને પ્રેમ કરવાનું કહીશું. તમે તમારી સંસ્કૃતિને પ્રેમ કરવાનું શીખો. તમે તમારી માતાને પ્રેમ કરતાં શીખો. તમે તમારા પિતાને પ્રેમ કરતાં શીખો. આ કાર્ય અમારા માટે ખૂબ મહત્ત્વનું છે અને અમે તેનો વિસ્તાર કરીશું. તેમજ તમારા મનમાં, સમગ્ર જનતાના મનમાં એની સ્થાપના કરીશું. જ્યારે મુસલમાનો ભારતમાં આવ્યા હતા, ત્યારે તેમણે કહ્યું હતું કે અમે તમારી શિખા કાપી નાખવા ઇચ્છીએ છીએ. અમે તમારી શિખોને ઉતારી લઈશું. ત્યારે લોકોએ કહ્યું ઠીક છે, તમારા હાથમાં તાકાત છે તમારી સાથે મસમોટી ફોજ છે અને તમારા હાથમાં બંદૂક છે. અમે શું કરી શકવાના ? હથિયારો તો અમારી પાસે છે નહીં. તમે ભલે અમારી શિખા કાપી લો, પણ એક મહેરબાની કરો. શું મહેરબાની કરશો ? શિખાને અહીંથી ન કાપતાં તેને ગરદનથી જ ઉડાવી દો કારણ કે અમારી શિખાનું મૂળ ત્યાં સુધી આવેલું છે. જો તમે તેને ગરદનમાંથી કાપશો તો અમને દુ:ખનો અનુભવ પણ નહીં થાય અને સંતોષ થશે કે, શાંતિથી આ દુનિયામાંથી શિખા પણ નાબૂદ થઈ જશે અને અમે પણ નાબૂદ થઈ જઈશું. એટલા માટે તમે અમારા મસ્તક જ ઉડાવી દો. મુસલમાનોએ લાખો માણસોનાં માથાં ઉડાવી દીધાં હતાં.

આપણે આપણા જનોઈ અને શિખાને કેટલો પ્રેમ કરતા હતા ? તમને ખબર નહીં હોય, પણ અમને ખબર છે. તમને તો સાડા ચુંમોતેરનો અર્થ પણ ખબર નહીં હોય કે કોને કહેવાય. સાડા ચુમોત્તેર ? પહેલાંના જમાનામાં, લોકો પરબીડિયા ઉપર સાડા ચુંમોત્તેર નંબર લખતા હતા. તમને ખબર છે એવું શું કામ કરતા હતા ? જે કોઈ તે પરબીડિયાને ખોલશે, તેને સાડા ચુમોત્તેર મણ જનોઈ, જે અગણિત હિન્દુઓએ પહેરેલ હતી અને જે કપાઈ ગયા હતા મુસલમાનો દ્વારા તેનું જે પાપ તેને લાગ્યું હતું, તે જ પાપ અમારા પત્રને અમારી જાણ બહાર ખોલીને વાંચશે અને ફરીથી ચોંટાડશે તેને લાગશે, બંધ કરી દેશે. તેટલું જ પાપ તેને લાગશે. એ સાડા ચુંમોતેર મણ જનોઈ હતી કે નહીં ?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને પાપ લાગતું હતું કે નહીં ? એ તો ખબર નથી. અમે એવી ચર્ચામાં પડવા માગતા નથી. પરંતુ તેની પાછળ ભાવના એ હતી કે, આપણે સાડા ચુંમોતેર મણ મણ જનોઈ અને શિખા કપાવી નાખ્યા હતા. તેને માટે તમે અનુમાન કરો કે, કેટલું લોહી વહાવ્યું હશે ? કેટલી ગરદનો કપાઈ હશે ? કેટલાં મસ્તક વઢાયાં હશે ? આપણે ખૂબ ગરદનો કપાવી છે. આપણે ઘણું લોહી વહાવ્યું છે. કારણ કે આપણે શિખાને પ્રેમ કરતા હતા. આપણે આપણી જનોઈને પ્રેમ કરતા હતા. શિવાજી ન હોત તો બધાની શિખા પણ સલામત નહોત. રાણાપ્રતાપ, છત્રપતિ શિવાજી અને ગુરુગોવિંદસિંહે શિખાના રક્ષણ માટે પોતાના જાનની બાજી લગાવી દીધી હતી. શિખાના રક્ષણ માટે પોતાનો જાન ન્યોછાવર કરનારા, પોતાની જાત કુરબાન કરનારા કેટકેટલાના નામ ગણાવીશું ? હવે આ શિખા આપણા હાથમાંથી જઈ રહી છે. તેનું પતન થઈ રહ્યું છે. હવે તે સરકી રહી છે. અત્યારે એને કોણ કાપી રહ્યું છે ? મુસલમાનો ? ખ્રિસ્તીઓ ? ના, કોઈ નહીં. આપણી શિખાને આજે કાપી રહી છે આજના યુગની અંધશ્રદ્ધા. આ અંધશ્રદ્ધા જ શિખાને કાપી રહી છે. અત્યારે તમને એક પણ બાળકના મસ્તક ઉપર શિખા દેખાશે નહીં. આ જ પરિસ્થિતિ જનોઈની છે.

જો આપણે કોઈ કૉલેજ કે યુનિવર્સિટીમાં જઈને યુવાનોને ખુલ્લા કરીને પૂછીએ કે તમારી પાસે જનોઈ હોય તો બતાવો. તો જવાબ મળશે કે, જી નહીં. હવે જનોઈનો જમાનો ગયો. અમારા તમારા જેવા જૂનવાણી કહેવાતા માણસો કદાચ જનોઈ રાખતા હશે. તો તે પણ જૂનવાણી હોવાનું આળ માથે ઓઢીને ! આપણને જનોઈ રાખવી ફાવતી નથી. ઉપરથી કહેવાય છે કે, જનોઈ પહેરનારના ઘરમાં મોત થઈ જશે. અમે તો સાત પેઢીઓથી જનોઈ પહેરતા જ નથી. પુત્રને જનોઈ પહેરાવીશું તો તેની માતા નારાજ થઈને કહેશે કે, આપણા બાપદાદાઓ પણ ક્યાં જનોઈ પહેરતા હતા ? એને વળી ક્યાંથી ઉપાડી આવ્યા ? આપણા ઘરમાં કાંઈક અમંગળ કે અનિષ્ટ થઈ જશે તો ? તમે જનોઈ ઉતારી નાખો. જનોઈ આપણા ઘરમાં શોભતી નથી. જનોઈ કેવી રીતે પહેરીશું ? આપણા પિતાજી તો જીવતા છે. શું આપણે આપણા પિતાજીને મારી નાખવા ? ના, તમે તમારા પિતાજીને મારી ના નાખો. તો પછી શું કરશો ? જ્યાં સુધી પિતાજી જીવતા છે, ત્યાં સુધી આપણાથી જનોઈ કેવી રીતે પહેરાય ? બાપ મરી ગયા બાદ બેટો જનોઈ પહેરશે. નવાઈની વાત છે કે બાપની સામે બેટો જનોઈ પહેરે તો બાપ મરી જશે ! અરે, ભલા માણસ, આ તમે શું કહો છો ? કે અમારા વંશમાં અને અમારા ખાનદાનમાં કોઈએ જનોઈ પહેરી જ નથી !

દુનિયામાં જનોઈ પહેરવા કે ન પહેરવા વિષે કેટલા બધા રિવાજો ચાલે છે ? પુરુષ જનોઈ પહેરશે. સ્ત્રી નહીં પહેરે. અમે તો યુવતીઓને ધન્યવાદ આપીએ છીએ કારણ કે શિખાની લાજ, શિખાની ઈજ્જતનું જતન એમણે જ કર્યું છે. કેટલીક યુવતીઓ તો ખૂબ લાંબો ચોટલો રાખે છે. અમે તો પુરુષોને કહીએ છીએ કે ભાઈ, છ ઈંચની નહીં તો ત્રણ ઈંચની ચોટલી તો રાખો. પરંતુ એમને તો ત્રણ ઈંચની ચોટલી રાખવામાં પણ અગવડ પડે છે. આ છોકરીઓને જુઓ. કોઈકનો ચોટલો એક ફૂટ લાંબો છે; કોઈકનો દોઢ ફૂટ લાંબો છે તો કોઈકનો ચોટલો બે-અઢી ફૂટ લાંબો છે અને એમના ચોટલા પાતળા હોય છે એવું પણ નથી. ઊલટાનું છોકરીઓના ચોટલા ભરાવદાર હોય છે. જ્યારે તે પોતાના પતિને શિખા વગરનો સફાચટ જુએ છે ત્યારે તે બે ચોટલા પણ રાખવા માંડે છે. એક પોતાના માટે અને બીજો પોતાના પતિ માટે. જનોઈ પણ આપણે બે પહેરીએ છીએ. એક આપણા માટે અને બીજી આપણી પત્નીના બદલે. એ જ રીતે યુવતીઓ કહે છે કે અમે પણ એક ચોટલો અમારા માટેનો રાખીએ છીએ અને બીજો અમારા પતિના બદલામાં રાખીએ છીએ. આ જ કારણ છે કે, આજે જે કાંઈ ધર્મ જળવાઈ રહ્યો છે તે આ યુવતીઓના કારણે જ જળવાઈ રહ્યો છે. જો આ યુવતીઓ ના હોત તો આ ચોટલીનું સ્થાન શોધવાનું પણ મુશ્કેલ પડત. ચોટલી કોને કહેવાય ? અને કેમ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધારણ કરવામાં આવે છે ? ચોટલી ક્યાંથી આવે છે ? ચોટલીનું રક્ષણ કોણ કરે છે ? આપણે ચોટલીનું રક્ષણ કરીશું, આપણે જનોઈનું રક્ષણ કરીશું.

મિત્રો ! આપણો એ ઉદ્દેશ્ય હોવો જોઈએ, આપણો એ પ્રયાસ હોવો જોઈએ કે, આપણે જ્યાં પણ યજ્ઞ કરાવવા જઈએ ત્યાં યુવાનોને પૂછીએ કે શું તમે હિન્દુ ધર્મમાં માનો છો ? જો, હા, તો પછી કહો જોઈએ કે પોલીસનો કર્મચારી તેનું પ્રતીક ધારણ કરે છે કે નહીં ? તેની કમરે એક પટ્ટો બાંધેલો હોય છે, જેની ઉપર એક પિત્તળનું બક્કલ હોય છે. એ પિત્તળના બક્કલ ઉપર શું લખેલું હોય છે ? પહેલાં અંગ્રેજીમાં 'યૂ. પી. પી.' લખેલું રહેતું. હવે હિન્દીમાં 'ઉ. પ્ર. પુ.' એટલે કે ઉત્તર પ્રદેશ પોલીસ એવું લખેલું હોય છે. મધ્યપ્રદેશમાં 'મ. પ્ર. પુ.' લખેલું હોય છે. જો પિત્તળનું બક્કલ ના હોય તો અથવા કમરે પટ્ટો બાંધેલો ના હોય તો તેને પોલીસનો કર્મચારી ગણાય જ નહીં. સિપાહીએ તો કમરપટ્ટો બાંધવો જ જોઈએ.

લશ્કરમાં જ્યારે કોઈને કોર્ટ માર્શલ કરવામાં આવે છે, તો સૌથી પહેલું કામ તેનો બક્કલ અને પટ્ટો ઉતારી લેવાનું કરવામાં આવે છે અને તેને 'ગુનેગાર' માનીને તેને કતારમાં ઊભો રાખવામાં આવે છે અને પછી તેને કોર્ટમાર્શલ કરવામાં આવે છે અને કહેવામાં આવે છે કે, તમે તમારી આબરૂ ખરાબ ના કરો. પટ્ટાની આબરૂ એ રાષ્ટ્રની આબરૂ છે. તમે એવું ખરાબ કૃત્ય કર્યું છે એટલે સૌથી પહેલી સજા તરીકે તમારા બક્કલ અને પટ્ટો ઉતારી લેવામાં આવે છે. તે અમે જપ્ત કરીએ છીએ. પોલીસમાં પણ આમ જ થાય છે અને લશ્કરમાં પણ એવું જ કરવામાં આવે છે. આપણો પટ્ટો ઉતારી લેવામાં આવ્યો છે કે નહીં ? આપણું બક્કલ જપ્ત થયું છે કે નહીં ? આપણે પોલીસના સિપાહી છીએ કે નહીં ? આપણે લશ્કરના સિપાહી છીએ કે નહીં ? આપણે હિન્દુ ધર્મના સિપાહી છીએ કે નહીં ? આપણે હિન્દુ ધર્મના દીક્ષિત છીએ કે નહીં ? તેની ઓળખ તમારી જનોઈ અને શિખા વડે થાય છે. જો તમે હિન્દુ ધર્મના દીક્ષિત હો તો તમારા ખભા ઉપર 'યુ. પી. પી.' જેવું નિશાન બતાવો અને તમારી કમર ઉપરનો પટ્ટો બતાવો અને જો કોઈએ તમારાં બક્કલ અને પટ્ટો ખૂંચવી લીધાં હોય તો તમારે પોલીસમાંથી તમારી હકાલપટ્ટી કરવામાં આવી છે એમ કબૂલવું પડશે. તમારે એમ કહેવું પડશે કે તમને કોર્ટમાર્શલ કરીને ફોજમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. જો તમારું બક્કલ ખૂંચવાઈ ગયું હોય, જો તમારો પટ્ટો ઉતારી લેવામાં આવ્યો હોય, જો તમારી જનોઈ છીનવાઈ ગઈ હોય, જો તમારી ચોટલી ઉતારી લેવામાં આવી હોય તો એનો અર્થ એમ થાય કે, તમને હિન્દુ ધર્મમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. તમારો હિન્દુ ધર્મ સિવાય બીજો કોઈ ધર્મ હશે !

આ જ તો આપણાં પ્રતીકો હતાં. હવે અમે પહેલાં પ્રતીકોને પુનર્જિવિત કરીશું. પ્રતીકોને જીવતાં કર્યા બાદ તેમની જે શિખામણો છે, તેમનાં જે માર્ગદર્શનો છે, તેમની જે પ્રેરણાઓ છે, તેમની જે નિષ્ઠાઓ છે, તેમને લોકોના હૃદયમાં ફરીથી સ્થાપિત કરીશું. તેને માટે પહેલાં અમે પ્રતીકોની સ્થાપના કરીશું. મિત્રો ! ત્યાર બાદ અમે જ્યાં પણ યજ્ઞ કરાવીશું ત્યાં જેમ પહેલાં નાના બાળકોના મુંડન સંસ્કાર કરવામાં આવતા હતા, તેમ હવે અમે મોટાના મુંડન સંસ્કારો કરાવવાનું ધ્યાન રાખીશું. નાના બાળકના મુંડન સંસ્કાર એ શું છે ? દરેક ઘરમાં મુંડન સંસ્કાર થાય છે અને દરેક હિન્દુ તેમનાં બાળકોના મુંડન સંસ્કાર ગંગાજી કે યમુનાજીના કિનારે થાય એવું ઇચ્છતો હોય છે. દેવી દેવતાની સમક્ષ મુંડન થાય એવું ઇચ્છતો હોય છે. આ મુંડન એ શું છે ? મુંડન પોતે કોઈ સંસ્કાર નથી. એ તો શિખાની સ્થાપનાનો સંસ્કાર છે. આપણે ચોટલી રાખીએ છીએ, બાકીના વાળ કપાવી નાખીએ છીએ. બાકીના વાળ કપાવીએ નહીં તો શિખા રાખીએ કઈ રીતે ? એટલા માટે શિખા રાખવા માટે જ બાકીના વાળ કપાવી નાખવા પડતા. એનું નામ મુંડન સંસ્કાર મિત્રો ! મુંડન સંસ્કાર તો છોકરાઓના પણ કરવા પડે છે અને છોકરીઓના પણ. જ્યાં સુધી મુંડન સંસ્કાર ના થાય અને ચોટલી ના રાખીએ ત્યાં સુધી હિન્દુ કઈ રીતે કહેવડાવીશું ? હિન્દુ હોવાની નિશાની જ મુંડન સંસ્કાર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. પરંતુ આજે આપણી શિખાઓ અદૃશ્ય થઈ ગઈ છે. એટલા માટે અમે આ સંસ્કાર ફરીથી શરૂ કરાવીશું. અમે યજ્ઞ માટે જ્યાં પણ જઈશું ત્યાં સૌથી પહેલું પૂછીશું કે તમારા મસ્તક ઉપર શિખા છે કે નહીં ? અને જે કોઈ એમ કહે કે અમારે શિખા નથી, તો એમને મુંડન સંસ્કાર કરવા માટે વિનંતી કરીશું. જો કદાચ તે મુંડન માટે તૈયાર ના થાય તો કહીશું કે તમે કૃપા કરીને તમારા બાકીના વાળ ટૂંકા કરાવી લો, જેથી શિખાની જગ્યાના વાળ એકાદ બે ઇંચ લાંબા લાગશે. છ મહિના પછી જો તમારે ફરીથી વાળ કપાવવા પડે તો પણ શિખાની જગ્યા છોડીને બાકીના જ વાળ કપાવવા. આ રીતે તમારી ચોટલી બે-ત્રણ ઇંચ લાંબી થઈ જશે અને શિખાની સ્થાપના થઈ જશે. તમે અત્યારથી જ શરૂઆત કરી દો. જાવ, હજામ પાસે જઈને મુંડન સંસ્કાર કરાવીને આવો.

મિત્રો ! મુંડન સંસ્કાર આપણા હિન્દુધર્મનું મૂળ છે. લોકો ગંગાજી, જમુનાજી કે હરિદ્વાર જઈને મુંડન કરાવે છે. તમે બિહાર કે મધ્યપ્રદેશમાં જઈને જુઓ. દરેક જગ્યાએ ગંગા કે નર્મદા નદીના કિનારે મુંડન થતાં દેખાશે. દક્ષિણ ભારતમાં વિધવાઓ પોતાના માથાના બધા જ વાળ કપાવતી હોય છે. ત્યાં વાળ કાપવાનો અને કપાયેલા વાળ એકઠા કરવાનો ઇજારો લાખો રૂપિયાનો હોય છે. બધા કપાયેલા વાળ એકત્ર કરીને પરદેશ મોકલવામાં આવે છે. એનો લાખો રૂપિયાનો વેપાર ચાલતો હોય છે. સૌભાગ્યવતી સ્ત્રીઓને વાળ કપાવવા પડતા નથી. પરંતુ જે વિધવા થઈ જાય છે તેમને વાળ કપાવવા પડે છે. સાથીઓ, અમારે લોકોને મુંડન બાબતે શિક્ષણ આપવું પડશે અને યજ્ઞોપવીત બાબતે પણ એક વાતાવરણ ઊભું કરવું પડશે. એ બ્રાહ્મણનો અધિકાર છે કે વાણિયાનો અધિકાર છે કે ક્ષત્રિયનો અધિકાર છે એવો વહેમ અમારે દૂર કરવો જ પડશે. જનોઈ પહેરવાનો અધિકાર કોઈ એક ખાસ વર્ગના માણસો માટે અલાયદો હોતો નથી. જનોઈ એ અતૂટ અને મજબૂત બંધન છે, તે ગૌરવશાળી છે અને દરેક આસ્તિકને માટે છે.

યજ્ઞોપવીત ધારણ કરવાના કેટલાક નિયમો છે, કેટલીક મર્યાદાઓ છે, જેને પાળવા જરૂરી છે. જનોઈ દર છ મહિને બદલી નાખવી જોઈએ કારણ કે છ મહિનામાં જનોઈ પરસેવાથી પીળી પડી જાય છે અને તેના તાંતણા નબળા પડી જાય છે. સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ બાદ પણ જનોઈ બદલી નાખવી જોઈએ. જો એમ કરવું શક્ય ના હોય તો ઓછામાં ઓછું દર છ મહિને તો જનોઈ બદલી જ નાખવી જોઈએ. આ અમે એટલા માટે કહીએ છીએ, કારણ કે છ મહિનામાં જનોઈના તાંતણા સડી જાય છે. મહિલાઓ મોટે ભાગે દરેક મહિને પોતાની જનોઈ બદલતી હોય છે અને નવી જનોઈ ધારણ કરતી હોય છે. તે રીતે કેટલાય લોકો દર મહિને જનોઈ બદલતા હોય છે. જનોઈ પચાસ પૈસાની આવતી હશે. આમ તો લોકો બીજી બાબતોમાં ઢગલાબંધ પૈસા વેડફે છે તો પછી મહિનામાં એક જનોઈનો ખર્ચ કેમ ના થઈ શકે ? એનાથી શું આફત આવી પડવાની છે ? એટલા માટે અમારે યજ્ઞોપવીતની સ્થાપના કરવી પડશે અને અમે તેને વ્યાપક આંદોલનનું સ્વરૂપ આપીશું. જ્યાં પણ અમારા યજ્ઞો થતા હશે અને જે કોઈ યજ્ઞોમાં ભાગ લેવા ઇચ્છતા હશે તેને અમે જનોઈ ધારણ કરી લેવાની સલાહ આપીશું. જો તે એમ કહેશે કે, તેની માતા નારાજ થશે તો અમે કહીશું કે તમારે યજ્ઞમાં ભાગ લેવો છે. માટે અમે જનોઈ પહેરાવીશું અને તે તમે ધારણ કરી લો. તમે તેને ચોવીસ કલાક પહેરી રાખજો અને પછી તેનું વિસર્જન કરી નાખજો. જો તમે યજ્ઞમાં ભાગ લેવા ઇચ્છો છો તો જનોઈ જરૂરી છે. જનોઈ એ આપણા હિન્દુધર્મનું અવિભાજ્ય અંગ છે. તેટલા માટે તેને અપનાવવાની ટેવ પાડો. હવે જ્યારે અમે યજ્ઞોને વ્યાપક સ્વરૂપ આપવાનું વિચારી રહ્યા છીએ, ત્યારે યજ્ઞોપવીતને પણ વ્યાપક સ્વરૂપ આપવું પડશે. હવન કે યજ્ઞ અને યજ્ઞોપવીત એ વાસ્તવમાં એક જ વસ્તુ છે.

માત્ર યજ્ઞોથી જ માણસને મોક્ષ મળી જતો નથી. તેના માટે પોતાના અંતરમનમાં છુપાયેલી દિવ્ય જ્યોતિને જાગૃત કરવી પડી છે. યજ્ઞનો અગ્નિ તો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હવનકુંડમાં જ સમાપ્ત થઈ જાય છે. પરંતુ અખંડ જ્યોતિ તો કેટલાય દિવસો સુધી રાખવામાં આવે છે. અખંડ જ્યોતિ સમગ્ર સૃષ્ટિના અનંત પ્રકાશનું પ્રતીક છે. અગાઉ કેટલાંય મંદિરોમાં અખંડ જ્યોતિ જાળવવામાં આવતી હતી. હવે અખંડ દીવાઓ જળવાતા હોય તેવાં મંદિરો ક્યાં રહ્યાં છે ? અખંડ નિયમ અને અખંડ દીપકનું રક્ષણ - એ બંને એક જ બાબત છે. હવે તો અખંડ જ્યોતિ કોઈક ઋષિઓને ત્યાં અથવા કોઈ મહત્ત્વની વ્યક્તિને ત્યાં જ જોવા મળે છે. અમે પણ અખંડ જ્યોતિની સ્થાપના કરી છે, જેથી તમે અખંડ જ્યોતિને અને ગાયત્રી માતાને તમારા ખભા ઉપર અને તમારા હૃદયમાં ધારણ કરો. ઉપરાંત લોકોના હૃદયમાં પણ સ્થાપિત કરો. આ કામ તમારે કરવું જ પડશે. એનો નિયમ છે કે, તે જાતે પ્રકાશિત રહીને અન્યને પણ પ્રકાશિત કરે છે, પ્રેરણા આપે છે, આ એક નિયમ છે. આપણે આપણા હિન્દુ ધર્મમાં ફરીથી એવી નિષ્ઠા ઉત્પન્ન કરવી જોઈએ અને પછી ક્રમશઃ આવી જ નિષ્ઠા દુનિયાના તમામ લોકોમાં ઉત્પન્ન કરવી જોઈએ. એનાથી રીતરિવાજ બદલાઈ જશે. પરંતુ જો આપણે એમ માનીને બેસી રહીશું કે, માત્ર જનોઈ પહેરવાથી અને શિખા રાખવાથી જ આપણી પ્રગતિ થઈ જશે તો એ ભૂલભરેલું છે, ખોટું છે.

હમણાં અમે તમને મૂર્તિપૂજા અને પૂતળાપ્રેમ વિષે વાત કરતા હતા. બરાબર એ જ રીતે જો તમે શિખા રાખો અને જનોઈ ધારણ કરો ખરા, પણ ત્યારબાદ એનું મહત્ત્વ નહીં સમજો, એની જવાબદારી નહીં સમજો, એની પ્રેરણાને અને એની હકીકતને નહીં સમજો તો તમને તેના તરફ અણગમો થવા લાગશે અને તો પછી આપણાં બાળકો ચોટલી અને જનોઈ રાખવાની ના પાડશે.

આજે આપણા હિન્દુઓનાં બાળકો એનો વિરોધ કેમ કરી રહ્યાં છે ? કહો જોઈએ ? હિન્દુઓનાં સંતાનોએ એનો વિરોધ એટલા માટે કર્યો કે કોઈએ તેમને એ જણાવ્યું નથી કે એ ખરેખર શું છે ? આપણે તેને યજ્ઞોપવીત એવું નામ શું કામ આપ્યું છે ? શિખા શું છે અને તેની પાછળ કઈ જવાબદારીઓ રહેલી છે ? તેનું શિક્ષણ આપ્યું નથી. યજ્ઞોપવીત શા માટે ધારણ કરવી જોઈએ ? અને એ શાની યાદ અપાવે છે ? તમે જનોઈ પહેરાવી તો દીધી, પંડિતજીને દક્ષિણા પણ આપી દીધી, બ્રહ્મભોજન પણ કરાવ્યું અને બે હજાર રૂપિયા ખર્ચી પણ નાખ્યા, પરંતુ જ્યારે જનોઈ પહેર્યા પછી સંતાને પૂછ્યું કે - પિતાજી, આ શું છે ? એને શું કામ પહેરવી જોઈએ ? અમને જનોઈ શા માટે પહેરાવી છે ? ત્યારે તમારો જવાબ હોય છે કે - ચૂપ, બહુ વધારે પડતું બોલવા લાગ્યો છે. આપણા બાપદાદા પહેરતા હતા અને આપણે બ્રાહ્મણ છીએ એટલે આપણે જનોઈ પહેરવી પડે અને પહેરીએ છીએ. આવું પૂછતાં શરમાતો નથી ? બધા બ્રાહ્મણો જનોઈ પહેરે છે, પરંતુ પંડિતજી, બ્રાહ્મણ બધા જનોઈ શા માટે પહેરે છે ? એ શું ચીજ છે ? ચૂપ રહે ! શું કામ પહેરે છે ? હંમેશાં ધર્મ બાબતે પૂછપૂછ કરે રાખે છે ? મિત્રો, જો તમે ધર્મની બાબતની પૂછપરછનો જવાબ દેવામાં સમર્થ નહીં હો તો તમારી નિષ્ઠા નબળી પડતી જશે અને આપણી સાંસ્કૃતિક પરંપરાઓ સાવ વિલુપ્ત થતી જશે. એટલા માટે તમારે સંસ્કારોની પરંપરા વિષે, શિખા વિષે અને જનોઈ વિષે તમારાં બાળકોને સમજાવવું પડશે. જો તમે આ બાબતે સંતાનોને જાણકારી આપવાનું શરૂ કરી દેશો તો પછી એક પણ હિન્દુનો દીકરો એમ નહીં કહે કે અમે યજ્ઞોપવીત સંસ્કાર તો કરાવી લીધા, પરંતુ અમે જનોઈ પહેરીશું નહીં.

તમે આખા યુરોપમાં ગમે ત્યાં જાવ, ત્યાં તો આપણાથી વધારે શિક્ષિત લોકો છે. આપણાં બાળકોને તો અંગ્રેજી આવડતું પણ નથી. મેટ્રિક પાસ હોય તોય જનોઈ પહેરશે નહીં અને સાહેબ થઈને ફરે રાખશે. જ્યારે આખા યુરોપમાં તમને બધે જ ભણેલા-ગણેલા માણસો જોવા મળશે. કોઈ માણસ સ્નાતકથી ઓછું ભણેલો નહીં હોય. જે માણસો દિવસે ભણી શકતા નથી તેઓ રાત્રે ભણે છે અને સ્નાતક સુધી તો ભણે જ છે. પરંતુ તમારે એ ખાસ જાણવું જોઈએ કે કોઈ પણ ખ્રિસ્તી, ક્યાંય બહાર જાય ત્યારે તેના યોગ્ય પરિધાનમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ નીકળે છે, જેમાં 'ટાઈ'નો પણ સમાવેશ થઈ જાય છે. 'ટાઈ' શું છે ? 'ટાઈ' એ ખ્રિસ્તીઓની જનોઈ છે. જે 'ક્રોસ' ઉપર પ્રભુ ઈસુને ફાંસીએ ચડાવવામાં આવ્યા હતા તે ક્રોસ અને ફાંસીનું 'ટાઈ' પ્રતીક છે. મોટામાં મોટા માણસથી માંડીને નાનામાં નાના માણસ સુધીનો કોઈ પણ ખ્રિસ્તી અથવા તો ઇસા-મસીહમાં આસ્થા રાખનારો અન્ય કોઈ પણ માણસ બહાર નીકળે છે ત્યારે ગળામાં 'ટાઈ'ના રૂપમાં ફાંસીનો ફંદો ધારણ કરીને નીકળે છે અને કહે છે કે આ અમારી શાન છે, અમારી આબરૂ છે. એટલા માટે અમે તેને પહેરીને ફરીએ છીએ. આરબ દેશોના મુસલમાનો ત્રાંસી ટોપી પહેરીને જ બહાર નીકળે છે. આપણા ભારતમાં પણ તેઓ ત્રાંસી ટોપી પહેરીને નીકળે છે તથા કેટલાક લોકો વાળવાળી ટોપી, ચૂડીદાર પાયજામો અને ઝભ્ભો પહેરીને નીકળે છે. તમે જામિયામિલિયા ઇસ્લામિયા યુનિવર્સિટીમાં જાવ અને ત્યાંના તેમજ બીજી કૉલેજના મુસલમાન છોકરાઓને જુઓ. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં જાવ, ત્યાં તમને મૂછો કપાવેલા તેમજ પાયજામો અને ચંપલ પહેરેલા મુસ્લિમ પહેરવેશમાં ફરનારા અને એક જ ઢબમાં કામ કરતા મુસલમાન વિદ્યાર્થીઓ જોવા મળશે. તમે જામિયામિલિયા કૉલેજમાં કે અન્ય સ્કૂલ-કૉલેજમાં જાવ, તમને દરેક જગ્યાએ બધા જ મુસલમાનો મુસ્લિમ પરિધાનમાં જ જોવા મળશે. શું તેઓ ભણેલાગણેલા નથી ? શું માત્ર હિન્દુઓનાં સંતાનો ભણેલાગણેલા છે ? શું હિન્દુ છોકરાઓનાં મગજ સાતમા આસમાને ચડેલાં નથી ? શું હિન્દુ છોકરાઓને ચર્ચા (વિખવાદ) કરતાં આવડી ગયું ? મુસલમાન છોકરાઓને ચર્ચા કરતાં નથી આવડતું ? તેમને પણ દલીલો આવડે છે.

તમે શીખ કૉલેજમાં જાવ. ત્યાંનો દરેક વિદ્યાર્થી સાફો (પટકો) પહેરેલો જ જોવા મળશે. પોતાના માથા ઉપર પાઘડી અને હાથમાં કે બગલમાં કૃપાણ રાખેલી હશે. શું તેઓ ભણેલાગણેલા નથી ? શું દુનિયાભરની હોશિયારી તમારા ભાગે જ આવી છે ? શું તેઓ શિક્ષિત નથી ? તેમને વિદ્યા કે જ્ઞાન નથી ? ના, સાહેબ, આ તો ભણતરે અમને એવા બનાવી મૂક્યા છે. તો પછી શિક્ષણે માત્ર આપણને જ બદલી નાખ્યા ? એમને નહીં ? ભણતર તો એમણે પણ મેળવ્યું છે. શીખો પણ એમ. એ. પાસ છે અને મુસલમાનો પણ એમ. એ. પાસ છે. તો પછી આપણે ત્યાં આ શું થઈ રહ્યું છે ? મિત્રો, એની જવાબદારી અમારી પણ છે અને તમારી પણ છે. આપણે તેમને ધર્મ બાબતે કે યજ્ઞોપવીત બાબતે જાણકારી આપવાનો કે સમજાવવાનો પ્રયાસ કર્યો જ નથી. આ શિખા શું છે ? આ યજ્ઞોપવીત શું છે ? જો આપણે તેમના આ પ્રશ્નોનું સમાધાન આપ્યું હોત તો આપણાં બાળકોમાં ચોક્કસ એવા ગુણ આવ્યા જ હોત. તો પછી આપણાં દરેક બાળકોના ખભા ઉપર જનોઈ અને માથે ચોટલી જોવા મળત. તેઓ એમાં છુપાયેલી પ્રેરણાઓને અનુસરતા હોત. હજી પણ સંભાળી લેવાનો સમય છે. હવે જ્યારે આપણાં સંતાનો આપણી સાથે ચર્ચા કરવા આવે અને પ્રશ્ન કરે કે, શિખા શું છે ? ત્યારે આપણે તેમને એકાદ કલાકનો સમય ફાળવવો પડશે અને તેમને બરાબર સમજાવવું પડશે કે શિખાનો અર્થ શું છે ? એનો ઉદ્દેશ્ય શું છે ?

એક દિવસ અમે ગાયત્રીમંત્ર વિષે અને જ્ઞાનની દેવી બાબતે તમને જણાવ્યું હતું. ગાયત્રીમંત્રની એ આખેઆખી વ્યાખ્યા આપણાં બાળકોને સમજાવવી પડશે. જો એને શિખા બાબતે જાણકારી મેળવવી હોય તો શિખા એ ગાયત્રીમાતાનું પ્રતીક છે એ વાત તમારે સમજાવવી પડશે. પછી એ પૂછશે કે ગાયત્રીમંત્ર એટલે શું ? અમે તમને આ વિષયમાં પણ તે દિવસે કહ્યું હતું. એને માટે મેં તમને ત્રણ કલાકનો સમય આપ્યો હતો તે તમને યાદ હશે. આ રીતે જો કોઈ માણસ શિખા બાબતે જાણવા માગતો હોય તો તેને વિશેની સમગ્ર ફિલોસૉફી સમજાવવી પડશે. શિખા શું છે ? ગાયત્રી શું છે ? ગાયત્રીની મૂર્તિ શું છે ? આ બધું તેને કહેવું પડશે, સમજાવવું પડશે. આ રીતે તમારાં સંતાનો ગંભીર થઈ જશે અને ત્યાર પછી તે શિખા કે જનોઈ વિષે જાણવા-સમજવાની ના નહીં પાડે. તમારે જનોઈ બાબતે પણ એમ જ કરવું પડશે. જે કોઈ બાળક તમને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પૂછવા આવ્યો હોય કે, ઃ ગુરુજી આ તમે પહેરાવો છો તે શું વસ્તુ છે ? એ તો મેલ ઘેલી થઈ જાય છે. તમે નાહક વારંવાર અમારા ગળામ ં જનોઈ બાંધી દો છો. તમે એ શું કામ બાંધો છો ? ક ડો જોઈએ ? ત્યારે તમારે તેને યજ્ઞોપવીત પહેરાવવા ી સાથે સાથે ઉપવીતના ધર્મનું પણ શિક્ષણ આપવું પ ડશે. એ શિક્ષણ કે જે મેં એક દિવસ સવારે અને સાં જે પણ સમજાવ્યું હતું.

યજ્ઞની ફિલોસૉફ ી બાબતે પણ લોકોને સમજાવવું પડશે કે યજ્ઞ હિન્દુ ધ ર્મનું અવિભાજ્ય અંગ શા માટે છે ? તે આપણી સંસ્કૃ તેનું અવિભાજ્ય અંગ શા માટે ગણાય છે ? તેની પ્રે ણાઓ શું છે ? તેનો પ્રકાશ શુ છે ? તેના ઉપદેશો ું છે ? આ વિષયની એકેએક બાબત ઉપર અમે પુ સ્તક છપાવી રહ્યા છીએ. તેમાં શિખા અને યજ્ઞોપવ ીત બાબતે વિગતવાર છણાવટ કરેલી છે. શિખા અને . જનોઈ બાબતે અમારું એક બીજું પુસ્તક પણ છે. પહે ાં એક દળદાર ગ્રંથ પણ લખ્યો હતો, પરંતુ હાલમાં તે ઉપલબ્ધ નથી. તેથી એક અન્ય નાનું પુસ્તક પ્રકાશિત . કરી રહ્યા છીએ. આ રીતે અમારે હિન્દુઓને શિખા અ ને યજ્ઞોપવીત વિષે ખૂબ માહિતી આપવી છે અને અમે જરૂર આપીશું કારણ કે યજ્ઞોપવીત એ હિન્દુ ધર્મની સ્થ ાપનાની આધારશિલા છે. પરંતુ આજકાલ તમે લોકો મૂર્તિપૂજાની માફક જ જનોઈ પહેરી રહ્યા છો. મૂર્તિઅં ની સ્થાપના વિષે જાતજાતની માન્યતાઓ પાળવા લાગ્યા છો અને એની જ ચર્ચા કરવા લાગ્યા છો. માળખાને માન્યતા આપો છો, સ્વીકારો છો, પરંતુ તેનાં સમાયેલી પ્રાણઊર્જાને અને પ્રેરણાને ભૂલાવી ર હ્યા છો. સંધ્યા તો કરો છો, પણ તેનો ઉદ્દેશ્ય જાણતા નથી. જે લોકો સમાજ માટે, સંસ્કૃતિ માટે કે દેશ માટે ાન કરવાનો સંકલ્પ કરે તે લોકો સાચા સાધુ કહેવાય . પરંતુ આજે બધે જ ઊલટું જોવા મળે છે. સાચા સાધુ સંતો કેવા હતા તેની લોકોને ખબર પણ નથી. આજે ત ો જ્યાં જુઓ ત્યાં લાલપીળા કપડાં પહેરનારા; ચીપિયં ો ખખડાવનારા અને બાબાજી કે બાપજી કહેવડાવન ારા લોકોનો રાફડો ફાટ્યો છે. એનાથી તો સંન્ય ાસનું મહત્ત્વ ઘટશે અને લોકો બાપજીની પૂજા કરવાનો ઇનકાર કરશે, તેમનું સન્માન કરવાનો વિરોધ કરશે. તમે કુંભના મેળામાં જઈને જોઈ આવો. એનાથી સ્પષ્ટ ખ્યાલ આવી જશે કે, આપણી પાસે વિવેકશીલતાના અભાવનું કોઈ સમાધાન નથી.

લોકો વારંવાર અમારી પાસે આવીને પૂછે છે, ગુરુજી, મોંઘવારી કેટલી વધી ગઈ છે ? એની અસર મેળાઓ ઉપર પણ પડી છે. અત્યારે તમે હરિદ્વાર, ઋષિકેશ અને હરકીપૌડી ઉપર કેવી હાલત છે તે જોઈ આવો. લાખો માણસો આવે છે, ગયા વરસે પણ આવ્યા હતા ત્યારે પણ મોંઘવારી હતી. આ સાલ પણ આવવાના છે. ભવિષ્યમાં એનાથીયે વધુ માણસો ઊમટશે. લોકોની સંખ્યા ઘટવાનું કારણ શું ? કુંભના મેળામાં જનારા લોકો ઘટવા કેમ માંડ્યા ? પહેલાં પચાસેક હજાર માણસો આવતા હતા, હવે પચીસ હજાર પણ માંડ આવે છે. કેટલાંય સ્નાનો ઘટી ગયાં. વસંતપંચમીનું સ્નાન બંધ થઈ ગયું. શિવરાત્રીનું સ્નાન બંધ થઈ ગયું. આમને આમ ચાર સ્નાન તો બંધ થઈ ગયાં. પચ્ચીસ હજાર માણસો પણ આવ્યા નહીં. એની વ્યવસ્થા પાછળ સરકારના ઢગલાબંધ રૂપિયા ખર્ચાઈ ગયા. હવે જોઈએ શું થાય છે ? હવે એક જ સ્નાન બાકી રહે છે અને તે આવતી પહેલી તારીખે આવે છે. તેમાં પણ તમે જોજો કે, દસેક હજારની ભીડ માંડ થશે. થોડાઘણા માણસો આવશે, તે પણ તેરમી તારીખે જ્યારે કુંભનો મેળો છે ત્યારે આવશે. તેમાં થોડીઘણી મેદની ભેગી થવાની સંભાવના છે. બસ, તે પછી ધીમેધીમે બધું ઓસરવા માંડશે. આમ બનવાનું કારણ શું ? જુના જમાનામાં કુંભના મેળામાં ભારતભરના સંતો ઊમટી પડતા. બધા ઋષિઓ અને બ્રાહ્મણો વગેરે પણ આવતા અને એક મોટું સંમેલન ભરાતું. તેમાં ગોષ્ઠિઓ. સભાઓ અને અધિવેશનોનાં આયોજન થતાં. આવાં અધિવેશનોનો હેતુ આધ્યાત્મિક રહેતો. એ કોઈ નાનાસૂના અધિવેશનો નહોતાં. પરંતુ ખૂબ વિશાળ અને વ્યાપક સંમેલનો ભરાતાં. તેમાં દરેક ઋષિ, સંત, મહંત, બ્રાહ્મણ, મહાત્મા, પંડિત વગેરે વિચારોની આપ-લે કરતા. એમનો મુખ્ય મુદ્દો એ રહેતો કે,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આજકાલ માનવસમાજમાં ઘટી રહેલી આધ્યાત્મિકતા અને આસ્તિકતાનું સમાધાન શું છે ? અને એ માટે આપણે શું કરી શકીએ ? ખૂબ મોટા અને મહત્ત્વના નિર્ણયો લેવાતા. લોકો આવા પ્રસંગે મળતા-હળતા અને ખૂબ મોટું કામ કરતા. એને વૈચારિક યજ્ઞ કહી શકાય. એ આપણી દર બાર વરસે ભરાતી ધર્મસંસદ હતી. એક વાર હરિદ્વારમાં, એક વાર નાસિકમાં, એક વાર પ્રયાગમાં અને એક વાર ઉજ્જૈનમાં આવી ધર્મસંસદ ભરાઈ હતી. આમ જે રીતે અખિલ ભારતીય કૉંગ્રેસનાં અધિવેશનો ભરાય છે તે રીતે ભારતના ચારેચાર ખૂણે આવી સંસદ વારાફરતી ભરાતી.એવા કુંભમેળામાં દેશના ખૂણેખૂણેથી લોકો આવતા, સ્નાન કરતા, વિચારવિનિમય કરતા. પરંતુ હવે એ વાત પૂરી થઈ ગઈ. હવે એવી પ્રથા-પરંપરાઓ સમાપ્ત થઈ ગઈ. હવે કેવી પરંપરાઓની શરૂઆત થઈ છે ? કે સૌથી પહેલાં કુંભસ્નાન કોણ કરશે ? પહેલાં બાપજી નાહય કે પહેલાં અઘોરી નાગાબાવા નાહય ? વૈરાગીઓએ સાવ છેલ્લે નાહવાનું. નાગાબાવાએ પહેલાં શું કામ નાહવું જોઈએ ? વૈરાગીએ નાગાબાવાને કહેવું જોઈએ કે, તમે તો નગ્ન છો અને ઠંડી લાગી જશે, માટે આઘા રહો. નાગાબાવા ક્યારેય એમ નહીં કહે કે તમે પહેલાં નાહી લો, અમે પછી નાહીશું. અમારે શું ચિંતા ? અમે તો નાગાબાવા છીએ. અમારે ને ઠંડીને વળી શું લેવાદેવા ? પરંતુ એમ થતું નથી. તેઓ કહે છે તમે વૈરાગી છો અને વસ્ત્રધારી છો તેથી તમારે કપડાં સુકવવાં પડશે. અમારી પાસે તો વસ્ત્રો નથી. તેથી ધોવા સુકવવાની પળોજણ નથી. તેથી અમને પહેલાં નાહીને જતા રહેવા દો. તમે પછી નાહજો. આમ સ્નાનની બાબતમાં ક્યારેક ક્યારેક સાધુબાવાઓમાં એકબીજાના માથાં ફોડી નાખે તેટલી હદે તકરાર થાય છે. કુંભમાં સૌથી પહેલો નાહશે તો નાગો બાવો જ નાહશે. જો કોઈ વૈરાગી નાહશે તો એનું કચુંબર બનાવી નંખાશે. નાગાબાવા કહેશે કે પહેલાં અમે નાહીશું. જો તમે પહેલાં નાહશો તો મુશ્કેલીમાં મૂકાશો. વૈરાગીઓ કહે છે કે, અમે પહેલાં આવ્યા છીએ એટલે અમે પહેલાં નાહીશું. આમ પહેલાં નાહવાની હોસાતુંસીમાં તકરાર કરનારા બાપજીઓને પ્રણામ ! અમારે પહેલાં નાહવું છે અને અમે પહેલાં જ નાહવાના. આવા બાપજીઓમાંથી કોઈને જરાય શરમ જેવું હોતું નથી. તેઓ પહેલાં તો કોથળા કે કામળા ઓઢીને પડ્યા રહે છે. ઉનાળાના દિવસોમાં દુપટ્ટા વડે શરીરને તાપથી બચાવે છે, પરંતુ જ્યારે ગંગાસ્નાન માટે આવે છે ત્યારે હજારો લાખો સ્ત્રીઓ, બાળકો કે કન્યાઓની વચ્ચે લંગોટીભેર નીકળતા કે સાવ નાગા થઈને નીકળતાં જરાય શરમ નથી આવતી. ઉપરથી પાછા બાપજી કે સંત બનીને લોકોમાં પૂજ્ય હોવાનો ડોળ કરતા હોય છે. તેમને શરમ આવવી જોઈએ. મિત્રો ! આ રીતે પ્રજાના મનનું સમાધાન ક્યાંથી થઈ શકે ? અને જો જનતાના મનનો ખુલાસો નહીં થાય તો તે તેમને મારી નાખશે. જનતા તેમને જીવવા નહીં દે અને તેમને નમવાનું કે સાંભળવાનું બંધ કરી દેશે અને કહેશે કે, ફલાણા બાપજીથી ચેતતા રહેજો.

મિત્રો ! આનાથી શું વળશે ? જો આપણે આધ્યાત્મિકતાનો મર્મ નહીં સમજીએ તો ઊલટાનું ઉપેક્ષા અને અંધશ્રદ્ધાનું વાતાવરણ ઊભું થઈ જશે. એટલા માટે અમારે શિખા અને યજ્ઞોપવીતની સમજણ આપવી પડશે કે, તેમના ઉદ્દેશ્યો અને પ્રેરણાઓ ક્યાં છે ? તેનો પ્રકાશ શું છે ? બુદ્ધિજીવી જનતા ટોળાબંધ ઉમટી આવે છે અને દરેક વાતમાં કેમ ? અને શા માટે ? એવા પ્રશ્નો પૂછે છે. જનોઈ વિષે, યજ્ઞોપવીત સંસ્કાર બાબતે તમારે તેમના આવા પ્રશ્નોના ઉત્તર આપવા પડશે. ગાયત્રીમંત્ર અને યજ્ઞની વ્યાખ્યા કરવી પડશે. હાલ તુરત અમે જનોઈ અને શિખા વિષે અમારું મંતવ્ય પ્રગટ કરવાનું મોકૂફ રાખીએ છીએ. હાલ તુરત તો આપણે આ સવાલોના જવાબ આપીને હિન્દુ ધર્મના આધારસ્તંભોની સ્થાપનાના માધ્યમ વડે દરેક માણસના હૃદયમાં, દરેક માણસના કાળજામાં, દરેક માણસના હૈયામાં હિન્દુ સભ્યતા અને સંસ્કૃતિ પ્રત્યે નિષ્ઠા ઉત્પન્ન કરવી પડશે. આપણાં શાસ્ત્રોમાં કર્મકાંડો લખાયેલાં છે. જો તમે એની સમજણ કેળવશો નહીં તો એ નામશેષ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થઈ જશે. આ સત્ય તમારે જાણવું જ જોઈએ.

જ્યારે અમે યજ્ઞની વ્યાખ્યા કરીએ છીએ ત્યારે તમે કહો છો કે, ગુરુજી, આપ યજ્ઞની વ્યાખ્યા શું કામ કરો છો ? તમતમારે ફટાફટ યજ્ઞ કરાવવા માંડો અને તડાતડ આંસૂ પડાવવા માંડો. અમે વ્યાખ્યા શું કામ કરીએ છીએ ? બેટા, જો અમે વ્યાખ્યા ન કરીએ તો લોકો આપણને યજ્ઞમાંથી ઉપાડીને ફેંકી દેશે. તાજેતરમાં આપણે ત્યાં મથુરાના એક વકીલે પોતાની એમ.એ. પાસ છોકરીનાં લગ્ન પરદેશથી ભણીને આવેલા એક યુવાન સાથે નક્કી કર્યાં. જાન આવી અને તેમણે ખૂબ ધામધૂમથી લગ્ન કરાવ્યાં. જ્યાં વિવાહસંસ્કાર થતા હતા, ત્યાં યુવક-યુવતી બંને બેઠા હતા. ચોરીના ફેરા ફરવાના બાકી હતા. પુરોહિતો મોટા અવાજે શ્લોકો બોલતા હતા અને કહેતા હતા કે, ચોખા રાખો, હાથ પકડો. ચોખા અગ્નિમાં પધરાવી દો. દીવાને પગે લાગો. અહીં અઢી રૂપિયા દક્ષિણાના મૂકો, ત્યાં એક રૂપિયો મૂકો અને ત્યાં બે રૂપિયા દક્ષિણા મૂકો. યુવકે કહ્યું - ''પંડિતજી, ખોટું ના લગાડો તો એક વાત પૂછું ?'' 'હા, બેટા જે પૂછવું હોય, તે પૂછો.' આ બધું તમે શું બોલી રહ્યા છો તે અમારી સમજમાં તો જરા પણ આવતું નથી અને આ પુરોહિત લાંબા સમયથી જે કાંઈ બોલી રહ્યા છે તેમાં પણ અમને કાંઈ ખબર પડતી નથી. પુરોહિત બહુ સમજુ હતા. તેમણે કહ્યું - 'અમારે જે કાંઈ કહેવું છે તે અમે સંસ્કૃતમાં કહી રહ્યા છીએ. તમારે જે પ્રતિજ્ઞા કરવાની છે, તમારે દેવતાઓને જે ખાતરી આપવાની છે અને તમારે તમારી પત્નીને જે વચનો આપવાનાં છે તે સઘળું અમે સંસ્કૃતમાં કહી રહ્યા છીએ. યુવકે કહ્યું, સારું બાપજી, અમે સમજી ગયા. કોઈ કચેરીમાં વકીલ સાક્ષી કે જુબાની આપે તેમ તમે અમારા તરફે જુબાની આપી રહ્યા છો.' 'હા, બેટા, હવે તું બરાબર સમજ્યો. અમે તારી તરફે વકીલ છીએ. મુખ્તિયાર છીએ અને અમે તારી તરફે ચર્ચા કરી રહ્યા છીએ. જુબાની આપી રહ્યા છીએ અને તું ચૂપચાપ બેઠો છે અને આ પુરોહિત શું કરે છે ? જે નિયમો કે પ્રતિજ્ઞાઓ દંપતીએ પાળવાની છે તે તો પંડિતજી કહી રહ્યા છે. તો પછી આ કન્યા ? આ કન્યા અહીં જ બેઠી રહેશે અને અમે તેના ગુરુ છીએ. અમે તેના વકીલ છીએ અને અમે તમારા વતી તમે આમ કરશો ને તેમ કરશો એવું કહી રહ્યા છીએ.' 'સારું પંડિતજી, હવે અમે સમજી ગયા અને તમે અમને સમજણ પાડી તે માટે અમે તમારા આભારી છીએ.'

તેણે યુવતીને કહ્યું, 'ચાલ આપણે એક કામ કરીએ. હું તને બહાર ફરવા લઈ જાઉં અને આપણા લગ્ન માણવા આવેલા લોકોને મળતા આવીએ. આપણે એમની આગતાસ્વાગતા કરીશું.' અને પછી પંડિતજીને કહ્યું, 'હવે શું કામ બાકી છે ?' પંડિતજી બોલ્યા, 'બસ બેટા, હવે જરાક જ કામ બાકી રહ્યું છે. ચોરીના ચાર ફેરા ફરવાના બાકી છે અને પ્રદક્ષિણા કરવાની છે. બાકી બધું પૂરું થઈ ગયું છે.' 'તો પછી પંડિતજી એક કામ કરો. તમે લોકો એકબીજાનો હાથ પકડીને ફેરા ફરી લો અને વિવાહ કરી લો. જો તમે અમારી બદલે પ્રતિજ્ઞાઓ લઈ શકો છો, તો પછી અમારી બદલે ફેરા ફરવામાં શો વાંધો ? તમે એકબીજાનો હાથ પકડીને બાકીની વિધિ આટોપી લેજો અને અમને જવા દો !' વાત આમ તો મજાકની હતી પણ અમે તેને બહુ ગંભીરતાપૂર્વક લીધી છે. આપણે આપણા બાળકોને આપણા કર્મકાંડોની પાછળ કેવાં કેવાં રહસ્યો છૂપાયેલાં છે તેની જાણકારી આપવા વિષે અમે ખૂબ મનોમંથન કર્યું છે. કર્મકાંડનો, તેના વિધિનો, હવનનો, આ બધાનો ઉદ્દેશ્ય શું છે ? એમાં ઘી શું કામ નાખવામાં આવે છે ? સમિધ શા માટે નાખવામાં આવે છે ? હવનસામગ્રી શા માટે હોમવામાં આવે છે ? આરતી શા માટે ઉતારવામાં આવે છે ? ઘી વાળા હાથ ગરમ કરીને મસળવાનો હેતુ શો ? ભસ્મ શું કામ લગાવવામાં આવે છે ? મિત્રો ! જો આ બધા કર્મકાંડોનું શિક્ષણ આપણે આપણી આવતી પેઢીને આપવામાં નિષ્ફળ જઈશું તો બરાબર અમે હમણાં વર્ણવેલી એમ. એ. પાસ કન્યા જેવી હાલત થશે. જો તમે આ બધી બાબતો સમજાવશો નહીં તો તમારી હાલત પણ પેલા પુરોહિત જેવી થશે. એટલા માટે તમારે આ બધી બાબતો સમજાવવી પડશે, શીખવાડવી પડશે. આપણે સંન્યાસનું મહત્ત્વ સમજાવવું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પડશે કે માણસે શું કામ સંન્યાસી બનવું જોઈએ ? અને એ શા માટે સંન્યાસી બને છે ? તે સમજાવવું પડશે. સંન્યાસીએ શું શું કરવું જોઈએ ? અને તે શું શું કરી રહ્યો છે ? સંન્યાસીની સ્પષ્ટ વ્યાખ્યા લોકો સુધી નહીં પહોંચાડીએ તો તમે જોશો કે આ કુંભમેળામાં તો પચ્ચીસ હજાર માણસો આવ્યા છે, પરંતુ આવતા કુંભમેળામાં તો પાંચ હજાર માણસો પણ નહીં આવે. સરકારી પોલીસો, સરકારી સફાઈ કામદારો અને તાવ બીમારીની રસી મુકનારા સરકારી કર્મચારીઓ સિવાય કોઈ જોવા નહીં મળે. કોઈ આવશે નહીં અને કહેશે કે, એવા ગાંડાઓને જોવા જવાની શી જરૂર છે ? આ નાગા બાવા, આ ચોબાઓ કે આ પંડાઓ - જે બધા શહેરોમાં રહે છે અને સડકો ઉપર ઉઘાડા ફરે છે તેને જોવા જવાની શી જરૂર છે ? એના કરતાં તો પેલા લૂલા-લંગડા, કોઢિયા અને રોગી સારા. લોકો તેમને જમાડે છે. ખરેખર તો એ જ સાચી સમાજસેવા છે. જેમાં જનતાની ભલાઈ સમાયેલી હોય તે જ સાચી લોકસેવા કહેવાય. બાકી જે ભજનો ગાય છે, ધ્યાન કરે છે એ લોકો લોકસેવક છે એવું નથી. તેમને ભજન કરવું હોય તો પોતાને ઘેર જઈને કરે બાકી જે માણસ પોતાની મહેનતની કમાણી ખાય છે તે જ સ્વર્ગપ્રાપ્તિ કે મોક્ષપ્રાપ્તિનો અધિકારી છે. જો તમે મહેનત કરશો તો જ તમને વૈકુંઠ મળશે, તો જ તમને સ્વર્ગ મળશે, તો જ તમને મોક્ષ મળશે તો જ તમને સિદ્ધિ મળશે, તો જ તમને ચમત્કાર મળશે અને તો જ તમને ગૌરવ મળશે. માટે હવે ભજનો ગાતાં રહીને મફતમાં ભોજન ખાવાનું અને પૈસા કમાવાનું છોડી દો. હવે આવું બધું ચાલે તેમ નથી.

એટલા માટે મિત્રો, આગામી દિવસોમાં શેની સ્થાપના થવાની છે ? તેની વાત કરીએ. આગામી દિવસોમાં વિવેકશીલતાની સ્થાપના થવાની છે. અમે એની સ્થાપના કરતાં ડરવાના નથી. અમે ચર્ચા કે વિખવાદ કરનારાથી ડરતા નથી. પણ અમને સૌથી મોટો ભય સાવ જડ બની ગયેલા માણસોનો છે. જેની બુદ્ધિ રૂઢિવાદના રંગે રંગાઈ ગઈ છે અને જેના મનમાં શું કામ ? અને શી રીતે ? એવા સવાલો ઉત્પન્ન થતા નથી, એનો અમને ખૂબ ભય લાગે છે. અમને સંતમહાત્માઓની નિંદા કરનારા કે તેમની સામે સવાલજવાબ કરનારાઓનો ભય નથી કારણ કે અમારી પાસે તેનું હૈયુ હચમચાવી મૂકે તેવા અને તેનું મગજ ફેરવી નાખે તેવા જડબેસલાક જવાબો છે. અમારી પાસે જબરજસ્ત દલીલો છે. મિત્રો ! અમારી પાસે દરેક માણસને વાસ્તવિકતાનું ભાન કરાવવા માટે અને દરેક માણસની દલીલોના ખંડન માટે તર્કો છે. એટલા માટે અમે, જ્યાંથી તેનું રોવાધોવાનું શરૂ થાય છે ત્યાંથી વાતની શરૂઆત કરીશું. જે પેલો તે પ્રશ્ન પૂછશે કે શિખાથી શું ફાયદો ? હવે એણે ઘણા સવાલો કર્યા. હવે અમે તેની વાતનો જવાબ આપીશું. હવે અમારો વારો આવ્યો છે. હવે અમે જવાબ દઈશું. હવે અમે એ સાબિત કરીશું કે જનોઈ શું કામ પહેરવી જોઈએ ? જનોઈથી શું થઈ શકે ? તેના માધ્યમથી હિન્દુ સંસ્કૃતિની, હિન્દુ ધર્મની સ્થાપના કરીશું. તેના વિચારો અને પ્રેરણાઓને ઘેરઘેર પહોંચાડીશુ, દરેક માણસ સુધી પહોંચાડીશું. આખા ભારતમાં અને આખા વિશ્વમાં આપણા હિન્દુ ધર્મનું જે માન હતું, જે ગૌરવશાળી પરંપરાઓ હતી તેની પુનઃસ્થાપના કરવા માટે અમે અને તમે કદમ મિલાવીને સાથે ચાલીશું.

એના માટે શું કરવું જોઈશે ? આપણે તેના આધારસ્તંભની સ્થાપના કરવી જોઈશે. આપણે તેનાં પ્રતીકોની સ્થાપના કરવી જોઈશે. પ્રતીકોની સ્થાપના કર્યા બાદ તેની વ્યાખ્યા કરવાનું શરૂ કરીશું. તેનું વિવેચન કરવાનું શરૂ કરીશું. ત્યાર બાદ નિષ્ઠા અને શ્રદ્ધાને દૃઢ બનાવવાનું શરૂ કરીશું. આ અમારા ગાયત્રીમંત્ર અને ગાયત્રીયજ્ઞના અભિયાનનો એક અંશ જ છે, જેને અમે શિખા અને જનોઈના આંદોલનરૂપે ચલાવીએ છીએ તેને અમે ગાયત્રીમંત્ર અને ગાયત્રીયજ્ઞ સાથે સાંકળી રાખ્યા છે. તમારે આખાય ભારતમાં અને આખા જગતમાં શિખા અને જનોઈની સ્થાપના કરવા માટે કટિબદ્ધ થવું જોઈશે. તેના માટે આપણે કમર કસીને આગળ વધે જ છૂટકો.

આજની વાત અહીંથી સમાપ્ત.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# પરિજન આ દિવસોમાં આત્મનિર્માણમાં લાગે

''પોતાનો સુધાર સંસારની સૌથી મોટી સેવા છે.'' આ ઉક્તિનો ઈશારો આત્મનિર્માણથી લોકમંગળ તરફ છે. આ લોકસેવાના ક્ષેત્રમાં કાર્ય કરનાર પ્રત્યેક સાધક માટે આવશ્યક જ નહીં અનિવાર્ય પણ છે. જે દીપક સ્વયં જ બુઝાયેલ હોય તે ન સ્વયં પ્રકાશિત થઈ શકે અને ન તો બીજા દીપકને પ્રગટાવી શકે છે. વિશિષ્ટ કાર્ય હંમેશા વિશિષ્ટ વ્યક્તિ દ્વારા સંચાલિત, સંપાદિત તથા ક્રિયાશીલ થતા હોય છે. પરમ પૂજ્ય ગુરુદેવે ૨૪ વર્ષની કઠોર તપશ્ચર્યા દ્વારા પ્રચંડ આત્મશક્તિ પ્રાપ્ત કરી અને તેને યુગ પરિવર્તનની વિશ્વ કલ્યાણકારી યોજનામાં નિયોજીત કરી, તેમણે સમાજને ઈશ્વરીય ઉદ્યાન માન્યો તથા પોતાની માર્ગદર્શક સત્તાના નિર્દેશાનુસાર 'વાવો અને કાપોનો' સિદ્ધાંત અપનાવ્યો. તેના પરિણામ રૂપે આજે વિરાટ ગાયત્રી પરિવાર વિશ્વવ્યાપી સંગઠન છે.

મકાઈનું વાવેલું એક બીજ જ્યારે ફળે છે તો એકના બદલે વધુ પ્રમાણમાં મળે છે. દ્રૌપદીએ થોડા ટુકડાનો સદુપયોગ કર્યો તો હજારો સાડીઓના રૂપમાં વળતર મળ્યું. જે મેળવવાનું હોય તેને પહેલા વાવવું પડે છે. ઈશ્વરીય વ્યવસ્થા એવી છે કે પહેલા વાવવામાં આવે પછી કાપવામાં આવે. પહેલા કાપી લો પછી વાવો એ અસંભવ છે. પૂજ્યવરે એ બતાવ્યું છે કે શરીર, બુદ્ધિ અને ભાવનાઓ જે ક્રમબદ્ધ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરની સાથે ભગવાને બધાને આપ્યું છે. ધન ક્યાંતો પોતાનું કમાયેલું હોય છે ક્યાં તો પૂર્વજોએ સંગ્રહેલ સંપત્તિ જવાબદારીના રૂપમાં મળે છે.

પરમ પૂજ્ય ગુરુદેવે પોતાના શરીરથી અસાધારણ કાર્ય લીધું છે. તેમણે ૮૦ વર્ષના જીવનમાં વિભિન્ન સ્તરે એટલું કામ કર્યું છે જેને તોલ-માપમાં લઈએ તો ૮૦૦ વર્ષથી ઓછામાં સંભવી ન શકે. તેમનો આજો સમય નવસૃજનની એકથી એક વધુ સફળ ભૂમિકાઓ બનાવવામાં લાગ્યો છે. તેમનો સમય નિષ્ક્રિય નિષ્પ્રયોજન કદી નથી રહ્યો. બુદ્ધિને તેમણે ભગવાનના ખેતરમાં વાવી તો તે અસાધારણ પ્રતિભા બની પ્રગટ થઈ . એટલુ વધુ સાહિત્ય લખ્યું છે, જે ઉચ્ચ કોટીનું છે. તેમની બુદ્ધિ લોક મંગળની વિદ્યાઓ વિનિર્મિત કરવામાં જ નિરંતર લાગેલી રહી. પડેલાને ઉઠાવવામાં, પાછળ રહેલાને આગળ વધારવાની જ ભાવનાઓ સતત ઉમટતી રહી. આ રીતે તેમની ભાવનાઓ હંમેશા વિરાટ માટે જ લાગેલી રહી. તેમને આ વિરાટ સ્વરુપ નો બોધ કરાવ્યો હતો. ભગવાન રામે પારણામાં પડયા પડયા માતા કૌશલ્યાને પોતાનું આ રૂપ બતાવ્યુ હતું. અને કાકભુશંડીપણ આ રૂપ જોઈ ધન્ય થયા હતા. પરમ પૂજ્ય ગુરુદેવ એ કહ્યા કરતા હતા કે અમે જેટલો પ્યાર લોકોને કર્યો છે તેનાથી સો ગણી સંખ્યામાં લોકો અમારી ઉપર પ્યાર લુંટાવતા રહયા છે. નિર્દેશો પર ચાલતા રહયા છે અને નુકશાન ઉઠાવામાં તથા કષ્ટ સહેવામાં પાછળનથી રહયા. પૂજ્યવરે જ્યારે પ્રજ્ઞાપીઠ શક્તિપીઠ બનાવવાનો આદેશ કર્યો તો બે વર્ષની અંદર ૨૪૦૦ શક્તિપીઠોની ભવ્ય ઈમારતો ઊભી થઈ ગઈ, જેની કિંમત આજે કરોડોમાં છે.

પૂજ્યવરે પોતાની પૂર્વજ સંપત્તિ,જમીન જાયદાદ ને વેચી વધી રકમ જન્મભૂમિ આઁવલખેડા માં હાઈસ્કૂલ ઈન્ટર કોલેજ અને હોસ્પીટલ બનાવવામાં લગાવી દીધી. બાકી રકમ ગાયત્રી તપોભૂમિના નિર્માણના શુભારંભમાં લગાવી. આ તેમને વાવેલી સંપત્તિ છે. જે દેશભરમાં પાઁચ હજારથી બધુ પ્રજ્ઞા સંસ્થાન તથા શાંતિકુંજ બ્રહ્મવર્ચસ, ગાયત્રી તપોભૂમિની આટલી વિશાળ ઈમારતોના રૂપમાં ફળિત થઈ ગઈ.

અમે અમારા પરિજનોથી પણ એ અપેક્ષા રાખીએ છીએ કે આવા જ આદર્શોમાં પોતે પોતાને ઢાળવાનો ઘડવાનો પ્રયત્ન કરે. સયમને શ્રમને, બુદ્ધિને અને ભાવનાને ગુરૂસત્તાની ઇચ્છાને અનુરુપ લોક કલ્યાણનું લક્ષ્ય બનાવીં નિયોજીત કરો. સપ્તસૂત્રી ક્રાંતિ ના અંતર્ગત બધા કાર્યક્રમોમાં જન અભિરુચિ પેદા કરો. આ જનસેવાથી વધીને બીજો કોઈ યુગ ધર્મ નથી. તેના માટે જ સમય શ્રમ, પ્રતિભા, ભાવના તથા ધનનો ઉપયોગ કરવામાં આવે. લોકમંગલનું કાર્ય નુકશાનીના સોદા જેવું લાગે છે. વાસ્તવમાં આ કાર્ય અલૌકિક લાભ આપનાર છે. આ લાભોને જન્મ જન્માતરો સુધી શ્રેય, સંતોષ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સૌભાગ્યના રૂપમાં મેળવી દરેક ભાગીદાર ભાગ્યશાળી કહેવાશે, આ પ્રકારની સુદ્રઢ મનોભૂમિ વિકસિત કરવામાં આત્મ સાધના જ સહાયક થશે. તેથી પૂજ્યવર દ્વારા બતાવેલ સાધના પ્રત્યેક પરિજને કરવી જોઈએ. આ સાધનાને પોકેટ સાઈઝ પુસ્તિકામાં પણ પ્રકાશિત કરેલ છે. પુસ્તિકાનું નામ ''એકવીસમી સદીની યુગ સાધના'' આ પુસ્તિકાનું મૂલ્ય ૧.૫૦ રૂા. છે. પરિજન વધુમાં વધુ સંખ્યામાં મંગાવી વિતરિત કરે. આ સાધનામાં પોતાના સ્થૂળ, સૂક્ષ્મ તથા કારણ શરીર સુધાર તથા તેમની ક્ષમતાઓને આદર્શોન્મુખ બનાવવાની વિદ્યા બતાવી છે. તેનાથી નિત્ય ઈશ્વર સાનિધ્ય તથા અનુદાન પ્રાપ્તિનો લાભ મેળવો. આત્મબોધ અને તત્વબોધની આ સાધનાથી પોતાના સૃજનહારની ધરોહરના રૂપમાં આ માનવ તન સદુપયોગ તથા લક્ષ્ય પ્રાપ્તિ તરફ સાધકને સફળતા મળતી જશે. પ્રાતઃકાળ જાગતા જ પથારીમાં બેસી રહો. આંખો બંધ રાખો. ભાવના કરો કે આજે મારો નવો જન્મ થયો. આ જીવન એક દિવસનું છે આ એક દિવસના જીવનનો સારામાં સારો ઉપયોગ કરવો છે. જેથી અમે રાત્રે સૂવા જઈએ ત્યારે પોતાના પર ગર્વ કરી શકીએ કે અમે પોતાના જીવનનો સદુપયોગ કર્યો. પછી ભાવના કરીએ કે એક જ દિવસનું જીવન છે તો શ્રેષ્ઠ મહાપુરૂષો જેવું જીવન કેમ ન જીવીએ? સન્માર્ગ પર કેમ ન ચાલીએ? જીવનની પ્રત્યેક પળ અને પ્રત્યેક ભાવના, ચેષ્ટા સત્ માટે સમર્પિત થવી જોઈએ. નિશ્ચય કરો કે પોતાની ઈન્દ્રિયોનો પણ સદુપયોગ કરશો. નેત્રોથી નારી માત્રને '' માતૃ-વત્ પરદારેષુ'' ની દૃષ્ટિથી જોઈશું જેવી રીતે અર્જુન, છત્રસાલ, શિવાજી અને વિવેકાનંદે પવિત્ર દૃષ્ટિનો આદર્શ પ્રસ્તુત કર્યો છે. કાનોનો સદુપયોગ સારી વાતો સાંભળવામાં જ કેમ ન કરીએ ? મુખથી બીડી, સિગારેટ, શરાબ, ગુટકા તથા માંસાદિ જે શરીર, સ્વાસ્થ્ય અને માનવીય મર્યાદાઓથી વિપરીત છે. એવા ભક્ષ્ય પદાર્થનું સેવન નહીં કરીએ. મુખથી મધુરવાણી બોલીશું તથા બીજાને સત્ વિચાર આપવાનું કાર્ય કરીશું. હાથોથી પરિશ્રમ સેવા સત્કાર્ય કરીશું. જયારે એક દિવસનું જીવન છે. તો બુરી ભાવનાઓ કેમ રાખીએ? સમાજના અમારા પ્રત્યેના ઉપકારોને સમાજ સેવા કરી ચુકવીશું. પથારીમાં બેંઠા બેંઠા જ ભાવનાત્મક પવિત્રીકરણ કરવું જોઈએ. ભાવના કરો કે અમારા પર અમૃત વર્ષા થઈ રહી છે. અંતઃકરણ ના સમસ્ત કલેશ,કંકાસ, આળસ અસંયમ રૂપી ગંદકી નષ્ટ થઈ રહી છે. ધોલાઈ સફાઈ થઈ રહી છે. સ્થૂળ શરીર સ્વસ્થ સબળ, ઓજસ્વી થઈ રહયું છે. સ્ફૂર્તિ અને કાર્ય ક્ષમતા વધી રહ્યા છે.

સૂક્ષ્મ શરીરથી મનના વિકાર ધોવાઈ નષ્ટ થઈ રહ્યા છે, બુદ્ધિ સુધરી રહી છે. મન શુદ્ધ થઈ રહ્યું છે, વિચાર ઉચ્ચ થઈ રહ્યા છે વિવેકશીલતા, દૂરદર્શિતા વધી રહ્યા છે.

કારણ શરીરમાં ભાવનાઓ પવિત્ર થઈ રહી છે. અંતઃકરણના દ્વેષ-દુર્ભાવ, ઈર્ષ્યા, અનાસ્થા, ઘૃણા સર્વે ધોવાઈને નષ્ટ થઈ રહ્યા છે. આત્મીયતા, સહકારિતા, સજ્જનતા, વિનમ્રતાની ભાવનાઓ ઉદ્ભવી રહી છે.

હવે ભાવના કરો કે સવિતાના સ્વર્ણિમ કિરણો નાભિચક્રમાં પ્રવેશ કરી રહ્યા છે. એનાથી આખું શરીર પ્રકાશવાન સ્વર્ણિમ થઈ રહ્યું છે. આ કિરણોથી ક્રિયાશીલતા, શ્રમશીલતા, સત્સાહસ, પરાક્રમના દૈવી ગુણ વધી રહ્યા છે, વિકસિત થઈ રહ્યા છે. સવિતાના સૂક્ષ્મ કિરણોનો સૂક્ષ્મ શરીરમાં, આજ્ઞાચક્રમાં પ્રવેશ થઈ રહ્યો છે. અમારું મસ્તિષ્ક પ્રકાશવાન થઈ રહ્યું છે. અજ્ઞાન નષ્ટ થઈ રહ્યું છે. સૂક્ષ્મ શરીરના દોષ લોભ, મોહ, સળગી નષ્ટ થઈ રહ્યા છે. ચિંતનમાં સુધાર થઈ રહ્યો છે. લોભ, મોહ જેવા દુર્ગુણ નષ્ટ થવાથી પરોપકાર, ત્યાગ, સેવાના વિચારોનું પોષણ થઈ રહ્યું છે.

હવે સવિતાના સ્વર્ણિમ કિરણો હૃદય ચક્રમાં પ્રવેશ કરી રહ્યા છે. હૃદયચક્ર પ્રકાશવાન થઈ રહ્યું છે. કારણ શરીરના દોષ અનાસ્થા, અવિશ્વાસ, રાગ-દ્વેષ નષ્ટ થઈ રહ્યા છે. કરુણા, મમતા, દયા, સદ્ભાવ ઉદારતા આદિ સદ્ગુણોની વૃદ્ધિ થઈ રહી છે.

આ ધ્યાન સાધના હંમેશા પ્રાતઃ જાગતા જ પથારી છોડતાં પહેલા ૧૦-૧૫ મીનીટમાં કરી લેવા જોઈએ. આ સાધના પછી દૈનિક કાર્ય કરવું તથા રાત્રે સુતા પહેલાં ૧૦-૧૫ મીનીટ તત્વબોધની સાધના કરવી, આ સાધનામાં એ ધ્યાન કરવું કે પરમાત્માએ આજના એક દિવસનું જીવન આપ્યું હતું તે પૂરું થયું. દિવસભર કરેલા કાર્યોનું વિશ્લેષણ કરવું. સારા કાર્યો માટે આત્મ સંતુષ્ટિ અને અજાણતા થઈ ગયેલ ભૂલને ભવિષ્યમાં ફરી એવી ભૂલ ન થવાનો સંકલ્પ કરવો. દિવસ ભરમાં કયાંય કોઈના મનને પીડા તો નથી પહોંચાડી, કોઈને અપશબ્દ તો નથી કહ્યા, આનું આત્મનિરીક્ષણ કરવું અને ભગવાનના ખોળામાં સૂઈ રહ્યા છો એવી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભાવના કરવી. શરીર નિશ્ચેષ્ટ પડયું છે અને અમે આત્માના રૂપમાં તેને નિહારી રહ્યા છીએ એ સાક્ષી ભાવ બનાવી જોતા રહો. એ રીતે દરેક દિવસે નવું જીવન, દરેક દિવસે નવું મોત ની ભાવ સાધના પ્રત્યેકે હંમેશા કરવી જોઈએ.

આ સાધના દ્વારા અસીમ શક્તિ અનુદાન મેળવતા રહો. પરમ પૂજય ગુરુદેવનું અનુદાન મેળવી આત્મક્ષમતાઓને તેમના નિર્દેશાનુસાર યુગ નિર્માણ યોજનાની ''સપ્ત સૂત્રી ક્રાંતિ'' ને તીવ્રતર બનાવવામાં લગાવો. સમય, શ્રમ, બુદ્ધિ, ભાવનાઓ તથા ધન એ સર્વે લોકકલ્યાણ નિમિત્તે કરનારા સૃજન સૈનિક કાર્યકર્તા અનેકગણું પુણ્ય પ્રતિફળ મેળવી કૃતાર્થ થશે એ સુનિશ્ચિત સમજો. આગળ દિવસોમાં આ ક્રાંતિ સમાજમાં સત્પ્રવૃત્તિઓના સુંદર ઉદ્યાનના રૂપમાં પ્રત્યક્ષ લહેરાતી દેખાય તો આશ્ચર્ય નહીં.

પાછલા ગાયત્રી જયંતી પર્વ પર ઘોષિત સપ્તસૂત્રી કાર્યક્રમની માર્ગદર્શિકાના રૂપમાં જ ''યુગ શક્તિ ગાયત્રી'' જૂન અંક ( ક્રાંતિ વિશેષાંક ) પ્રકાશિત કર્યો છે. પરિજન પોતાની પરિસ્થિતિઓ, ક્ષમતાઓના આધાર પર સુનિશ્ચિત કરી લે કે કયા રચનાત્મક સુધારાત્મક કાર્યક્રમોમાં યોગદાન આપવાના છો. ચિત્ર સ્થાપના, જ્ઞાનમંદિર સ્થાપના, ઝોલા પુસ્તકાલય ચલાવવું, જ્ઞાન રથ દ્વારા સાહિત્ય વિતરણ કરવું, આદર્શ વાક્ય દીવાલો પર લખવા, બાળ સંસ્કારશાળા, પ્રૌઢ શિક્ષા, વ્યાયામશાળા, વૃક્ષારોપણ, સાયકલ યાત્રા દ્વારા ધર્મ ચેતનાનું જાગરણ, સ્વચ્છતા સંવર્ધનમાં સમય, શ્રમ તથા ધનનું નિયોજન કરી શકો છો. ઘેર-ઘેર સંસ્કારોનું પ્રચલન તથા એક કુંડીય યજ્ઞ આયોજન એક-એક બુરાઈ છોડી અને સારું ધારણ કરવાની વ્રતશીલતા દ્વારા સત્પ્રવૃત્તિ સંવર્ધન કાર્યક્રમને ગતિ આપી શકાય છે. જન-જનમાં લોકસેવાની અભિરુચિ જગાવો અને સૃજનમાં લાગી જાવ. દુર્વ્યસનો ત્યાગી, નશા મુક્તિ દ્વારા આદર્શજીવન બનાવવાનું અભિયાન આ દિવસોમાં પૂરા મનથી પૂરી શક્તિ સાથે ચલાવો. વિવાહોને સાદગીપૂર્ણ, દહેજ રહિત સંપન્ન કરાવવા માટે નવયુવકોમાં જાગૃતિ પેદા કરવાની જવાબદારી પરિજનોની છે. નારી જાગરણ દ્વારા જ સમાજમાં પ્રગતિ, ઉન્નતિ સંભવ છે નહીં તો અડધી જનસંખ્યા અપગ જેવી રહેવાથી અસફળતા જ હાથ લાગશે. નારીને હંમેશા સમાજમાં સમાન અધિકાર તથા સન્માન મળવું જોઈએ. પરમ પૂજ્ય ગુરુદેવે એકવીસમી સદીને નારી પ્રધાન કહી છે. દરેક ક્રાંતિમાં નારીનું મહત્વપૂર્ણ સ્થાન રહ્યું છે.

પરિજનોને અમારો વિનમ્ર અનુરોધ છે કે વસંત પંચમી જેને પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક જન્મદિવસના રૂપમાં ગાયત્રી પરિવારના સર્વે પરિજન મનાવે છે આ શુભ દિવસે પૂજ્યવરે ૨૪ વર્ષીય કઠોર તપશ્ચર્યા પ્રારંભ કરી હતી. આ સ્તંભના અંતર્ગત પરિજનો માટે જે સાધના બતાવી છે તે વસંત પંચમીથી પ્રારંભ કરી દેશો. આ પર્વ પર પરિજન સામૂહિક રૂપથી જ્ઞાનયજ્ઞ વિસ્તારનો સંકલ્પ લઈ યુગ શક્તિ ગાયત્રી પત્રિકા જે બાળ, વૃદ્ધ, નવયુવક બધા વર્ગ માટે અત્યંત મહત્વપૂર્ણ છે તથા રોચક છે તેના ઓછામાં ઓછા ૨૪-૨૪ નવા સદસ્ય બનાવવાનો નિશ્ચય કરે. જે ભાઈ બહેન હરિદ્વાર કે મથુરા નથી આવી શકતા તે પત્રિકાના માધ્યમથી પૂજ્ય ગુરુદેવના વિચારોથી પ્રેરણા ગ્રહણ કરી પોતાનું જીવન સફળ બનાવી શકે છે. આ પત્રિકાને પ્રત્યેક વિદ્યાલય, હોસ્પીટલ, પુસ્તકાલય તથા મંદિરમાં લગાવવાનો પ્રયાસ કરવો જોઈએ. સમર્થ પરિજનોએ પોતાના ખર્ચથી પત્રિકા આ સ્થાનોમાં લગાવવી જોઈએ. પરિજનોને એ પણ અનુરોધ છે કે પત્રિકાનું વાર્ષિક લવાજમ પોતાની પાસે જમા કરી પોતાના સ્વજન, પ્રિયજન, મિત્ર તથા સંબંધીઓને આ પત્રિકા પહોંચાડી પોતાના સંબંધોમાં પ્રગાઢતા લાવવી જોઈએ. પરિજન જ્યાં પણ દીપયજ્ઞ, હવન અથવા સંસ્કાર કરાવે ત્યાં હાજર રહેલ ભાઈ બહેનોને યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના સદસ્ય બનવાની પ્રેરણા આપવી જોઈએ. રસીદબુકો અહીંયાથી મંગાવી પોતાની પાસે રાખે.

જે પરિજન ગાયત્રી જયંતી પર શપથ લઈને ગયા છે તે પોત પોતાના પ્રગતિ રિપોર્ટ મોકલતા રહે તથા પ્રદર્શનના કાર્યક્રમોમાં પોતાનો સમય વ્યર્થ ન ગુમાવે. ક્રાંતિની સફળતાને જ લક્ષ્ય બનાવો. પ્રદર્શનોમાં ધન, સમય અને શ્રમ ત્રણેય નષ્ટ થાય છે. આજે દેશભરમાં કેટલાય પ્રદર્શનાત્મક કાર્યક્રમ થાય છે. અમારો ઉદ્દેશ્ય પ્રદર્શનાત્મક નહીં, પ્રયોજનાત્મક હોવો જોઈએ. એનાથી પૂજ્યવરે બતાવેલ કાર્યક્રમ સફળ થશે અને ઘેર-ઘેર, ગામે-ગામે સુધી પહોંચી જન-જનમાં યુગ ચેતનાનો સંચાર કરી શકાશે. અમને વિશ્વાસ છે કે હવે દરેક પરિજન સમય, શ્રમ તથા બુદ્ધિનું સાચું નિયોજન કરશે. પ્રદર્શનના લાખો રૂપિયાનો અપવ્યય રોકી ધનને રચનાત્મક, સુધારાત્મક કાર્યક્રમોમાં લગાવશે.

**-પં૦ લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.